કિંમત રૂ. ૧૦–૦૦



શ્રી નારાયણમુનિ
શતાબ્દી મહોત્સવ
શ્રી પુરુષોત્તમ નારાયણ સત્સંગ મંડળ
ભાદરણ ૦ અમદાવાદ ૦ બાકરોલ

॥ શ્રી પ્રગટ પુરુષોતમનારાયણાય નમોનમઃ ॥

★

# શ્રી નારાયણ મુનિ શતાબ્દી મહોત્સવ

★

સુખ પડે તો આવજો પ્રગટ હું ભાદરણ ગામ



અક્ષરાતીત શ્રી નારાયણ મુનિ

---

-: સંપાદક :-

શ્રી પુરુષોત્તમ નારાયણ સત્સંગ મંડળ

ભાદરણ, અમદાવાદ, બાકરોલ

સંપાદક : શ્રી પ્ર. પુ. સત્સંગ મંડળ,
ભાદરણ-અમદાવાદ-બાકરોલ

પ્રકાશક : શ્રી પુરુષોત્તમ નારાયણ સત્સંગ મંડળ
(ભાદરણ-અમદાવાદ-બાકરોલ)

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૫૦૦૦

સને : ૧૯૯૩ સંવત : ૨૦૪૯

મુદ્રક : કૃતિ ઓફસેટ
'સમૃદ્ધિ' બીલ્ડીંગ,
હાઈકોર્ટ સામે,
અમદાવાદ-૧૪

# નિવેદન

"શ્રી નારાયણ મુનિ શતાબ્દી" નિમિત્તે શ્રી પ્રગટ પુરુષોત્તમના લાડીલા, પરમ ભગવદીય, પ્રેમી ભક્તોના કરકમળમાં પ્રસ્તુત પુસ્તિકા "શ્રી મુનિ લીલામૃત" મૂકતાં પ્રગટ પુરુષોત્તમ સત્સંગ મંડળ અત્યંત આનંદ અનુભવે છે.

શ્રી નારાયણ મુનિ શતાબ્દી મહોત્સવ એ પ્રવર્તમાન, પ્રગટના ભક્ત સમુદાય માટે અનેરો, અમૂલ્ય લ્હાવો છે. આ શતાબ્દીની યાદગીરી રૂપ આ પુસ્તકમાં શ્રી નારાયણ મુનિ મહારાજના જીવનની અને કવનની આછેરી ઝલક આપવામાં આવી છે.

ભગવાન સ્વામીનારાયણે વાવેલી અધ્યાત્મ વેલને અક્ષરરૂપ શ્રી ગુણાતીતાનંદ સ્વામી, શ્રી પ્રાગજી મહારાજ અને શ્રી પુરુષોત્તમ મહારાજે ભક્તિરસથી સિંચીને સદા હરિયાળી બનાવી, શ્રી પુરુષોત્તમ મહારાજના અંતર્ધ્યાન થયા બાદ તેમના દૈવી પુત્ર શ્રી નારાયણ મુનિ મહારાજે તે વેલને ભાદરણ મુકામે તપ, ત્યાગ અને તિતિક્ષાથી (સહનશીલતા) પૂર બહારમાં ખીલવી.

શ્રી નારાયણ મુનિએ પોતાના ભક્તજનોને અપાર સુખ અને વૈભવ આપ્યાં. આ લોકમાં અને પરલોકમાં સુખિયા થવાની ચાવીઓ બતાવી. સરસપુરના પરમમુમુક્ષુ શ્રી ડાહ્યાભાઈને પત્ર દ્વારા જ્ઞાનોપદેશ તેમજ પૂર્ણ પુરુષોત્તમને પ્રસન્ન કરવાના સાધન-માર્ગ બતાવ્યા. શ્રી મુનિ મહારાજની આજ્ઞાનું અક્ષરસહ પાલન કરી શ્રી ડાહ્યાભાઈએ પોતાનું ધ્યેય સિદ્ધ કરી લીધું. હરિને

રાજી કરી લીધા. આ રીતે શ્રી નારાયણ મુનિ મહારાજ સંવત ૨૦૧૦ના પોષ વદી ચોથને તા. ૨૩-૧-૧૯૫૪ના રોજ પુરુષોત્તમપણું કહેતાં સત્તાની પોટલી શ્રી ડાહ્યાભાઈને સોંપી અક્ષરનિવાસી થયા. ત્યારબાદ શ્રી ડાહ્યાભાઈ મહારાજે પણ એ આધ્યત્મવેલને ભક્તિરસ સિંચી અમરવેલ ચાલુ જ રાખી તે આજ દિન સુધી ચાલુ જ છે.

અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રી ડાહ્યાભાઈ મહારાજે શ્રી નારાયણ મુનિ મહારાજનું જીવનચરિત્ર, પ્રથમ વિભાગ, તેમાં શ્રી મુનિ મહારાજે સ્વરચિત લીલામૃતના અઢાર અધ્યાયમાંથી નવ અધ્યાય પ્રગટ કરેલા છે. જ્યારે બીજા નવ અધ્યાય બીજુ પુસ્તક 'શ્રી નારાયણ જ્ઞાન રસધારા'માં પ્રગટ કરેલા છે. આ સિવાય બીજા ભક્ત મંડળે પણ શ્રી નારાયણ મુનિનું જીવન ચરિત્ર છપાવ્યું તો છે જ. છતાં પણ આજના આ શતાબ્દી વર્ષની ઊજવણી નિમિત્તે નવોદિત સંતોને એમના જીવનને જાણવાની, માણવાની અને આત્મસાત્ કરવાની પ્રેરણા મળે એવી શુભેચ્છા સહિત આ પુસ્તક, પરમ સ્નેહી એવા ભક્ત સમુદાય માટે પ્રકાશિત કર્યું છે. મોક્ષમાર્ગના ઈચ્છુક પ્રવાસીને આ પુસ્તક પથદર્શક બનશે તો મુક્ત મંડળે આચરેલું આ પવિત્ર કાર્ય સફળ થયેલું ગણાશે.

મુનિ શતાબ્દી
૨૯-૪-૧૯૯૩

**સંપાદક**
શ્રી પુરુષોત્તમ નારાયણ સત્સંગ મંડળ
(ભાદરણ-અમદાવાદ-બાકરોલ)

# અનુક્રમણિકા


- શ્રી મુનિ લીલામૃત ૧
- શ્રી નારાયણમુનિ મહારાજના સ્વમુખની જ્ઞાનગંગા ૩૬
- શ્રી નારાયણ મુનિએ સ્વહસ્તે પત્ર દ્વારા હરિભક્તોને પાઠવેલ જ્ઞાનની વાતો ૪૩
- ડાહ્યાભાઈ મહારાજનું પ્રાગટ્ય ૫૬
- મંગલાચરણ ૬૧
- આરતી ૬૫
- ભજન ૬૭ થી ૫૨

**અ**

અક્ષરપતિ સાક્ષાત પધાર્યા.. ૬૭
અક્ષરથી આવ્યા મહારાજ... ૬૮
અક્ષરધામથી આવીયા રે.. ૧૧૯

**આ**

આવો મુનિ મહારાજ પ્રભુજી આવો... ૧૦૨
આવ્યો દિવસ આનંદનો.... ૧૧૮

**ગ**

ગલીએ ગલીએ બંસી વાગી તારી કનૈયા... ૧૪૯

**ચ**

ચાલોને સંતો દર્શને જઈ ભાદરણમાં... ૭૦
ચૂંદડી મેં તો ઓઢી રે વાલા તારા... ૭૧
ચાલ મારી બેની ઓ પેલો હૈયાનો... ૧૧૨

**છ**

છેડલો ઝાલ્યો રે મનનો માનીતો... ૮૬
છબી આનંદકારી શોભતી અલબેલા રે... ૧૪૦

**જ**

જેના મુખમાં નારાયણ નામ નથી... ૧૦૯
જયશ્રી પુરુષોત્તમ જયશ્રી મુનિ.. ૧૨૭

**ત**

તારું મુખડું સુંદર શોભે એ તો... ૯૬
તારી દિવ્ય મનોહર મૂર્તિનું હું નિશદિન... ૧૦૫
તારી મંગળકારી મૂર્તિનું હું અખંડ... ૧૦૬
તમે કૃપા કરી પ્રગટી મહારાજ મને... ૧૦૯
તારી મૂરતિમાં ચિત ચોટી જાય... ૧૨૩
તારી ભક્તિ કરું મૂરતિ દિલે ધરું... ૧૩૭
તમે પ્રગટ થયા છો આપે હો... ૧૪૪

**ધ**

ધર્મકુંવર શ્રીકૃષ્ણજી તમે ભક્તિપતિ... ૧૩૩

**ન**

નહિ રે ભૂલાય હો તારું લટકું.. ૬૯
નામ હરિનું તું લેને ભાઈ... ૮૫
નથી બીજી કોઈ એવા રે તમારા... ૧૧૩
નારાયણ મુનિ રે લાગો મને... ૧૩૦
નારાયણ મુનિ આવ્યા સંતોને... ૧૫૦

**પ**

પુરુષોત્તમ ભગવાન છે નારાયણ ભગવાન છે... ૮૭
પ્યારા પ્રભુ છે પ્યારી મૂરતિ રે લોલ... ૧૧૦
પ્રગટ પુરુષોત્તમની મૂરતિ રે કેવી મૂરતિ.: ૧૧૪
પ્રગટ્યા પ્રભુજી આજ નારાયણકુંજમાં... ૧૨૦
પ્રભુ મને તારો આધાર મારા જીવનમાં... ૧૨૪
પ્રેમી પુરુષોત્તમને મનથી વરું... ૧૨૯
પ્રાણજીવનજીની મૂરતિ રૂપાળી... ૧૪૨
પુરુષોત્તમ આવ્યા આંગણે... ૧૪૬
પ્રભુ તારા મુખડાની માયા લાગી રે... ૧૪૮

**ભ**

ભક્તોના સ્વામી શામળા... ૯૦
ભાદરણ ગામ સુંદર હરિઠામ... ૯૮

**મ**

માગેલો માગેલો દેજો જશોદા મૈયા... ૭૨
મૈં તો જોયો શામળિયો અક્ષરધામમાં... ૭૫
મલકાતી આવે મૂરતિ છલકાતું એનું.. ૭૮
મનમાં તારી મૂરતિ ધારી શ્રદ્ધા... ૮૩
મને વા'લો વા'લો લાગે મને પ્યારો... ૯૩
મને વા'લી લાગી ઉરમાંય મૂરતિ... ૯૭
મારે પ્રભુજી પધાર્યા મારે આંગણે રે... ૧૧૬
મને લગની લગાડી તમે કેવી... ૧૨૧
મારા અંતરમાં હેત ઉભરાય... ૧૨૨
મને લગની લાગી સુંદરની બીજી... ૧૩૨
મારા વાલારે મૂરતિ તારી રૂપાળી.. ૧૩૪
મારા રૂદિયે વસ્યા પુરુષોત્તમ હરિ... ૧૩૫
મારા મંદિરે પધાર્યા શ્યામ થઈ.. ૧૩૮
મોંઘેરો અવસર આવ્યો છે... ૧૪૫

**રૂ**

રૂડુ નારાયણનું મુખ નીરખી... ૧૫૧

**લ**

લગન મને લાગી શામળિયા તારા.... ૭૭

**વ**

વાલા તારી મૂરતિ રે અમો ને ગમતી.. ૭૩
વાલો કે'દાડાનો ઘેલો ઘેલો ફરતો તો.... ૭૪
વાલો પ્રગટ થઈને પૂંજાય છે રે... ૮૯
વાહ રે વાહ મારો સખો સુંદર છે.. ૯૨
વાલા તારા સંગમાં રંગાયો છું રંગમાં... ૯૪
વાલીડાની મૂરતિ હૈયુ હરખાવતી... ૯૫
વચનામૃત વાલાના રે સુણવા... ૧૪૧

**શ**

શાહપુરવાળા નારાયણ અમને... ૮૨

**સ**

સંતો પ્રીત કરીને મારા પ્રભુજી પધાર્યા.... ૧૦૦
સંતના લાડકડા કહેવાયા પુરૂષોત્તમ... ૧૨૫
સોનેકી છડી રૂપેકી મશાલ... ૧૫૨

**હ**

હું બહું રાજી થાઉં આજે વાલોજી... ૮૧
હો હરિ ભજવાને હો હરિ ભજવાને... ૮૪
હાં હાં હરિ ભજવાને હો હો પ્રભુ ભજવાને... ૮૮
હે મહારાજા મહેર કરીને આપો... ૧૦૩




શ્રી પુરુષોત્તમ નારાયણ મંદિર
ભાદરણ

"શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણાય નમોનમઃ ।।

# " શ્રી મુનિ લીલામૃત "

[જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે તેમની પત્નીયું જે રૂક્ષ્મણી આદિક હતી તે એ ભગવાનના દેહને લઈને બળી મરી અને અજ્ઞાની હતા તેમણે એમ પણ જાણ્યું જે હવે ભગવાન નાશ થઈ ગયા, ને જ્ઞાની હતા તેમણે એમ જાણ્યું જે હવે ભગવાન અહીંથી અંતર્ધ્યાન થઈને બીજે ઠેકાણે જણાણા છે. એમ ભગવાનને અખંડ સમજે - વચનામૃત પંચાળા - ૭]

વિક્રમ સંવત ૧૯૪૯માં પૂજ્ય પ્રાગજી મહારાજની પ્રસન્નતા ભાદરણવાસી પુરુષોત્તમ ઉપર ઢળી પડી. શ્રી પુરુષોત્તમ મહારાજે પ્રથમ પીજ મુકામે જઈ પોતાનાં ઐશ્વર્યનું સામર્થ્ય બતાવી, સમાધિ પ્રકરણ શરૂ કર્યું. તેમાં એક સમાધિવાળાએ શ્રી પુરુષોત્તમ મહારાજ તથા અન્ય હરિભક્તોને જણાવ્યું, "આપણે ઘેર અત્યારે લાલજીનો જન્મ થયો છે."

આ શુભ દિવસ તે વિક્રમ સંવત ૧૯૪૯ના વૈશાખના શુકલ પક્ષે અષ્ટમીના દિને મંગળના મંગળ પ્રભાતે પ્રગટ ભગવાન,

મંગલમૂર્તિ શ્રી નારાયણ મુનિએ મોસાળ વીરસદ ગામે પ્રથમ શ્વાસ લીધો.

મંગળવારના શુભ પ્રભાતે જન્મ થયેલ હોવાથી મોસાળમાં તેમનું નામ મંગળભાઇ પાડવામાં આવ્યું. અતિ ભાગ્યશાળી માતા રૂપાળીબાના કૂખે જન્મ ધારણ કરનારા આ પ્રભાવશાળી પુત્ર પૂર્વના યોગી અને દૂર દૃષ્ટિવાળા હતા. ત્યાર બાદ રૂપાળીબા ભાદરણ આવ્યાં. શ્રી પુરુષોત્તમ મહારાજે "શ્રી નારાયણ" નામ રાખ્યું જે અવિરત ચાલુ રહ્યું. જ્યારે મોસાળનું નામ દિવસો જતાં વિસરાઇ ગયું.

પ્રથમ પીજ ગામમાં શ્રી પુરુષોત્તમ મહારાજે ઐશ્વર્ય અને પરચા બતાવી શરૂઆત કરેલી, તેથી તેમના આશ્રિત થયેલા હરિભક્તો તેમજ મૂળજીભાઇ વિગેરે મળી શ્રી નારાયણનો જન્મોત્સવ કર્યો. તેમણે પુત્ર માટે જીયાણું કર્યું તેમાં ઘરવખરીની તમામ વસ્તુઓ અને બીજી અનેક સામગ્રી નવા જન્મેલા નારાયણને અર્પણ કરી. પિતા પુરુષોત્તમ મહારાજને ગુરૂ પ્રસન્નતાથી ઐશ્વર્ય મળ્યું અને સાથે ઋષિ મુનિ જેવા પુત્રની પ્રાપ્તિ થઇ.

જેમ પુત્રના લક્ષણ પારણામાંથી તેમ આ નવા જન્મેલા યોગી પુરુષના લક્ષણ જણાઇ આવ્યા. જ્યારે તેઓ પાંચ વર્ષના હતા ત્યારે શ્રી પુરુષોત્તમ મહારાજનો હાથ પકડીને કહે : "ઓ



ભગતજી" - નાના નારાયણ શ્રી પુરુષોત્તમને ભગતજી કહેતા : "મારા પેટમાં આ ચાંદરણી જેવું શું દેખાય છે ?" એવી રીતે તેઓ પોતાના આત્માને ભરતજીની માફક પૂર્વના બીજબળથી દેખતા. આ ઉપરથી તેમનું પૂર્વનું બીજબળ અગાધ હોય તેમ જણાઇ આવે છે; નહિ તો આવડા નાના બાળકને આત્માની શી ખબર?

એમના પૂર્વના બીજબળ વિષે એક બીજો પ્રસંગ પણ છે - એક વાર એક હરિભક્ત પુરુષોત્તમ મહારાજ પાસે આવી કહે જે મહારાજ - "મારા પૂર્વજો તરફથી મને એક મકાન વારસામાં મળેલું છે. તેમાં પુષ્કળ ધન દાટેલું છે તેમ કહેવાય છે. પરંતુ એક સર્પ ત્યાં રહે છે તે ખોદવા દેતો નથી. જો એ ધન મળે તો હું આપને અડધો ભાગ આપું." આ વાતચીત ચાલતી હતી ત્યાં બાળ સ્વરૂપ નારાયણ હાજર હતા. તેમણે મહારાજને કહ્યું કે - "મને તે બધું ધન અહીંયાં દેખાય છે. કોથળિયોમાં ભરેલું છે. બધી કોથળિયો લાઇનસર ગોઠવેલી છે. તમો કહો તો હું લઇ આવું." શ્રી પુરુષોત્તમ મહારાજે હસતા હસતા કહ્યું : "ના ભાઇ, એ આપણું કામ નહિ." આમ તેમનામાં નાનપણથી જ દૂરદૃષ્ટિ હતી. તે તેમનું પૂર્વનું યોગબળ જણાવે છે.

શ્રી નારાયણ ભણવામાં ખૂબ જ હોશિયાર. તેમણે અંગ્રેજી ચોથી ચોપડી સુધી અભ્યાસ કરેલો. પ્રથમથી જ તેમનામાં

કાર્યદક્ષતા, ગાંભીર્ય, શાંતપણું, એકલક્ષ્યતા, બ્રહ્મચર્યપણું વિગેરે અમૂલ્ય સદ્‌ગુણો હતા. તેઓ બ્રહ્મવિદ્યા ભણવામાં પણ ઘણો જ રસ લેતા. નિશાળમાં પણ વચનામૃત સાથે રાખતા, જેથી વખત નકામો જાય નહિ. તેમનું જ્ઞાન શ્રેષ્ઠ કોટિનું હતું. વચનામૃતમાં કઈ જગાએ શું કહ્યું છે તેની ઝીણામાં ઝીણી બાબત પણ વચનામૃત સાથે મોઢેથી કહી સંભળાવતા અને તે અલભ્ય જ્ઞાનને પોતાના જીવનમાં ઉતારવાનો હરહંમેશ પ્રયત્ન કરતા. આ રીતે જ ભણવામાં પણ એક્કો હતા એટલે પ્રથમ નંબર જ રાખતા. તેઓ કલાસમાં મોનિટર હતા. તેમની હોશિયારીને લીધે પચ્ચાસ છોકરાનો આખો વર્ગ તેમના ઘેર આવે અને ખુશીથી કામકાજમાં મદદ કરતા.

ચોથી અંગ્રેજીમાં ભણતા હતા ત્યારે શ્રી પુરુષોત્તમ મહારાજ એક દિવસ કહે જે "ભાઇ, આપણે તો બ્રહ્મવિદ્યા ભણવાની છે. આ લોકની વિદ્યા ભણીએ તો શું પગાર આવે ? સો, બસો, હજાર, બે હજાર મળે, પરંતુ બ્રહ્મવિદ્યા ભણીએ તો કશાની ખોટ જ નહિ માટે નિશાળ છોડી દો" આપણે ભણવું નથી આપણે તો બ્રહ્મવિદ્યા ભણવાની છે એમ કહી નિશાળેથી ઉઠાડી લીધા.

શ્રી પુરુષોત્તમ મહારાજ પોતાના આશ્રિતોને વારંવાર ધ્યાનમાં બેસાડતા. એક વખત મહારાજના આશ્રિત પટેલ



ગોવિંદભાઇ માસ્તર ધ્યાનમાં બેઠા હતા. તેમણે ધ્યાન કરતી વખતે સંકલ્પ કર્યો જે "મારી દીકરી દિવાળી હવે પરણાવવા લાયક થઇ છે તેનું શું કરીશું" ? આ સંકલ્પ શ્રી પુરુષોત્તમ મહારાજે અંતર્યામીરૂપે જાણી, પૂછ્યું કે "માસ્તર શાના સંકલ્પ કરો છો ? ધ્યાનમાંથી ઊઠો" એમ કહી શ્રી નારાયણનું સગપણ તેમની પુત્રી સાથે નક્કી કર્યું. આ શુભ સમાચાર સાંભળી ગામનો બ્રાહ્મણ મુહૂર્ત કહેવા આવ્યો. તેને મહારાજશ્રી કહેજે. "પહેલા વર રાંડશે કે કન્યા રાંડશે."બ્રાહ્મણ દ્વિધામાં પડી ગયો અને કાંઇ ઉત્તર ના આપ્યો. આ લગ્ન ફાગણ સુદ અગિયારસ એટલે કે હોળી પહેલા રાખવામાં આવ્યું હતું. લગ્નોત્સ્વ પણ ત્યાંજ ઉજવાયો. શ્રી માસ્તરે પોતાના પગારમાંથી જે બચે તે તમામ ભેટ આપવાનું જાહેર કર્યું. શ્રી નારાયણની ઉંમર આ વખતે આઠ વર્ષની જ હતી, અને દિવાળીબા તેમનાથી છ માસ મોટા હતા.

શ્રી નારાયણનું મન તો પ્રથમથી જ સંસારથી અલિપ્ત હતું. દિન પ્રતિદિન તેમની નિષ્ઠા પ્રભુમાં વધવા લાગી. એક દિવસ શ્રી પુરુષોત્તમ મહારાજે શ્રી નારાયણ તથા દિવાળીબા બંનેને ધ્યાનમાં બેસાડ્યા. બંને ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા. શ્રી નારાયણને ધ્યાનમાં પ્રભુના તથા ધામના દર્શન થયા. પરંતુ મોજડીમાં મન લોભાવાથી ધ્યાનમાંથી બહાર આવ્યા. મેડા

ઉપર નાની ઓરડી બનાવી ધ્યાનયોગ શરૂ કર્યો. દિવસે પ્રભુ તથા ભક્તોની દેહથી સેવા કરતા અને રાત્રે ધ્યાન કરતા. સમૈયામાં ભક્તો માટે બેસવા ઊંઘવા, રહેવા, નહાવા, ધોવા માટેની તમામ સગવડો પ્રભુની આજ્ઞા અનુસાર જાતે જ કરતા. દિવસે આવી અપાર મહેનત કરે અને રાત્રે વચનામૃતનો અભ્યાસ કરી ધ્યાનયોગ કરતા. પોતાના પિતાશ્રી આવા સમર્થેશ્વર અક્ષરાતિત છે એવો ભાવ દેઢ કરી શ્રી નારાયણે તેમને પોતાના ગુરુ બનાવ્યા. આ રીતે પિતા પુત્રનો સંબંધ અદૃશ્ય કરી ગુરુ ચેલાનો સંબંધ તેમણે દેઢ કર્યો. જેવી રીતે પોતાના પિતાશ્રીએ તેર વર્ષની સતત તપશ્ચર્યા કરી પ્રભુને (પ્રાગજી મહારાજ) વશ કર્યા, તેવી જ રીતે પોતે (નારાયણ મુનિએ) પણ તપશ્ચર્યા કરવાનું શરૂ કર્યું. પોતાનો દેહ પ્રભુ અને પ્રભુભક્ત માટે અર્પણ કરી દીધો. પ્રભુ શું કહે છે તે એક જ લક્ષ્ય તેમનું બની ગયું.

સમૈયામાં હરિભક્તોની તમામ સગવડો સાચવતા અને વ્યવસ્થા પણ એટલી જ સુંદર કરતા. એ સમયમાં રેલવે લાઇન હતી નહિ. તેથી હરિભક્તોના પોટલા ઊંચકી અગાસ સ્ટેશને મૂકવા જતા. લાઇટની પણ સગવડ હતી નહિ, તેથી કોઇ વખત મહારાજશ્રીની (શ્રી પુરુષોત્તમ મહારજની) આજ્ઞા પ્રમાણે માથે પેટ્રોમેક્ષ મૂકી અગાસ સ્ટેશને મૂકવા જતા. એક વખત



આવી રીતે મૂકવા જતા હતા ત્યારે રસ્તામાં ગરમીને લીધે બત્તીની (પેટ્રોમેક્ષ) ઘોડી તૂટી ગઇ અને ઘો ડીનો ગરમ સળિયો શ્રી નારાયણના સાથળે ચોંટી ગયો અને ફોલ્લો પડ્યો. છતાં પણ કંઇ બોલ્યા સિવાય ફરીથી બત્તી ઉપાડી ભક્તોને મૂકીને મંદિરમાં પાછા આવી પૂર્વવત કામકાજ કરવા લાગ્યા." આ પ્રસંગ પરથી એમની અગાધ સહનશક્તિ જણાઇ આવે છે. ઘણી વેળા આણંદ ઘગટને ત્યાંથી માટલાં ઊંચકીને છેક ભાદરણ આવતા. આવા તમામ જાતના નાનાં મોટા કામ પણ કરતાં. કોઇ પણ જાતનો ઊંચનીચનો ભેદ રાખતા નહિ. દિવસે આ પ્રમાણે મજૂરી કરે જ અને રાત્રે પોતાનો યોગાભ્યાસ પણ ચાલુ જ રાખતા. આંખો મીંચી કલાકોના કલાક સુધી સતત હલનચલન કર્યા વિના પરમાત્મામાં એકાગ્ર મન રાખી રહે. કોઇ વેળા કીર્તન પણ બનાવે અને મધુર સૂરે ગાઇ પ્રભુને સંભળાવે પણ ખરા.

નાનપણના સમયમાં મહારાજશ્રીએ શ્રી નારાયણને આજ્ઞા કરી કે તમે ગોવિંદભાઇ માસ્તરની સેવા ચાકરીમાં રહો. આજ્ઞાંકિત પુત્ર સેવા ચાકરીમાં રહ્યા. એક વખત ગોવિંદભાઇ માસ્તરે તેમને બટાટા લેવા મોકલ્યા. તેમાં એક બટાટો સહેજ સડેલો નીકળ્યો. તેથી માસ્તરે તેમની ખૂબ ઝાટકણી કરી અને ઝાટકણી કાઢી આથી શ્રી નારાયણને આ લોક પ્રત્યે ખૂબ જ

વૈરાગ્ય આવી ગયો. છતાં પોતાની અનહદ સહનશક્તિ અજમાવી પોતાના શ્વસુરની પ્રભુ આજ્ઞાથી, પ્રેમથી સેવા બજાવી. શ્રી નારાયણ તેમની સાથે પોતાના હાથની લખેલ હરિ કીર્તન સંગ્રહ સાથે રાખતા, અને ભજનો કર્યા કરતા. ગોવિંદભાઈ માસ્તર કવિ હતા. તેમની સહાયતાથી શ્રી નારાયણે જ્ઞાન લીલામૃતના અઢાર અધ્યાય પદ્યમાં રચ્યા. પ્રગટ મૂર્તિના ચરિત્ર ઘણી જ સરળ, સુંદર અને સુમધુર ભાષામાં રચ્યાં છે. તેના ઉપરથી તેમનો યોગાભ્યાસ જણાઈ આવે છે. આ અમૂલ્ય કાવ્ય રચ્યું એટલું જ નહિ પરંતુ તે સઘળું તેમણે પોતાના જીવનમાં ઉતાર્યું તે અતિશ્રેષ્ઠ જ છે.

**"પુરુષોત્તમ તો ઝટપટ બોલતા મારા મુનિને મૌન જો.**
**પૂછે એટલો ઉત્તર આપે બાકી બીજું શૂન્ય જો."**

શ્રી નારાયણ અંતર આત્મામાં વૃત્તિ રાખતા. ખૂબ જ ઓછું બોલતા. મોટા ભાગે મૌન જ સેવતા આથી મહારાજશ્રીએ (શ્રી પુરુષોત્તમ મહારાજ) તેમનું નામ શ્રી "નારાયણ મુનિ" રાખ્યું, ત્યાર પછી હમેશાં મહારાજશ્રી નારાયણને "મુનિ" કહી બોલાવતા. પછી તો સમગ્ર સત્સંગ મંડળ પણ તેમને મુનિ કહેવા લાગ્યા.

શ્રી નારાયણ મુનિના મૌનપણાનો એક દાખલો છે. -

મંદિરના પાછળના ભાગમાં વિશાળ બાગ હતો. આ



બાગમાં હજારી ફૂલના ગોટા એટલા સરસ લાલ, પીળા, કેસરી અનેક જતના ફૂલ થતા. મીઠો લીમડો, લીંબુડીઓ, ફળફળાદિના છોડ, શાકભાજીના ઝાડ અને વેલા તો પુષ્કળ. નાખી નજર બાગમાં પહોંચે જ નહિ એવો રમણીય બાગ. આ બાગમાં ભમરીઓએ પણ ઘર કરેલા. આ ભમરીઓ કેટલીક વાર હરિભક્તોને કરડે તેથી શ્રી નારાયણ મુનિએ મહારાજશ્રીને કહ્યું કે મહારાજ આ ભમરીઓને અહીંથી ઉડાડી મૂકીએ કારણ બધાને કરડે છે. પુરુષોત્તમ મહારાજ કહે : "ભાઈ એમ તો કાઢી મુકાતી હશે ! ભલે ને રહી." ત્યાર બાદ થોડા વખત પછી શ્રી પુરુષોત્તમ મહારાજને ભમરી કરડી એટલે કહે કે હવે હાલ ને હાલ આને ધૂણી ધખાવીને કાઢી મૂકો, અને ભમરીઓને ઉડાડી મૂકી. પછી મુનિ મહારાજે બોર્ડ પર મોટા અક્ષરે લખ્યું કે : "સત્તાધારીને દુઃખ થાય ત્યારે તેનો નિવેડો આવે." શ્રી પુરુષોત્તમ મહારાજે આ વાંચ્યું અને હાસ્ય વેરતા બોલ્યા : "ભાઈ, બાપ કરતા બેટા સવાયા નીકળ્યા."

ગામમાં તેઓ ખપ વગર જતા જ નહિ, અને જવું પડે તો ધનુષ્યાકારે દૃષ્ટિ ભૂમિ પર રાખી જતા-આવતા, આથી ગામમાં પણ તેમની (છાપ) શાખ સારી પડી હતી. ગામમાંથી જમવાનું નોતરું આવે તો મહારાજશ્રી કહે તો પણ જમવા જતા નહિ, અને તબિયત સારી નથી એમ કહી ગોદડું ઓઢીને સૂઈ

રહે. રોટલો અને પાણી તેમનો ઉત્તમ ખોરાક, એટલે જમણવારના પકવાન્નમાં તેમને રુચિ નહિ. શ્રી નારાયણ મુનિ પણ, શ્રી પુરુષોત્તમ મહારાજનો સિદ્ધાંત કે કુંવારી વૃત્તિને વાલો વરે છે; તે જ રીતે તેઓ પણ તે રીતે જ વૃત્તિ રાખતા. આ ગુણ શ્રી નારાયણમુનિએ જીવનમાં ઉતાર્યો. ખપ જેટલું જ બોલતા એટલું જ નહિ પણ હમેશાં કુંવારી વૃત્તિ રાખતા, એટલે કે આડી અવળી નજર કરતા જ નહિ. એક જ લક્ષ્ય તે પ્રભુની મૂર્તિમાં. આ વિચક્ષણ પુરુષમાં આવા તો અસંખ્ય ગુણ હતા.

સાધીથી એક હરિભક્તનો કાગળ આવ્યો, તેમાં લખ્યું કે પુરુષોત્તમ મહારાજ, "મારે કલ્યાણ નથી જોઈતું, અક્ષરધામ પણ નથી જોઈતું. મારે તો મુનિ મહારાજ જોઇએ છે." આ ઉપરથી ભક્તોનો મુનિ મહારાજ પ્રત્યેનો અથાગ પ્રેમ જણાઇ આવે છે. આથી પુરુષોત્તમ મહારાજે શ્રી નારાયણ મુનિને સાધી મોકલ્યા. સવા માસ સુધી રહી ખૂબ જ ભજન કરાવી આનંદ આપ્યો અને ભજનરસમાં ત્યાંના ભક્તોને ગરકાવ કરી દીધા.

એક દિવસ તેમને વિચાર થયો જે "મારે ઘર ગામ સગાં સંબંધી કોઈ નથી તો હવે આ દેહ તથા આ લોકમાં રહીને શું કામ છે ?" એવો સંકલ્પ કરી ધ્યાનમાં બેસી ગયા. તે ઊંડા ઊતરી ગયા. પરંતુ પાછા બહાર નીકળવાની વૃત્તિ થઈ, કારણ કે કલાકના બે પૈસા લેખે મહારાજે મજૂરી કરાવેલી તેના ચારસો



રૂપિયા ભેગા થયેલા. તેનું કેમ કરવું તે વિચારે બહાર નીકળી આવ્યા. આથી તેમણે તે સંકલ્પ પૂરો કરવાનો નિશ્ચય કર્યો. આ વખતે સંવત ૧૯૭૧ના વૈશાખ માસનો સમૈયો હતો. તેમણે શ્રી પુરુષોત્તમ મહારાજ માટે સુંદર શ્વેત સદરો તથા મોજડીઓ સહિત ભવ્ય શણગાર જાતે સીવીને તૈયાર કર્યો. આ ભવ્ય શણગાર સમૈયાના છેલ્લે દિવસે શ્રી પુરુષોત્તમ મહારાજને ધારણ કરાવ્યો. અક્ષરાતીતનું અર્ચન-પૂજન કર્યું, અને પોતાની રચિત આરતી : "આરતી આજ અનુપ ઉતારું" એ આરતી ઉતારી. પોતાની મૂડી રૂપિયા ચારસો કલદાર પ્રભુને ધરી દીધા. આ આરતીમાં પ્રભુની મૂર્તિનું નખશીખ વર્ણન સુંદર હૃદયસ્પર્શી હોઈ પ્રભુ મૂર્તિનો ચિતાર તાદૃશ્ય કરે છે. તેમની અનન્ય ભક્તિ તેના ઉપરથી જણાઇ આવે છે. આ પ્રસંગ તેમની અગાધ ત્યાગવૃત્તિ બતાવી આપે છે કે કેટલી પ્રભુમાં દૃઢ નિષ્ઠા ?

તેમણે પોતાના યોગાભ્યાસ માટે મેડા ઉપર ઓરડી બનાવી હતી. રાત્રીના સમયમાં આ એકાંત સ્થળે આંખો મીચી કલાકોના કલાકો સુધી સતત હલનચલન કર્યા વિના પરમાત્મામાં એકાગ્ર મન રાખી બેસી રહેતા. શ્રી પુરુષોત્તમ મહારાજ તેમને મહેનતના કલાકના બે પૈસા લેખે મજૂરી આપતા. પોતાની રસોઇ પણ જાતે જ બનાવતા. રસોઈમાં શું ? ભાદરણ તે વેળા એક મજૂર બાવો હતો તે ગામમાંથી ભીખ

માગી લાવતો તેની પાસેથી બે પૈસે શેર લેખે કોદરાનો કે બાવટાનો લોટ લેતા. તેનો રોટલો અને પાણી તે તેમનું પ્રિય ભોજન. એક પૈસા લેખ પોતાની ઓરડીનું ભાડુ મહારાજશ્રીને આપતા. આ રીતે અષ્ટાંગે બ્રહ્મચર્યમાં પોતે જીવન પસાર કરવા લાગ્યા. કેટલી કઠિન તપશ્ચર્યા!

પ્રભુનો કેફ એ બહુ ભારે વસ્તુ છે. એક વખત શ્રી નારાયણ મુનિને પ્રભુનો કેફ ચઢી ગયેલો. તેઓ કહે "મેરે કુ કુચ નહિ ચઈતા. મેં જંગલમાં જાતા હું. મેં બ્રહ્મ હું" એમ કહી એ તો ભાદરણનું ધામ છોડી ફક્ત લૂંગી પહેરીને નાઠા. નાઠા તે બસ નાઠા. પરંતુ આતો વિચક્ષણ સત્ત્વગુણી યોગી હતા, જેથી કેફ ઊતરતા પાછા આવ્યા.

ભાદરણ ધામ બનાવેલું તેમાં શ્રી નારાયણ મુનિનો ફાળો ઘણો જ મોટો છે. આ મકાનની રચના, તેમાં કરેલી તમામ સગવડો તેની કિંમતના પ્રમાણમાં મોટા નિષ્ણાત એન્જિનિયરને શરમાવે તેવી હતી. તમામ કામ તેમની દેખરેખ નીચે ચાલતું. તેઓ જાતે જ સુથારી, લુહારી, ચણતર કામ કરતા. પાણીના જોડાણો, ટાંકીઓમાં પાણીનો કરેલ સંગ્રહ તથા બીજી બધી સગવડો જોઈ દરેક વ્યક્તિ આશ્ચર્યચકિત થઈ જતી. આ મકાન એટલું બધું વિશાળ હતું જે સાધારણ માણસની દૃષ્ટિ પણ પહોંચી શકે નહિ. હજારો મનુષ્ય સમાઈ શકે તેવો નીચેનો



ભાગ હતો. ત્યાંથી બહાર ઉત્તર તરફ ટાંકીઓ ઉપર તથા બીજે બધે પથ્થર જડી હરવા ફરવા માટે જગ્યા બનાવેલી. છેક આગળનો ભાગ શાકભાજી માટે રાખેલો. પાછળથી ઉત્તર દિશાવાળા ભાગમાં પણ જબરજસ્ત હજારો મનુષ્ય સમાઈ શકે તેવું રસોડું બનાવેલું. તેની બાજુમાં રસોડામાં ઠંડક રહે તે માટે ૧૦૦ થી ૧૫૦ ફૂટ લાંબી ૩ થી ૪ ફૂટ જાડી અને આશરે ૫૦ ફૂટ ઊંચી જબરજસ્ત દિવાલ બનાવેલી. ત્યાંથી પશ્ચિમ ભાગમાં નજર કરીએ તો શરૂઆતમાં વિશાળ બાગ બનાવેલો. તેમાં આમ્ર વૃક્ષો પણ હતાં. જાજરૂ, નાહવા ધોવા માટે તમામ સગવડો હતી. પાણીનો સંગ્રહ રહે તે માટે ટાંકીઓ પણ આ જગામાં હતી. પાછળથી આમ્રવૃક્ષો દૂર કરાયા હતાં અને વિશાળ ગેલેરી બાંધી હતી. થોડા સમય માટે ગર્ડરોથી માળ પણ બાંધ્યા હતા. ગેલેરીની ટોચે હરવા ફરવા માટે આશરે ૨૫' × ૭૫' જગા બનાવેલી. તેની ફરતે બેસવા માટે પેરાફેટ બનાવેલી. છેવટે બાજુમાં ફળફૂલવાળી લીંબુની વાડી પણ ખીલવી હતી.

દક્ષિણ ભાગમાં પાંચસો હરિભક્તો જમી શકે તેવું રસોડું બનાવેલું. બાજુમાં ટાંકીઓ તથા ન્હાવા ધોવાની સગવડતાં હતી. વચ્ચે ગંગાજળીઓ કૂવો હતો. પેસતાં પૂર્વ ભાગમાં જુદા જુદા લાંબા ખંડો હતા. ત્યાર પછી વિશાળ હજારો મનુષ્ય સમાઈ

શકે તેવું ડહેલું હતું. આ બધું સ્થાયી મુકામનું વર્ણન પરંતુ તેમની ખોદ -પ્રવૃત્તિ ચાલુ જ હતી. એક બાજુ ખાડો ખોદે અને માટી કાઢે તો બીજી બાજુ જગાઆ પૂરે. એ પ્રમાણે ચાલુ જ હતું. એક વેળા પૂર્વ બાજુ દરવાજાની પાસે સાત માળનું મકાન ટાવર માટે તૈયાર કર્યું. મકાન તૈયાર થતાં જ શ્રાવણનો સમૈયો આવ્યો. સમૈયા ઉપર હરિભક્તો સાથે ઉપર જઇ શ્રી પુરુષોત્તમ મહારાજે રાસ કર્યો. સમૈયા પછી તરત જ બધા માળ ઉકેલી લીધા.

આ બધું જ શ્રી નારાયણ મુનિએ જાતે જ કરેલું. કોઇ કડીઆ સુથાર કે એન્જિનિયરોને બોલાવેલા નહિ. આ ઉપરથી તેમની બુદ્ધિ, હોશિયારી અને અગાધ મહેનતનો ખ્યાલ આવે છે. પથ્થર તો તેમણે જાતે જ બેસાડેલા. એક વાર પથ્થર, આખો દિવસ સળંગ બેસાડતા હતા, આથી સતત મજૂરીથી તેમનું પેઢું દુઃખી આવ્યું, જેથી વાંદરાની હગાર પેટ ઉપર ભરી જરા આરામ લેતા હતા. તે સમયે શ્રી પુરુષોત્તમ મહારાજ આવી કહેજે "ભાઈ મુનિ શું કરો છો ?" શ્રી નારાયણમુનિ બોલ્યા, "જે પેઢું દુઃખે છે તેથી વાંદરાની હગાર ભરી છે." ત્યારે શ્રી પુરુષોત્તમ મહારાજ કહેજે. "ભાઈ ઝાડ નીચે સૂઇ રહેવું હતું ને ! જેથી વાંદરાની હગાર પેટ ઉપર સીધી પડત." આવી સતત મહેનત અને દુઃખમાં પણ ગુરુના આવા વચનો સહન કરી માથે ચઢાવતા. પોતે એકદમ ઊભા થઇ પેઢા ઉપર ભરેલી વાંદરાની



હગાર ધોઇ નાખી. કેવી અજબ કસણી !

એક વખત શ્રી પુરુષોત્તમ મહારાજે શ્રી નારાયણને ઉમેટાથી ગોદડાંના ખોળિયા લેવા મોકલ્યા. ત્યાંના વેપારી સાથે જૂનો સંબંધ થયેલો તેથી વેપારીએ એક સારી મોદ હતી તે પણ શ્રી નારાયણને લઇ જવા કહ્યું. શ્રી નારાયણ ચાલતા ચાલતા ઉનાળાના દિવસો, બપોરના ૧૨-૩૦ વાગે ઘેર આવ્યા. ઝાંપામાં પેસતાં જ શ્રી પુરુષોત્તમ મહારાજ સામા મળ્યા. શ્રી નારાયણ પાસે મોદ દેખતાં જ કહેવા લાગ્યા જે. "ભાઇ, આ શું લાવ્યા ? જાઓ હાલને હાલ આ મોદને પાછી આપી આવો. પછીથી પાછી લે કે ના લે."

આ વખત ગામના કોઇ ઓળખીતા સંબંધી હાજર હતા. તેઓ શ્રી પુરુષોત્તમ મહારાજને કહેજે "ભગત આ છોકરાને પાણી તો પીવા દો." પરંતુ શ્રી નારાયણ મુનિ તો તરત જ તેવાને તેવા ત્યાંથી પાછા ફર્યા અને ઉમેટે મોદ આપી સાંજના ચાર-પાંચ વાગે મંદિરમાં પાછા ફર્યા.. ઉમેટાનો વેપારી તો ચકિત થઇ ગયો. "આવા આજ્ઞાંકિત પુત્ર તો મેં આજે જ જોયા, અને આવા બાપ પણ આજે જ જોયા." સામાન્ય માણસ આનુ ઊંડું રહસ્ય શું જાણે ? આ તો બ્રહ્મરૂપ વિદ્યાર્થીની કસોટીની પરંપરા હતી.

કોઇ વખતે શ્રી પુરુષોત્તમ મહારાજ શ્રી નારાયણને વાત

કરે ત્યારે તે ઊભા રહીને સાંભળે નહિ ત્યારે બીજા કહે, 'મહારાજ, મુનિએ સાંભળ્યું નથી.' ત્યારે મહારાજશ્રી કહે જે ભાઈ એનો તો બરડો પણ સાંભળે છે.

એક વાર લાંબો સમૈયો કરેલો. મોટું તપેલું ભરી ઘૂપેલ ભક્તો માટે તૈયાર કરેલું હતું. નાના છોકરાએ ધૂપેલ માથામાં ખૂબ નાખવાથી ગોદડાને ધાબા પડ્યા ત્યારે શ્રી પુરુષોત્તમ મહારાજ શ્રી નારાયણને કહે જે, 'આ તો બધા ગોદડાને ધૂપેલના ધાબા પડ્યા." ત્યારે શ્રી નારાયણે કહ્યું કે એમ જાણીશું જે ઘાંચીને ઘેર અવતાર હતો. એમ સમજણની વાત કરી જેથી મહારાજ રાજી થયા.

એક વખત સમૈયો ભરચક ભરાયો હતો. તેમાં કોઈ દ્વેષબુદ્ધિવાળાએ હરિભક્તોને વિઘ્ન આવે તેવું કૃત્ય આદર્યું. બહુ સારો પ્રસાદ મહારાજશ્રી આગળ ધર્યો. મહારાજશ્રી કહે. 'આ પ્રસાદ અત્યારે નહિ સમૈયાના છેલ્લે દિવસે જમીશું. જે હશે તે ખાઈશું." એવા માર્મિક શબ્દો ઉચ્ચાર્યા. શ્રી નારાયણ મુનિ સમૈયામાં ખડે પગે નિન્દ્રા રહિત ઊભા રહી હરિભક્તોની સેવા બજાવતા. ઓચિંતી ભૂખ લાગવાથી આ પ્રસાદ તેમના હાથમાં આવી ગયો. જેવો પ્રસાદ કંઠથી નીચે ઊતર્યો કે તરત જ આ લોકનું ભાન વિસરાઈ ગયું. પણ આ તો યોગી. વચનામૃતમાં કહ્યું છે તે પ્રમાણે તેઓ ઉપરથી તો દિનચર્યાના



શબ્દો બોલતા હતા, જ્યારે અંતરમાં તો અક્ષર પુરુષોત્તમની એક તાર વૃત્તિ થઈ ગઈ હતી તેવી જ રીતે સમૈયામાં આવેલ તમામ હરિભક્તોને છેલ્લે દિવસે આ પ્રસાદ લેવાથી દેહભાન રહ્યું નહિ. દેહ પ્રાણ ઈન્દ્રિયો ખેંચાવા લાગ્યા. પણ છેવટે આ તો પ્રગટ અક્ષરાતિત તે વહારે આવ્યા. તમામને શુદ્ધિમાં લાવ્યા. કોઈ પણ જાનમાલની કાંઈપણ હેરાનગતિ થવા દીધી નહિ. આવો ચમત્કાર નિહાળી દ્વેષબુદ્ધિવાળાઓના હાથ હેઠા પડી ગયા.

આવા અમૂલ્ય સદ્‌ગુણો ઉપરાંત પોતે અત્યંત દયાળુ હતા. કોઈનું દુઃખ તેમનાથી ખમાતું નહોતું. ભક્તિમાં દરેકને પોતે જાતે દુઃખ વેઠી સહાયરૂપ થતા. તેઓ હરહંમેશ હરિભક્તોની સેવામાં હાજર રહેતા, એટલું જ નહિ પણ સમૈયામાં ખડે પગે ઊભા રહી નિદ્રાને વશ કરી સેવામાં હાજર રહેતા. હરિભક્તો આવે ત્યારે તેમના પૈસા દાગીના વગેરે જુદા જુદા નંબરવાળા ડબ્બામાં મૂકી સાચવતા અને વિદાયવેળાએ તે જ પાછા સુપ્રત કરતા એટલે કે હાલની બેંકોમાં સેઈફ ડીપોઝીટ વોલ્ટની સગવડો હોય છે તેવી સગવડ તેઓ સમૈયામાં કરતા. અગાઉ કહ્યું તેમ પાણીની નહાવા ધોવાની, સૂવાની, બેસવા ઊઠવાની વગેરે તૈયારી પોતે જ કરતા. તેમજ કોઈ કોઈની વસ્તુ ના લઈ જાય, તેમજ બહારના માણસો આવી ધમાલ કરી ના જાય, તેની

દેખરેખ પણ સમૈયામાં તેઓ રાખતા. ઘણીવાર શ્રી પુરુષોત્તમ મહારાજ સમૈયામાં સભા વચ્ચે કહેતા જે, "મારો મુનિ બહુ જ ચકોર છે."

તેમનો પહેરવેશ તદ્દન સાદો હતો. જાડું ધોતિયું, ગામડિયા ટાઈપ ખમીશ કે જભ્ભો કે જાડી કફની તે તેમનો સાધારણ પહેરવેશ. નડીયાદના ફોટા ઉપરથી શ્રી નારાયણનો પહેરવેશ કેવો છે તેનો તાદૃશ્ય ચિતાર આંખ સમક્ષ તરી આવે છે. આવી રીતે તેમનામાં પ્રભુમાં દૃઢ શ્રદ્ધા, અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય, વૈરાગ્ય, અહિંસા, ધર્મમાં પ્રીતિ અને અતિ પરિપક્વ આત્મનિષ્ઠા હતી.

સં. ૧૯૮૭માં શ્રી પુરુષોત્તમ મહારાજે માંદગી ગ્રહણ કરી અક્ષરધામમાં જવા તૈયારી કરી. શ્રી નારાયણે મહારાજશ્રીનો વિચાર જાણ્યો, તેથી દીકરીઓ મારફતે કહેવડાવ્યું કે 'અમો ભક્તિ કરવા તમારે ત્યાં અવતાર ધાર્યો અને તમે અમને મૂકીને ચાલ્યા જશો તો અમે કોના આધારે જીવીશું ?' આવી બધાની વિનંતી તથા આગ્રહ જોઈ શ્રી પુરુષોત્તમ મહારાજે પોતાના વિચારો બદલ્યા. શ્રી નારાયણે તો પ્રભુ પ્રત્યેની તેમની સેવાઓ તે જ પ્રમાણે ચાલુ રાખી. હરિભક્તોને શ્રી નારાયણ મુનિ ઉપર અતિ પ્રેમ હતો. બહાર ગામના હરિભક્તો તેમને તેડાવા લાગ્યા, ખાસ કરીને સાધી, અમદાવાદ, બારેજા તથા ગામડી



વગેરે ગામના હરિભક્તોનો તેમની ઉપર ખૂબ ભાવ હતો.

શ્રી પુરુષોત્તમ મહારાજ વટવા વર્ષમાં ઘણીવાર આવતા. વટવા આવવાનું હોય તે પહેલાં પંદર દિવસથી નારાયણને અમદાવાદના હરિભક્તોને સમાગમ થાય તે માટે અમદાવાદ મોકલી આપતા. શ્રી નારાયણ અમદાવાદ રહી ધ્યાન-ભજન ભક્તિ કરાવતા, અને તે રીતે આનંદ આપતા. ભજનમાં કેટલાકને સમાધિ થઈ જતી અને સમાધિવાળા આ લોક ભૂલી પરલોકના ઐશ્વર્યો નિહાળી આનંદ પામતા. અમદાવાદમાં તેઓ હરિભક્તોને ત્યાં જઈ પ્રભુની લીલા ગાતા અને સાથોસાથ જ્ઞાનરૂપી વાર્તા કરતા અને જ્ઞાનરૂપી શસ્ત્રથી હરિભક્તોના સંશયને છેદી નાખતા. આમ સાચો ખુલાસો મળવાથી હરિભક્તો આનંદ પામતા.

શરૂઆતમાં શ્રી નારાયણમુનિ માધુજીભાઈને ઘેર ઉતરતા. પાછળથી ઝીણાભાઈનું ઘર એ તેમનું ધામ બની ગયું હતું. તેમના દર્શનથી સર્વને સારો આનંદ થતો. એક વેળા કરુણાશંકર કરીને એક ભક્ત હતા. તેમને શ્રી પુરુષોત્તમ મહારાજે લખી મોકલ્યું જે, "મુનિ હાલ અમદાવાદ છે તેમનો તમો સંગ કરજો." વળી કોઈ હરિભક્તને શ્રી પુરુષોત્તમ મહારાજ લખતા જે "મુનિ તો પ્રભુના સાધુ છે, તે પ્રભુ જેટલી જ શાંતિ આપશે." આવા વચનો પોતે જ હરિભક્તોને લખતા.

સંવત ૧૯૯૦-૯૧માં દોઢ માસનો સમૈયો કરેલો. તેમાં પણ પોતાનું પાત્ર જાહેર કરવાના તેમના વિચારો હતા. આ વખતે ઘણા ભક્તોને શ્રી નારાયણ મુનિના દર્શન થતા. જરકશી જામાવાળા, પીળા પીતામ્બર ધારણ કરેલા, મોર મુગુટ સહિત પ્રભુની તેજસ્વી મૂર્તિ જણાતી. જેથી કેટલાક બુદ્ધિવાળા કહેવા લાગ્યા જે પ્રભુ તો અહીં ને અહીં જ રહેશે. બધાને બહું જ સુખરૂપ થશે. ભાદરણના ભાવિક હરિભક્ત ધૂળાભાઈને પણ એકાએક દર્શન થયાં. જે "શ્રી પુરુષોત્તર મહારાજ યજ્ઞ કરતા હતા. હજારો હરિભક્તો જમતા હતા અને તે ભેળા શ્રી નારાયણની નાની સુશોભિત દિવ્ય મૂર્તિના દર્શન થયાં." તેઓ તો ખૂબ રાજી રાજી થઈ ગયા. સર્વેને કહેવા લાગ્યા જે 'મારે તો ભાદરણ ધામ નક્કી રહ્યું. સર્વે અથડામણ મટી ગઈ. પ્રભુ તો અહીંના અહીં રહ્યા છે.'

ઘણીવાર સભા વચ્ચે શ્રી પુરુષોત્તમ મહારાજ કહેતા જે "સુથારનો છોકરો સુથાર, લુહારનો છોકરો લુહાર, કડીઆનો છોકરો કડીઓ, તેમ ભગવાનનો છોકરો ભગવાન" આવી રીતે પ્રસન્નતાના વચનો પોતે બોલી નાખતા.

એક વાર શ્રી પુરુષોત્તમ મહારાજ, પોતાના નિયમ મુજબ આરતી કરતા હતા. કેટલાક હરિભક્તો ત્યાં દર્શન માટે હાજર હતા. તેવામાં શ્રી નારાયણ તેમને પગે લાગવા આવ્યા, ત્યારે



શ્રી પુરુષોત્તમ મહારાજ બોલી ઊઠ્યાં અને શ્રી નારાયણને કહેવા લાગ્યા જે, ભાઈ 'શા ભાર છે ? કંઈ ફીકર નહિ, ભગવાનનો છોકરો ભગવાન' એમ રાજીપાના શબ્દો ઘણીવાર ઉચ્ચારતા.

પરંતુ શ્રી નારાયણે તો પ્રભુની અગાઉની રીતે જ પોતાની સેવાઓ ચાલુ રાખી. 'હરિ આંખ ફરે જેનું અંગ' તે પ્રમાણે કરવાનું તેમણે જારી રાખ્યું. એક વાર અમદાવાદના હરિભક્તો આવેલા તેમને પુરુષોત્તમ મહારાજે કહ્યું જે - "મુનિના દર્શનથી તો ચતુર્ભુજ મોરમુગુટવાળાં પીતાંબર ધારણ કરી રહેલા પ્રભુનાં દર્શન થાય છે." એક વખત શ્રી પુરુષોત્તમ મહારાજ પેટલાદ ગાડીમાં બેસી જતા હતા સાથે અમદાવાદના હરિભક્તો હતા. તેમને કહે જે, "મારા કરતા મુનિની ચાર ઘણી ભક્તિ છે. મેં તો તોલીને હરિભક્તોને સુખ આપ્યું છે, પણ તે તો અનહદ સુખ આપશે." આ પ્રમાણે ભવિષ્યની વાત કહેતા.

પ્રભુએ અહીં જ રહેવા ધાર્યું જેથી શ્રી પુરુષોત્તમ મહારાજે તમામ સગવડો પાછળ માટે શરૂ કરી. મુંબઈથી પુષ્કળ લોખંડ - ગર્ડર, પતરાં, ખીલાસળી, એંગલો પાઈપો વગેરે લઈ આવ્યા. જથ્થાબંધ વાસણો કરાવ્યા. હજારો મનુષ્યો ભેગા થાય તેમને કંઈ પણ અડચણ ન પડે તેવો તમામ સરંજામ ભેગો કર્યો. ખાટલા ખુરશીઓ ઘોડિયા વગેરે ખરીદી લાવ્યા. કેટલીક જગાએથી તો

આખી ને આખી દુકાન ખરીદી. આવી રીતે તમામ વસ્તુઓની ખરીદી શ્રી નારાયણમુનિને અડચણ ન પડે તે માટે અગમચેતી વાપરી કરી.

શ્રી પુરુષોત્તમ મહારાજે સંવત ૧૯૯૬માં સ્વધામ જવાનો વિચાર નિશ્ચિત કર્યો. શ્રી નારાયણ મુનિને તો અમદાવાદ મોકલેલા. તેમને કહ્યું જે તા. ૧૫મીએ આવી જજો. સોળમી કરશો નહિ. તે મુજબ ૧૫મી સપ્ટેમ્બર ૧૯૪૦ને ભાદરવાના શુકલપક્ષની ચૌદશને સાંજે છ વાગે માયિક દેહનો ત્યાગ કરી સ્વેચ્છાથી અક્ષરવાસી બન્યા. ત્યાર પછી શ્રી નારાયણમુનિએ હાજર નહિ રહેલા હરિભક્તોને તાર દ્વારા ખબર આપી. શ્રી નારાયણ મુનિએ, પ્રભુના દેહને વહેલી સવારે, ભજન કીર્તન સાથે સુથારીઆવાળા ખેતરમાં લઈ જઈ અગ્નિસંસ્કાર કર્યો. પ્રાગજી મહારાજ સ્વધામ પધાર્યા ત્યારે સૌ હરિભક્તો હાજર હતા ને ત્યાંથી શોક સાથે તમામ હરિભક્તો વડતાલ આવ્યા ત્યાં શ્રી પુરુષોત્તમ મહારાજ હતા. તેમણે બધાનો શોક ટાળી દીધો. આ વખતે અહીં પણ શ્રી નારાયણ મુનિ મહારાજે બધાં હરિભક્તોના હૈયા હાથ રાખ્યાં અને શોક વ્યાપવા દીધો નહિ.

શ્રી પુરુષોત્તમ મહારાજે આ લોકમાંથી વિદાય લીધી તેના સહેજ પહેલાં અને પછી ત્યાંના કેટલાકને કુસંગનો પાસ લાગવાનો શરૂ થઈ ગયો. સત્સંગ વિખરાઈ જાય તેમ તેઓ



ઈચ્છતા હતા. આથી શ્રી નારાયણ મુનિ મહારાજે પણ વિચાર કર્યો જે મારે પણ હવે અહીં રહી શું કામ છે? હું પણ મહારાજશ્રી પાસે ચાલ્યો જાઉં. આ વિચારે તેઓએ સખત માંદગી ગ્રહણ કરી પરંતુ અમદાવાદના હરિભક્તો એકદમ ભાદરણ પહોંચી ગયા અને વિનંતી કરી જે "હે મહારાજ, અમો કોના આધારે રહીશું ?" એમ ઘણો આગ્રહ કર્યો જેથી શ્રી નારાયણ મુનિ મહારાજે પોતાનો વિચાર બદલ્યો અને દુઃખને દૂર કર્યું અને ધર્મધુરા હાથમાં લઈ જ્ઞાનગંગા વહેવડાવવા લાગ્યા.

શ્રી પુરુષોત્તમ મહારાજના પ્રભુ મૂર્તિ શોધતા જિજ્ઞાસાવાળા હરિભક્તોને શ્રી નારાયણ મુનિના દર્શન થયા. ચમત્કાર થયા તેમને તો આનંદ થયો અને દર્શન, ચમત્કાર ન થયા તેમને તો નિર્વિકલ્પ સમાધિ દ્વારા વડતાલના પહેલા મુજબ અત્યંત આનંદ થયો. પ્રભુ હોય ત્યાં સમાધિરૂપ ચમત્કાર તો હોય જ. વડતાલ ૧૩ તથા અમદાવાદ ૫ મુજબ. આ રીતે શ્રી પ્રભુની મૂર્તિ એક જગ્યાએથી અંતર્ધ્યાન થઈને બીજી જગાએ શ્રી નારાયણ મુનિ મહારાજ દ્વારા જણાઈ વચનામૃત પંચાળાના ૭ મુજબ. આવા વાતાવરણમાં વિક્રમ સંવત ૧૯૯૭ના કાર્તિક માસના સમૈયામાં દશમીના દિવસે શનિવાર તા. ૯-૧૧-૪૦ની રાત્રે શુભ ચોઘડીએ શ્રી નારાયણ મુનિ મહારાજ જિજ્ઞાસુ જીવોને મોક્ષ માર્ગે ચઢાવી ઉન્નતિ

કરવા ગાદી ઉપર બિરાજમાન થયા.

સંવત ૧૯૯૭ના કારતક સુદ પાંચમ તા. ૪-૧૧-૪૦ના રોજથી પાંચ દિવસનો સમૈયો શ્રી નારાયણ મુનિ મહારાજે રાખ્યો હતો. આ નિમિત્તે તમામ હરિભક્તોને કંકોત્રીઓ લખવામાં આવી હતી. શ્રી પુરુષોત્તમ મહારાજની પાછળ આખું ગામ જમાડવા માટે તમામ સીધાસામાનની તૈયારીઓ કરી દીધી. આ સમૈયા ઉપર મોટી સંખ્યામાં હરિભક્તો આવ્યા હતા. કારતક સુદ સાતમને દિવસે આખું ગામ જમાડ્યું.

દશમીને રાત્રે શનિવારે સાડા દશ વાગે બધા ભક્તોએ શ્રી નારાયણ મુનિ મહારાજને સુશોભિત પીતાંબર, રેશમી ખમીસ, રેશમી કોટ તથા કાશ્મીરી ટોપી પહેરાવી. ખુરશીઓવાળા ખંડમાં પાટ ઉપર પધરાવ્યા અને ત્યાર બાદ હરિભક્તોએ શ્રી નારાયણ મુનિ મહારાજની આરતી ઉતારી. આથી સમૈયામાં આવેલા બધા જ હરિભક્તોને ખૂબ જ આનંદ થયો અને પ્રભુની મૂર્તિનું તદાકારપણું ભાસવા લાગ્યું.

પોતે પણ સંતમંડળની આરતી ઉતારી - 'સ્વરચિત - દયા કરીને દર્શન દો છો." - આવા અમૂલ્ય દર્શન ક્યાંથી હોય ?

મુમુક્ષુ જીવોને તો આત્યાંતિક કલ્યાણની જરૂર હોય છે અને તે કલ્યાણ પ્રગટ મૂર્તિથી સહેલાઈથી થઈ શકે છે. તે મૂર્તિ હાથ આવી ગઈ એટલે બેડો પાર. આથી આવી પ્રભુની મૂર્તિ





શ્રી પુરુષોત્તમ મહારાજ     શ્રી નારાયણ મુનિ મહારાજ

ભાદરણ મંદિર

નજરે નિહાળી કોના હૈયા હરખ ન પામે ?"

શ્રી નારાયણ મુનિ મહારાજનો સિદ્ધાંત તો બધાંને ભેગા કરીને ભજન કરવાનો હતો. તેઓ તો બધા હરિભક્તોને કહેતા જે પ્રાગજી મહારાજનો આદેશ છે જે, "ભેગા થઇ ભજન કરવું." તે માટે તેમણે કારતક તથા વૈશાખના સમૈયા ચાલુ રાખ્યા.

શ્રી પુરુષોત્તમ મહારાજનો અગ્નિસંસ્કાર કર્યો હતો તે સુથારીઆવાળા ખેતરમાં શ્રી નારાયણ મુનિ મહારાજે સારુ દહેરું બનાવી શ્રી પુરુષોત્તમ મહારાજના પગલાં પધરાવવાનો વિચાર કર્યો. આ દહેરું ધનવાસીના મજૂરો ચણતા હતા. ચણતરમાં કંઇ ગૂંચવણ પડે તો શ્રી પુરુષોત્તમ મહારાજ મજૂરનો હાથ પકડી ઈંટ કેવી રીતે ગોઠવવી તે દિવ્ય દેહે બતાવતા. વળી બધા મજૂરોને ઉઠાડી કહેજે - આમ કરો તેમ કરો. મુનિ કહે તેમ કરજો. બધુ વાળીને સાફ કરો - પગલાં પધરાવવાના છે તે - આમ દહેરું તૈયાર થઇ ગયું. વૈશાખ માસના સમૈયામાં પગલાં પધરાવવાનું નક્કી કર્યું હતું. તે મુજબ મંદિરમાંથી તમામ હરિભક્તો શુભ પ્રભાતે, પગલાંને સારી રીતે શણગારી, આગળ કાંસીઢોલ સાથે ભજન મંડળીઓ કીર્તન ગાતી, ગાડામાં સાકરભરી વાજતેગાજતે, સાકર વહેંચતા વહેંચતાં પગલાંને સુથારીઆવાળા ખેતરમાં લઇ જવામાં આવ્યાં. શ્રી નારાયણ મુનિ મહારાજે તથા ભક્તમંડળે પગલાં

દહેરીમાં પધરાવી દઈ આરતી કરી.

શરૂઆતમાં સમૈયામાં ઘણા નવા હરિભક્તો આવતા હતા. જેઓ શ્રીપુરુષોત્તમ મહારાજના કારજ વખતે આવ્યા હતા તેમને શ્રી મુનિ મહારાજે કંકોત્રી લખવાની ચાલુ રાખ્યું. નવા હરિભક્તોને પ્રભુની મૂર્તિ જોઈ આનંદ થયો અને કેટલાંક તો શ્રધ્ધાએ સહિત દર્શન કરતાં આ લોકનું ભાન ભૂલી પરલોકમાં મહાલતાં.

શ્રી નારાયણ મુનિ મહારાજ તો સ્વભાવે ઉદાર હતા. તેમજ હરિભક્તોને કઈ રીતે સુખ શાન્તિ મળે તે માટે તેઓ હમેશાં રચ્યા પચ્યા રહેતા. તેઓના સાથે તેઓ શ્રી પુરુષોત્તમ મહારાજની જેમ ખોદવવામાં અને પુરાવવામાં બહુ માનતા નહિ. તેઓ ફક્ત ખપ જેટલું જ કાર્ય કરતા. થોડા વખતમાં હરિભક્તોને સગવડતામાં જે ખામીઓ હતી તે તેમણે પૂરી કરી. બાઈ-ભાઈની સભા ખાસ જુદી રાખતા. તેમ જ ભક્તો શિક્ષાપત્રી પાળે છે કે નહિ તેની તેઓ દરકાર રાખતા. વળી તેમને સાદો જ પહેરવેશ ગમતો. તેઓને ઝાક ઝમાકવાળો પહેરવેશ બીલકુલ ગમતો નહિ. સાદી જ રીતે રહેતા કોઈ પણ જગાએ બહાર જતા તો ખાસ ધ્યાન રાખતા કે તે હરિભક્તને સુખશાંતિ રહે છે કે કેમ ? કોઈને વ્યાવહારિક અથવા તો બીજી રીતે સુખદુઃખ હોય તો તેને યોગ્ય માર્ગદર્શન આપતા અને



માર્ગદર્શન હમેશાં દરેકને સુખરૂપ નીવડતું. તેઓશ્રી દેખાવે ગંભીર જણાતા છતા નાના માણસો પણ તેમની આગળ હૃદય ખોલી શકતા અને તેમની પાસેથી માર્ગદર્શન મળવી શકતાં. પોતે બહુ જ દયાળુ હોવાથી કોઈનું દુઃખ સહન કરી શકતાં નહિ. કેટલીક વાર તો સામાનાં આવા અસહ્ય દુઃખો પોતે જ ગ્રહણ કરી લેતા. સામાને તાત્કાલિક તે અસહ્ય દુઃખોથી મુક્ત કરતા. દરેકને આ રીતે મુશ્કેલીમાંથી દૂર કરી પ્રભુ માર્ગે દોરી જતા. પ્રભુમા અક તાર વૃત્તિ રાખવાનો તેઓ આદેશ આપતા. ન છૂટકે જરૂર પૂરતો જ વહેવાર કરવાની છૂટ આપતા. હરિભક્તોને દ્રોહ ન થાય તેમજ શાસ્ત્રની રીતે રહેવાય તે માટે તો વચનામૃતની એકીકરણની ચોપડીઓ વહેંચેલી. જેથી ભજન ભક્તિનો હરિભક્તનો માર્ગ સરળ બને. બધા હરિમૂર્તિનાં જીવનચરિત્રોનો અભ્યાસ કરીએ તો હરિભક્તોના દુઃખ અનુભવી તેનો ઉપાય કરવા વધુમાં વધુ કોઈએ પ્રયત્નો કર્યા હોય તો તેવાઓમાં આ વિચક્ષણ યોગી પુરુષ પૂર્ણ પુરુષોત્તમ શ્રી નારાયણ મુનિ મહારાજનો નંબર કદાચ પ્રથમ કક્ષાએ આવે.

" શ્રી પ્રગટ પુરુષોત્તમનારાયણાય નમો નમઃ ।।

# શ્રી નારાયણમુનિ મહારાજના સ્વમુખની જ્ઞાનગંગા

## શ્રી નારાયણ વિચાર જ્ઞાનધારા

## ભક્ત સમુદાયની જીવનદોરી

આપણે શ્રી પુરુષોત્તમના રાજ્યમાં છીએ. પણ વૈરાટાદિક બીજાના રાજ્યમાં નથી એમ જાણવું અને નિત્ય કથા વાર્તા કરીએ છીએ તે તો પોતાના સંકલ્પ કાપવા તથા માયાનો નાશ કરવા પણ, કોઈને દેખાડવા સારુ કરતા નથી.

એની જે રહે ! સદા આનંદમાં રહેવું અને ભગવાનનું ભજન કરવું. આપણે માથે પુરુષોત્તમ ભગવાન ધણી છે માટે સંકટ વિઘ્ન આવે નહિ.

નવરાશમાં ભજન કરવું. પહેલાં પેટનું, પછી શેઠનું અને પછી ઠેઠનું કહેતાં પરમાત્માનું ભજન કરવું. તેથી આ લોકનું અને પરલોકનું સુખ મળે.

તન ધમ ધન સોંપ્યું એટલે શું ?

મનને અને તનને એકતા છે તેથી મન જાય તેની પાછળ તન કહેતાં દેહને લઈ જાય. માટે વહેવારિક કામ પ્રસંગે જ્યાં જવું હોય



ત્યાં જાય પણ ભક્તિ માર્ગે જ્યાં જવા ઘટિત ના હોય ત્યાં જાય તો મન આપ્યું નથી. તથા વહેવારિક બાબતે આપ-લે કરવી તેની છૂટી છે, પણ ભક્તિ બાબતે ખાવું ખવરાવવું, જવું-આવવું, બોલવું, આપવું-લેવું, બોલાવવું તે તો પુછ્યા વગર જેને જેને ભક્તિના વહેવારમાં વાપરો તે તો પૂછ્યા વગર કરો તે તન મન ધન સોંપ્યું નથી. માટે વહેવારમાં પૂછ્યા વિના કરો તેનો વાંધો નથી પણ ભક્તિના વહેવારમાં પૂછ્યા વિના જે જે કરો તે તન મન ધન સોંપ્યું ના કહેવાય.

મહારાજ કહે અમારી ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયરૂપ લીલા વિચારો તો મહિમા સમજાય. એમાં તો એ સમજવાનું છે જે કર્તા એક મહારાજ જ છે. એ વિના બીજો કોઈ નથી. ભગવાનને રાત-દિવસ નહિ, મારું તારું નહિ, સુખ દુઃખ નહિ. ભગવાન ક્યાંય ન હોય તેમ નહિ, તેમજ એમના મુક્ત પણ સર્વત્ર એ મૂર્તિને ભાળે છે.

જે વાસના કહેતા ઈચ્છા કહેતા સંકલ્પ વગરનો હશે તે જીતવાનો છે. જે જે વાસના હોય તેને સંતોલે ભક્તિ થાય ત્યારે તે વસ્તુ ભગવાન આપે અને તે ભક્તિ જાય માટે વાસના મૂળથી કાઢી નાખો તો સુખ થાય અને ભગવાનમાં વૃત્તિ રહે. પૈસા, સ્ત્રી, પદાર્થ તે તો ભગવાન ભજતાં મળશે. પણ ઈચ્છા ન રાખવી. જેમ મા-બાપ છોકરા સારુ ગોઠવણ કરે છે, પંખી જરજનાવર જેટલી

ગોઠવણ કરે છે તેટલી અક્કલ ભગવાનને નહિ હોય ? જે ભજન કરે છે તો મારે પૂરું કરવું પડશે. માટે ભજશો અને ઇચ્છા રાખશો તોય આવશે અને નહિ રાખો તોય આવશે. પણ ઇચ્છા ના રાખતાં આવે તે સાચુ, કહેતાં ભક્તિ જાય નહિ.

પ્રભુની અનેક લીલા છે તે જોવા નવું તર્ક કર્યા જેવું નથી. કારણ કે પ્રભુની અનંતકળા ને અનેકજગાએ જાવ આવ કરે દેખાય. વાતો થની હોય તે પણ દેખાય, સંભળાય. મનથી સંકલ્પ કરે તો તે પણ દખાય માટે નટની વિદ્યામાં કોઇને સમજણ નથી પડતી તો પ્રભુની લીલામાં કોઇને સમજ ના પડે. માટે જે જે થાય તે જોયા કરે પાર આવે. માટે પ્રભુની લીલાને કોઇ પહોંચ્યું નથી અને પહોંચશે પણ નહિ. ને જે જે શંકા કરે છે તેને સમજણ પણ નથી. માટે સંભારવા લીલા થાય છે.

ચાર ખીલા હોય તેમાં એક ખીલો બારીક અણીવાળો હોય તે જ્યાં નાંખે ત્યાં ચોંટી જાય. બીજા ચઢતા ઊતરતી અણીવાળા હોય તે જેવી અણી તેવો ચોટે, તેમ જેવો મનને વિષયમાં ચોંટાડવામાં સ્વભાવ ઉતાવળો છે તેવો ભગવાનનું સુખ ઓળખાય તો ત્યાં તુરત ચોટી જાય ને પાછું કાઢ્યું પણ નીસરે નહિ. કારણ કે મન તો સંતોલાના કાંટા જેવું છે . તે બરાબર નીકાલ કરે છે જે આમાં સુખ આ કરતાં સારુ છે એમ જાણે છે છતાં ય જાય છે. તે પેલું અસલ સુખ બરાબર આવ્યું નથી માટે



જાય છે. એ તો ગેડ બેસવી જોઇએ. જે વિષયમાં સુખ નથી દુઃખ જ છે તે દરેક અનુભવે છે ને જાણે છે છતાં તણાઇ જાય છે. એ માયાનો મોહ છે. મન સુખ ખોળે છે. તે ના મળે ત્યારે જે હોય તેમાં દહાડો કાઢે છે. પૂરું સુખ સાચું આવે ત્યારે સૂકાં હાડકાંની પેઠે ચાટે નહિ. ત્યાં લગી નાના છોકરાની ધાવણી અને કૂતરાની માંફક વિષયમાં મચ્યા રહે. એમાં કોઇનો વાંક નથી એ તો ભગવાને એવો ફેર ચઢાવ્યો છે કે સ્ત્રી અને સ્ત્રીથી ઉપજી પ્રજા તેમાં સહેજે હેત થાય છે. જ્યારે મૂર્તિમાં સુખ છે તે પામવા દાખડો કરવો પડે છે.

મુનિ મહારાજ કહેતા કે - જગતના બધા જ ધર્મો પ્રભુને પામવાના જુદા જુદા રસ્તા છે. તે મારફતે મનુષ્ય પ્રયત્નો કરતો કરતો અનેક જન્મે પ્રગટ પ્રભુને પામે છે અને પ્રગટ પ્રભુના પ્રસંગે કરીને પરમપદને પામે છે કહેતા જન્મ-મરણના ફેરામાંથી છૂટી પરબ્રહ્મ પુરુષોત્તમમાં લીન થઇ જાય છે.

આ લોકનું અને પરલોકના સુખનું મૂળ પ્રભુ સંભારવા એ જ છે. બીજા પુરુષ પ્રયત્ન કરતા જવું અને પ્રભુ સંભારવા જેથી આ લોક અને પરલોક સુધરે, એમ સર્વ શાસ્ત્રનો સાર છે" દેહ વહેવારમાં અને મન ભગવાનમાં" એમ રાખે તો જ એમને એમ ઠેઠ પાર પડે.

આ લોકમાં પેટ અને પેટની પછવાડે વળગ્યા, તેને માટે

પેટ-પોષણ કરવા ઉદ્યમ કરવો અને મનથી પ્રભુ સંભારવા એ જ જીવ્યાનો લાભ છે. કારણ ભજનનો વહેવાર મન છે, અને દેહ પોષણનો વહેવાર છે. દેહ પોતાનો વહેવાર કરે એનો ઢાળ પડી રહ્યો છે પણ એમ જ ભજનનો ઢાળ પડે એટલે તે પણ એના મ... થાય છે. જ્યાં સુધી નથી પડ્યો ત્યાં સુધી ઢાળ પાડવો પડે. તેમાં પ્રભુને અરજ કરે એટલે તે ધ્યાનમાં લઈને ભજન કરાય એવો જોગ સગવડ કરી આપે કહેતા મદદ કરે. પ્રભુને તો બધું સરખું છે. જીવને કહતાં ભક્તને સુખ પડે તેવા જ ઉપાય અને ત્રેવડ પ્રભુ આગળથી કરી રાખે. આગળ દુઃખ દેખાતું હોય પણ સુખ જ હોય. ભક્તને દુઃખ દેખાય પણ ભગવાન સુખ જ દેતા હોય. માટે જે સમયે જે બને તેમાં જ સુખ હોય એમ જાણી સદાય આનંદમાં રહેવું. શોક તો ક્યારેય ના કરવો.

દુનિયામાં કોઈ જગ્યાએ સુખ નથી; માત્ર દુઃખ મટાડવાના ઓસડિયા છે. આ દુનિયા એક મોટું દવાખાનું છે પણ સુખ નથી. સુખનું દવાખાનું તો "પ્રભુ અને તેના સંત" દુનિયાનું દવાખાનું, દુઃખ મટાડે જ્યારે પ્રભુનું દવાખાનું તે સંતના સમાગમે દુઃખ જાય કહેતા સદંતર નાશ થાય અને સુખ થાય માટે ભજન કરવું. સુખ તો ભગવાનની મૂર્તિમાં તથા આજ્ઞા એ બે માં જ રહ્યું છે.

પુરુષ પ્રયત્ન કરીને માયિક ભાવને ટાળીને અક્ષરરૂપ



પોતાના આત્માને માનીને ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતન કરે તો ખરેખરા સત્સંગી થવાય. આ બ્રહ્માંડ તે અક્ષરને વિષે અણું જેટલું જણાય છે. એવા અનંત કોટિ બ્રહ્માંડ, તે અક્ષરના એક રોમને વિષે ઊડતા ફરે છે એવું અક્ષરનું મહત્તપણું છે. તેથી પર પુરુષોત્તમ ભગવાન તેનો આપણને સાક્ષાત સંબંધ થયો ને ભાઈબંધી થઈ અને આપણને નામ લઈને બોલાવે ને રમાડે, વગેરે ક્રિયા કરે તે આપણા ભાગ્યનો પાર રહ્યો નહિ એવી આપણા ઉપર અઢળક દયા અને કૃપા કરી છે.

જીવના ગુરુ તો પોતાને જ થાવું. આપણે શું કરવા આવ્યા છીએ અને શું થાય છે. આ પળમાં અને આ ઘડીમાં મરી જાવું છે એવું જાણપણું રાખવું. ભજન કરતી વેળાએ અને વહેવાર કરો ત્યારે સો વરસ જીવવાનું છે તેમ સમજીને કરવો. વાસના ટળી ગઈ હોય તેવાને ઓળખીને તેનો સમાસ કરવો.

અંતરની તાણે ભજન કરવું તે શ્રેષ્ઠ છે. પુરુષોત્તમ પુરુષોત્તમ અખંડ રાખવું. આ દેહનો ભરોસો નથી માટે ભજન કરી લેવું. ભગવાનની મૂર્તિ ધારીને આત્મસુખ વડે પૂર્ણ રહેવું. ભક્તિમાં મોટાઈનો ભાવ રહેતો હોય તો તેવી ભક્તિ ના કરવી.

આપણે આનંદથી ભજન કર્યા કરવું. જેમ ગરીબના છોકરાને કંદોઈની ભુકરી ઠીક લાગે પણ કંદોઈના છોકરાને ઠીક ના પાડે. એનું કારણ કે અછત પડી તેથી સ્વાદ આવ્યો તેમ

સત્સંગ થયો ને પછી સંતરૂપી જે આત્મા તેમાં જે સંતરૂપી પરમાત્મા તેનો સંગ થયો તે પૂરો સત્સંગ થયો. હવે તેનું સ્મરણ કરે તો જેટલું સ્મરણ કરે તેટલો સાચો સત્સંગ થયો અને તે આનંદ સાચો. તે દિવ્ય મૂર્તિના દર્શન તો થયા પણ હવે તેનું મનન કરવાનું રહ્યું. તેમ નિત્ય કરવાથી સાક્ષાત્કાર થાય.

તમે લખ્યું છે "વિષયમાંથી વૃત્તિ તોડાવજો" તો અરે ભાઈ, ગાડામાં ખીલો કહેતા ખીંટો ભરાયો હોય તે કાઢવો હોય તો તેને બીજો ખીલો પાછળથી ઘાલીને ઠોકે ત્યારે પેલો કાઢવાનો ખીલો નીકળે છે. તેમ પંચવિષયથી વૃત્તિ તોડાવજો શું ? એ તો ભગવાનની મૂર્તિનો સુખરૂપી જે ખીલ્લો તે જેમ જેમ ઠોકશે તેમ તેમ પંચવિષય નીકળશે, કાઢવા નહિ પડે. પેલા ગાડાના ખીલાની માફક. ભગવાનની મૂર્તિનો આનંદ જેમ જેમ વધશે તેમ તેમ પંચવિષય ભોગવવા કઠણ પડશે. માટે કોઈ વાતે અકળાવું નહિ. માટે હે ભાઈ, પંચવિષય તો જેમ જેમ ભગવાનનું સુખ આવે છે તેમ તેમ ઓછા થશે. ઓછા કરવા નહિ પડે. સો વાતની એક જ વાત એ છે જે ખાતાપીતાં, હરતાંફરતાં, પોતાનો ધંધો કરતાં ભગવાન સહેજે સાંભરે તેટલા સંભારવા. જેમ નોકરી તેમાં મુદ્દો પૈસા કમાવવાનો છે તેમ ગમેતેમ ભજન કરો પણ મુદ્દો ભગવાન સંભારવાનો છે. માટે આનંદથી જેમ સાંભરે તેમ સંભાર્યા કરો એનો કંઈ છેડો લાવવાનો નથી.



જેમ ઘરમાં અનેક ચીજો હોય તે પરગામ લઈ જવી હોય તો બદલામાં પૈસા લીધા એટલે બધું તેમાં આવી ગયું કહેતાં તમો બધા ભગવાન સંભારો તેમાં બધું આવી ગયુ. હે ભાઈ, તમો બધા ભેગા થઈને ભજન કરો છો તેથી મને ઘણો આનંદ થયો. જગતમાં લોકો જુદી જુદી જાતની પ્રવૃત્તિઓ કરી વખત કાઢે છે અને આનંદ કરે છે. તેમ મારેને તમને આનંદ થયો જેથી હું રાત્રે કાગળ લખીને આનંદ કરું. ને તમો વાંચીને આનંદ કરો છો. બંનેની ગરજ સરે છે. અન્યોઅન્ય સામસામી ગરજે કામ થાય છે. માટે મારે વચલી રાત આનંદમાં જાય છે તેથી લખું છું. સો વાતની એક વાત હાલતાં ચાલતાં મૂર્તિ સંભારવી, નહિ તો નામ તો ખરું જ.

દેહ વહેવારમાં અને મન ભગવાનમાં એમ રાખે તો જ એમને એમ ઠેઠ પાર પડે. માટે સો વાતની એક વાત ભગવાન સંભાર્યા કરવા. એમાંથી જેમ થાય તેમ ખરું એમ મુદ્દો રાખવો.

બીજું લખ્યું છે જે ભૂલ થતી હોય તો માફી આપજો. તે તો જીવતો ભૂલેલો જ છે. એમા માફી શી ? કહેતાં ભૂલ્યો નથી. ભૂલતો જ નથી એમ જાણવાનું. માટે કશી ફીકર રાખવી નહિ. ભગવાંન માથે છે. આનંદથી ભજન કરો.

હે ભાઈ, તમે લખ્યું જે તમે અંતરમાં આનંદ વધારો છો, તેનો ઉત્તર જે હું શું વધારું ? તે તો બધું ભગવાનનું કામ છે, કારણ કે તમો અનેક જન્મના જૂના તો છો પણ આ જન્મે હાલ નવા આવ્યા ને પ્રભુનો જે આ લોકમાં દેખાતો દેહ તેનો ત્યાગ થયો,

તેનો તમને મનમાં શોક ના થાય તેને માટે ભગવાન તમને અતિશય આનંદ આપ્યા કરે છે. એ તો તમારા પૂર્વના સંસ્કાર પ્રમાણે તમને પ્રભુ આનંદ તમારી ભક્તિને લીધે આપે છે. પહેલાં જે ભક્તિ કરી હતી તે રૂપી ધન ઉધારીને ભગવાન સંકલ્પ સત્ય કરી દે. ભગવાન સંભારવાના મનથી છે. વહેવાર દેહથી કરવાનો છે. માટે બંને કામ એકી સાથે થાય. એકમેકની તાણ પડે નહિ. એમ કરવાથી અતિશય આનંદની પુરતી થાય.

હે ડાહ્યાભાઈ, સાંભળો જે આશ્રિત કહેતાં આશરો તે પ્ર. ૩૩ના વચનામૃતમાં આશરાનું રૂપ બતાવ્યું છે. જુઓ તમે પહેલવહેલા નવા આવ્યા તમને તાવી જોયા જે દસુંદ આપે તો આવે તે પ્રમાણે અઢી માસની તરત આપી તો તમને ચઢતો ને ચઢતો રંગ આનંદ થતો ગયો. કારણ જે પ્રભુનું વચન તમે પાળ્યું. પાછું ઠેલ્યું નહિ. પ્રભુને પૈસાની ખોટ નથી. છતાં પ્રભુના કાગળથી જ તમે શાહપુર આપી ગયા. જુઓ કાગળથી જ તમને સંશય થયો નહિ. માટે તમારો આશરો ખરો. લોયાના ૧૨ પ્રમાણે તો નિશ્ચય છે. તો પ્રભુએ ઉન્મત્ત પેઠે વાણી ઉચ્ચારી તો પણ તમે બંને નવા આવેલા છતાં કોઈ રીતે અભાવ આવ્યો નહિ. હવે અત્યારે તમે પાકા થયા. તમો ભેગા થઈને પ્રત્યક્ષ કથા કરો છો તો હાજર રહે છે તો જ તમે લખો છો. જે દિન દિન પ્રત્યે અતિશય આનંદ વધતો જાય છે.

ભગવાન ગમે તે પ્રકારે ચિંતવન કરાવે છે. સહેજે સહેજે



લીલા આવતી જાય છે, જેમ પ્રભુને ગમે તેમ જ થાય છે. માટે ભગવાન સંભારે જ પાર છે. એમાં કાંઈ ખોટ જવાની નથી માટે સંભારવા. અરે ! તમને તો સાંભરે સહેજે સહેજે એવાં વેણ શબ્દો સાંભળ્યા જ છે.

અમદાવાદ આવવાની વાત એમ છે જે હવે રાત રહેવાય તેમ નથી. આજ સુધી ઘણું રહ્યા - પડ્યા ને પાથર્યા. હવે તો અગિયાર સાડા અગીઆર વાગે અવાય અને સાડાચારની ગાડીમાં પાછું ઘેર અવાય એવું રહ્યું. મારે તો પહેલું પેન્શન ભોગવ્યું. જેમ કે સમૈયામાં પેટી આગળ બેસી રહેતો. એ પેન્શન ભોગવ્યું. હવે નોકરી કરવાની આવી. બે આવે બે જાય એમ ભરઢોળ થયાં જ જાય છે. તમારે મીલોમાં ક્યારે રજાનો જોગ હોય તે નક્કી નહિ. માટે જે ઘડીએ જે બને તેમાં જ આનંદ રાખવો. મન પ્રભુ સંભારે તે જ કરવાનું. કારણ કે સા. ૧માં જે પ્રગટ પ્રભુ ભગવાન તે જ મુને મળ્યા છે ને તે જ મારા આત્મમાં વિરાજમાન છે. વળી તરંગ ૧૩માં છે જે ભગવાનને સંભારે તો "જ્યાં જ્યાં જઈએ ત્યાં ધામ મનાય" કારણ કે ભગવાન છે ત્યાં જ ધામ છે. માટે પોતે સંભારીયે એટલે પોતે જ ધામ છે. માટે જે ઘડીએ જે બને તે ખરું. હવે કેવા ચરણમાં લેવા છે ? ચરણમાં જ છો. હવે કાંઈ બાકી નથી. જેટલી મૂર્તિમાં વૃત્તિ રહે તેટલો આનંદ રહે. મીલમાંથી આવીને મળસ્કે ચરણમાં બેઠા હતા તે યાદ લાવજો. વગર સંભારે સાંભરે ચરણ, પ્રભુ જેમ કરે તેમ સારું કરે

છે. ક્યાં જીવ જનારો છે ? આ જન્મે નહિ તો બીજે ફેરે માટે કશી ચિંતા કરશો નહિ તે ઉપર પ્રથમનું ૭૪નું બીજું પ્રકરણ વાંચજો.

ભગવાનના સંબંધમાં વધુ રહેવાય તેનો ઉત્તર જે બે પ્રકારે ભેગા રહેવાય. એક તો તન રહે અને બીજું મન રહે. તેમાં પેટ અને પેટની પછવાડે જે વળગ્યાં તેના ભરણપોષણના કામે તન જુદું પડે પણ મન તો રાત્રે નવરું હોય. જેને જેવો જોગ આવે ત્યારે તન અને મન બે ભેગા રહે. માટે જેવો જોગ આવે તે પ્રમાણે તન તથા મનથી સંબંધ રાખવો.

કીર્તનમાં છે જે "વાચક વિવેક શું ઉચ્ચારીએ" તે શું તો વિવેકસર વાતો કરીએ પણ વિવેક બહાર ના જતા રહેવું વળી કહેવત છે જે વાઘણનું દૂધ સોનાના પાત્રમાં રહે તેમ લીલારૂપી વાત ટકી રહે, નહિ તો ઝરી જાય. નાનું છોકરું જાય. તેને મોટું કરવા એક સામટું દૂધ ધવરાવે તો છેરી જાય. એ તો ધીરે ધીરે પચે તેમ ધવરાવે તો ગુણ કરે. તેમ અપરંપાર વાતો તો કોઈને રુચે અને ના રુચે તો માટે વિચારીને વાતો કરો તો ગુણ દે.

ભક્તિભાવમાં તો નવાજૂની હોય તે લખે પાર આવે નહિ. જેમ તળાવને કાંઠે જાય અને છાંટા ઉડ્યાની ઈચ્છા ના હોય તો સહેજે પાણીના છાંટા ઊડે જ જાય. માટે ભગવાન પાસે આવે કહેતાં આશ્રય લે તેને સહેજે ભગવાનના છાંટા રૂપી આશ્રય થાય તેથી લખે પાર આવે નહિ.

ઉત્તમ જે ઉદ્યમ કરવો અને ભજન તો થયાં જ જાય છે.



સમજાય નહિ. પેટને માટે ઉદ્યમ કરવો, શોકાતુર ના થવું. જે દિવસથી મોઢું જોયું તે દિવસથી જે કરવાનું તે થઈ ગયું. કારણ કે લોયાના ૧૨મા વચનામૃત પ્રમાણે કોઈ પ્રકારે શંકા નથી તો નિશ્ચય છે તો નિશ્ચયરૂપી ગર્ભ વધતો જાય છે માટે હવે ગર્ભને જેમ કાંઈ કરવું પડતું નથી. તેમ ભજનને કાંઈ કરવું પડતું નથી. ગર્ભ જેમ વધે છે તેમ ભજન વધે છે.

મહારાજ હતા તે નાગડા વૈરાગીની જમાતમાં ગયા. તે લંગોટી કઢાવી ત્યારે મહારાજનો છૂટકો કર્યો. માટે જ્યાં રહેવું હોય ત્યાં તેવું રહીએ ત્યારે ત્યાં સાનુકૂળતા આવે માટે જ્યારે આ લોકમાં રહેવું અને માયિક દેહમાં રહેવું. તેમાં ત્યાંની સામગ્રી જોઈએ અને પરલોકમાં રહીએ ત્યાં દિવ્ય દેહમાં રહીએ ત્યાં મૂર્તિ સામું જોઈ રહેવાય. માટે ત્યાં જઈશું ત્યારે અહીંનું મૂકી દઈશું. - લંગોટની માફક.

ઉત્તર જે, જે લખો છો તે સર્વે પ્રભુ સંભાર્યાથી થાય છે. તે વિના તો કોટી ઉપાય કરીએ પણ વાત બનતી નથી. પ્રભુ સંભારીએ તેથી પ્રભુ આપણી પાસે જ રહે તેથી ચોસઠ પદીમાં છે, "જેના અંતરમાં અવિનાશ વાસ કરી વસીયા તેના કામક્રોધ પામ્યા નાશ, લોભને મોહ ગયાં. એવા શત્રુતણું ટળ્યું સાલ, લાલ, જ્યાં આવી રહ્યા, તેણે સંત થયા છે નિહાલ."

પ્રભુ સંભારો અને ઉદ્યમ કરો. તેમાં જેવું સાંભરે તે ખરું. બીજું પ્રભુને માથે છે. કહેતાં પ્રભુ જાણી લેશે માટે કોઈ વાતે

આશરો કરે તો તે નિર્ગુણ થઇ જાય. તો હે, ડાહ્યાભાઇ તમો તો ભક્તિભાવે આશરો કર્યો છે તો હવે શું બાકી છે.

ભગવાનનો જેવો આનંદ તેવો આનંદ ધીમે ધીમે આવતો થાય. કારણ કે જેનો સંબંધ તેના જેવા ગુણ આવે એ તો સ્વાભાવિક રીત જ છે. તે પ્રથમના ૭૦માં છે. જે આશરાથી કલ્યાણકારી ગુણ આવે છે માટે હે ડાહ્યાભાઇ બેડધક રહો. ધણી સમર્થ છે ફીકર કરશો નહિ.

બીજું લખ્યું જે ઝાંઝરવાળા પગ નથી જોવા અને સોળ ચિહ્નવાળા જોવા છે. જ્યાં સુધી મન મળેલું હોય ત્યાં સુધી જોવા પડે અને ચિહ્નવાળા તો એક લક્ષ થાય ત્યારે દેખાય અને ઝાંઝરવાળા તો પ્રારબ્ધ કર્મ પ્રમાણે જોગ હોય ત્યાં સુધી જોવાના હોય. જ્યારે જોગ ના હોય ત્યારે મટે. માટે નથી જોવા ને જોવાના છે એમ ના રાખવું. જે ઘડીએ જેમ જોગ પ્રભુ રાખે તેમાં રહીને આનંદ કરવો. કોઇ વાતની ઇચ્છા ના રાખવી. એ જ સર્વ શાસ્ત્રનો સાર છે.

ભગવાન ભગતની રક્ષા નહિ કરે તો શું પથ્થરોની કરશે ? તે પણ પથ્થરની કરે છે તો મોટો ડુંગર થાય છે, અને ઉપર ઝાડ ઊગે છે અને નથી કરતા ત્યારે સૂકાઇ જાય છે. માટે આનંદથી પ્રભુ સંભારો. અને નવરાશમાં કોથળો લઇ સૂઇ જઇ પ્રભુ સંભારો એટલે પ્રભુ હાજરછે.

સૌ સૌને ખુશી પડે તેમ કરે. બીજું અંતરશત્રુ તો ઘણા વેરી



છે તે જીતાય તેવા નથી. ભગવું પહેરે કે ધોળુ પહેરે, પુરુષોત્તમ મહારાજે ધોળા સાધુની રીત તરંગમાં લખી છે - જે પોતાનું ખાઇને ભજન કરવું. અરે ભાઇ, આપણે શું ધોળું પહેરે કે કાળુ પહેરે કે લાલ પહેરે મન ભગવું નથી રંગાયું ત્યાં સુધી કાંઇ નથી. ને શ્રીજીએ તો લખ્યું જે એવો સાધુ તો હું છું. ઇન્દ્રિયો અંતઃકરણને, સિંહ બકરાને પકડે તેમ હું પકડું છું. બીજો કોઇ સાધુ નથી તો પછી, બધી વાત જવા દો. ને તમે તો એકાંતિકનો સમાગમ દેજો. તેનો ઉત્તર જે એકાંતમાં તો ઉપર પ્રમાણે એ જ એક જ છે. સમાગમ કરવા તો એક જ લાયક છે. ભગવાન વિના બીજે બધે ફાંફા છે. કોઇને તીખું ભાવે કોઇને ખાટુ ખારું ભાવે, ગળ્યું ભાવે, એવું આમાં છે. તે સૌ સૌની વાસના જેવી હોય તે રસ્તે લઇ જાય માટે પોતપોતાની દાઢી હોલાવો સામાની હોલવવા જઇએ તો પોતાની રહી જાય. માટે પ્રગટ ભગવાનનો સમાગમ કરી કાર્ય સાધી લેવું તે ઉત્તમ રીત છે.

ભગવાનમાં તો બધા ગુણ હોય કહેતાં સર્વગુણસંપન્ન હોય ને ભક્તમાં તો જેવી ભક્તિ તેવા ગુણ આવે. બધા સાધન પૂરા ક્યારે ? તો મૂર્તિ આપણી સાથે રહે એને વશ રહે અને ફાવે તેમ કહીએ તેમ કરે. દેખાયાની ઇચ્છા રાખવી નહિ, પણ ભજનમાં એકતાર વૃત્તિ પ્રભુમાં રાખવી. ધ્યાન કરતાં ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાય ત્યારે ભગવાન વશ થયા કહેવાય. પુરુષોત્તમ ભગવાનની દૃષ્ટિએ જોઇએ ત્યારે પુરુષોત્તમ સિવાય કાંઇ

ભાસતું નથી. મારા ચૈતન્યને વિષે સદાય આ પ્રગટ ભગવાન બિરાજમાન છે એમ જે અખંડ સમજે તેનાથી ભગવાન જરાય છેટા નથી.

હે ડાહ્યાભાઈ, હાલ મારાથી સરસપુર અવાય તેમ નથી. કારણ કે ભગતો આવવાના ચાલુ છે. નહિ તો બે કલાક આવી જાત. વળી બે-ત્રણ દિવ સુધીમાં પૂનમ આવે છે. માટે શું કરું? મારું મન સરસપુરના ભક્તો તરફ છે. તેવું બીજે હાલ કોઈ જગ્યાએ નથી. જેવું સ્વામિનારાયણે ભક્તચિંતામણીમાં લખ્યું છે જે "જેવી ભક્તિ ગુજરાતમાં, તેવી નથી ત્રિલોકમાં" તેમ સરસપુરના પ્રેમી ભક્તોથી મન તણાય છે. કે ક્યારે સરસપુર જવું પણ શું કરું? ધીરે ધીરે રસ્તો કરવા રાતદિવસ વિચાર રહે છે જે કયો રસ્તો કરું તો સરસપુર જવાય. સંજોગો એવા આવે છે તે બની શકતું નથી, કહેતાં વારાફરતી ચાલુ રહે છે. જેથી નવરાશ મળતી નથી. રાતદિવસ સરસપુરના ભક્તોનું જ ધ્યાન થયા કરે છે." જેવી ઈચ્છા છે તમને અમારી તેવી ઈચ્છા છે અમને તમારી." દેહ ભક્તો માટે ધર્યો પણ આતો બંધાઈ બેઠો છું. સરસપુર આવવા માટે છીંડા શોધું છું આગળ આવવાનું છીંડું જડે ત્યારે ખરું. બીજું હાલ જમણા પગે ઢીંચણમાં વા આવ્યો છે તે જકડાઈ જવાયું છે. બે જણનો ટેકો લઈ જાજરૂ - પેશાબ કરવા જવાય છે. શરીર નરમગરમ રહે છે. ખીચડી, ભૈડકું, દૂધ વિગેરે ખોરાક લેવાય છે. હાલ તો ક્યાંય પણ જવાનો



વિચાર બંધ રાખ્યો છે. ભાઈ હવે તો મન પડ્યું છે શું કરવું એનો વિચાર ચાલે છે. મારી ખબર પૂછવા સેવા કરવા હરિભક્તો આવે છે જાય છે. હાલ સમૈયા ભરવા નથી. આગળ જે વાત થાય તે સાચી.

હવે પ્રભુએ વિચાર બદલવા માંડ્યો છે. માંદગી ગ્રહણ કરી લીધી છે. હવે પ્રભુશ્રીની તબિયત સારી રહેતી નથી. હરિભક્તોના હૃદયના ધબકારા વધઘટ થતા જાય છે. શું થશે હવે પ્રભુજી શું કરશે. ડોકટર વૈદ્ય કોઈ પ્રભુને રાખવાની દવા કરી શકે તેમ નથી. હવે પ્રભુશ્રીએ દૃઢ કરી લીધુ કે હવે પાત્ર પૂર્ણ થયું છે. હવે નવો ચાલક ધર્મધૂરા સંભાળી લેશે. એમ વિચારી, અક્ષરાતીત શ્રી નારાયણ મુનિ મહારાજે સંવત ૨૦૧૦ના પોષ વદી ચોથને તા. ૨૩-૧-૧૯૫૪ના રોજ પોતાનું ઐશ્વર્ય અને પુરુષોત્તમપણુ શ્રી ડાહ્યાભાઈ શંકરભાઈને સોંપી આ માયિક દેહનો ત્યાગ કરી અંતર્ધ્યાન થયા.

# ડાહ્યાભાઈ મહારાજનું પ્રાગટ્ય

પરબ્રહ્મ પુરણ પુરુષોત્તમ શ્રી નારાયણ મુનિને અંતર્ધ્યાન થયે પંદર દિવસ થવા આવ્યા. પ્રેમી ભક્તો અસહ્યય શોકથી ઝૂરતા હતા તેમને શાંતિ રહે એ હેતુથી સત્સંગના મોટેરા ભક્તોએ દ્વિસપ્તાહિક પૂર્ણાહૂતિ દિન યોજ્યો. તે નિમિત્તે સત્સંગના બધા જ ભક્તો શ્રી નારાયણ કુંજમાં ભેગા થયા. પ્રભુશ્રીએ એક હરિભક્તમાં પ્રવેશ કર્યો અને કહ્યું 'સૂર્ય ઊગશે તે ઢાંક્યો રહેશે નહિ. આજથી પંદર દિવસમાં ખબર પડશે. પછી તો બીજા દિવસથી જ પરચા દેખાવા શરૂ થયા. નારાયણકુંજમાં વલ્લભભાઈને, દિવ્યદેહે મુનિ મહારાજ આવ્યા અને કહ્યું કે હું સરસપુરવાળા ડાહ્યાભાઈમાં રહ્યો છું. તેમના ભાઇ પસાભાઇને મીલમાં નામુ લખતાં એકતાર વૃત્તિ થતાં શ્રી નારાયણમુનિ અને ડાહ્યાભાઇ જરકશી વસ્ત્રો પહેરેલા બંને કુંજમાં મંદિરમાં મેડા ઉપર રાસ રમતા દેખાય.

બારેજાવાળા છોટાકાકાને તો જ્યારે મુનિ મહારાજ પોષ વદ ૪ને શનિવારે અંતર્ધ્યાન થયા તે રવિવારે પરોઢિયે જ મુનિ મહારાજે જઇને કહ્યું, "જે હવે હું સરસપુરવાળા ડાહ્યાભાઇનામાં રહ્યો છું."





શ્રી ડાહ્યાભાઈ મહારાજ
બાકરોલ

માસિયાના બે દિવસ અગાઉ શ્રી રૂપાળીબેન, બચુભાઈ (મોટા) તથા કપિલાબેન ત્રણે મળી વાત કરવા લાગ્યા કે બધાને પરચા થાય છે પણ આપણને કેમ નહિ ? પછી શાસ્ત્રના જ્ઞાન પ્રમાણે તેમણે ઠરાવ કર્યો જે - આજે શ્રી ડાહ્યાભાઈ આવે એટલે તેમને પ્રગટ પ્રભુ માનીને જ શ્રદ્ધાએ સહિત દર્શન કરવું અને રૂપાળીબેનને સમાધિમાં દેખાય તો સાચું માનવું. સાંજે શ્રી ડાહ્યાભાઈ આવ્યા અને ભજન રમઝટભર્યું શરૂ કર્યું અને તેમાં સાચે જ રૂપાળીબેનને સમાધિ થઈ. તેજમાં મુનિ મહારાજ અને પછી શ્રી ડાહ્યાભાઈ દેખાયા. તે સિવાય, એક નજરે પ્રભુશ્રી સામુ જોવાથી પ્રભુશ્રીનું તેજોમય રૂપ તો બચુભાઈ, હરીબેન, કપિલાબેન, પૂંજાકાકા, પસાંકાકા વિ. ઘણાને દેખાયું છે.

આવી રીતે પ્રભુશ્રીએ જે પંદર દિવસની મુદત આપેલી તે મુદતની અંદર ઠેર ઠેર પરચા થવા લાગ્યા. છેવટે કુંજમાં મુનિ મહારાજના માસિયા નિમિત્તે રવિવાર તા. ૨૨-૨-૧૯૫૪ના રોજ ભજન રાખવામાં આવ્યું હતું. શનિવાર સાંજના જ બધા હરિભક્તો આસપાસથી ભેગા થવા લાગ્યા. હવે તો શ્રી ડાહ્યાભાઈ પ્રત્યે બધાને સહેજે જ આકર્ષણ થતું અને તેમના સામું જોવાનું મન થતું.

બીજે દિવસે રવિવારે બપોરના ૧૨-૦૦ વાગ્યાથી ભજન શરૂ થયું. આજનું ભજન જ જુદું હતું. નવો રંગ બધામાં આવી ગયો હતો. સત્સંગનું વાતાવરણ આજે ઘણા સમયને અંતે ફરીથી મહેંકી ઊઠ્યું. શ્રી ડાહ્યાભાઈ ભજન મંડળીની વચ્ચે જ લાઈનમાં બેઠા હતા. ભજન બરાબર જામ્યું. એક પછી એક ચઢતા સૂરના ભજનો ગવાવા લાગ્યા. કેટલાય વખતથી અદૃશ્ય બનેલી સમાધિઓ એક પછી એક થવા લાગી. મોટી પોળવાળા દિવાળીબેન, હરિબેન, સરસપુરવાળા મામી, ધનલક્ષ્મીબેનની દીકરી, રૂપાળી બા, નારણભાઈ શેઠ, કેટલાય હરિભક્તોને સમાધિઓ થઈ. બધાં જ શ્રી ડાહ્યાભાઈ તરફ ખેંચાવા લાગ્યા. ત્રણ કલાક પછી ભજન શાંત થયું. સમાધિવાળા જેમ જેમ જાગવા લાગ્યા તેમ તેમ કહેવા લાગ્યા કે પ્રગટ પ્રભુશ્રી ડાહ્યાભાઈનામાં જ છે તેથી બધાને દૃઢ થયું.

રાત્રે ૮-૩૦ વાગે પ્રભુશ્રી (ડાહ્યાભાઈ) જાજરૂ જવા નીચે ઊતર્યા અને ત્યાંથી વલ્લભભાઈની રૂમમાં જઈ બેઠા. છેવટે છોટાકાકા ક્યાંકથી ગુલાલ લાવ્યા અને પ્રભુશ્રી જે અત્યાર સુધી સામા બેસતા નહોતા તે અચાનક કૂદીને ગાદી ઉપર બેઠા કે તરત જ પ્રભુનું આખું મુખ કંકુથી લાલઘુમ બનાવી દીધું તથા વસ્ત્રો પણ લાલ થઈ ગયા. પ્રભુ છત્રાયા થયા. બધા ભક્તોના મુખ ઉપર આનંદ છવાયો. અંતર ઉભરાવા લાગ્યા - પ્રભુ પ્રગટ



થયાના કીર્તનો "આજ મારે દિવાળી આવીરે" તથા 'પુરુષોત્તમ પ્રગટી રે" વિગેરે ભજનો ગવાવા લાગ્યા. છેવટે તાળીના ભજન શરૂ થયા "તારા નયણા ચાલે અટળપટળ" એ ભજન ગામડીના ઠક્કરે પૂરજોશમાં ગાવાનું શરૂ કર્યું, નવા પ્રભુજી ગાદીમાં ઊંચા થઈ થઈને કુદવા લાગ્યા.

આમ ધર્મની ધૂરા શ્રી નવા પ્રભુજીએ સંભાળી લીધી.


આ ધર્મની ધૂરા અવિરતપણે વહેવડાવવા માટે તથા દરરોજ સત્સંગ થાય તે હેતુથી શ્રી નારાયણકુંજ પાસે મંદિર બનાવવા માટે જમીન લીધી અને તેના પ્લાન બનાવડાવી મ્યુનિસિપાલિટીમાં મંજુર કરાવી દીધા. સાથે સાથે દશેરાના દિવસે નવાં મંદિરનું ખાતમુહૂર્ત કર્યું અને ત્રણેક મહિનામાં મંદિર તૈયાર થઈ ગયું. મંદિરનું નામ 'અક્ષરભુવન' રાખ્યું. અમદાવાદ અક્ષરભુવનમાં મુનિ મહારાજના દેહ છોડ્યા નિમિત્તે પોષ વદ ચોથનો પ્રથમ સમૈયો ભર્યો. ત્યાર પછી વર્ષમાં ત્રણ સમૈયા વૈશાખ, ભાદરવો ને પોષ, અક્ષરભુવનમાં ચાલુ કર્યા. આ ઉપરાંત દિવાળી, શરદપૂર્ણિમા, જન્માષ્ટમી, બળેવ, હોળી, ધૂળેટી વગેરે તહેવારો ઉપર ભજન તો રાખતા અને ભક્તોને આનંદ મંગળ કરાવતા.

શ્રી ડાહ્યાભાઈ મહારાજે ભાદરણમાં મંદિરની અસલ જગા મેળવી. શિખરબંધી મંદિર બનાવ્યું. તેમાં પુરુષોત્તમ

મહારાજની તથા શ્રી નારાયણ મુનિ મહારજનની મૂર્તિઓ, સને ૧૯૬૧, ૨૧મી જાન્યુઆરી સંવત ૨૦૧૭ને મહાસુદ પાંચમ - વસંત પંચમીના રોજ મોટો ઉત્સવ કરી વિધિપૂર્વક પધરાવી, પ્રાણપ્રતિષ્ઠા કરી, સાથે સાથે મુનિ મહારાજના પગલાં સુથારીયાવાળા ખેતરમાં વાજતેગાજતે વિધિસર પધરાવ્યા.

પ્રભુજીએ નવા મુમુક્ષુ જીવોનો પ્રભુમય બનાવવા માટે પોતાને વતન બાકરોલ પણ, ગામને ભાગોળે નવું ટાવરવાળું મંદિર 'પુરુષોત્તમ નિવાસ' બનાવ્યું. તમામ પ્રકારની સુખ સગવડ પોતાના ભક્તજનને મળે તે પ્રમાણે વ્યવસ્થા કરી.

હાલ પણ બાકરોલ પુરુષોત્તમ નિવાસમાં સમૈયા ચાલુ જ રહ્યા છે તેમજ અમદાવાદ, તથા ભાદરણ પણ સમૈયા ચાલુ જ છે. ભક્તો સમૈયામાં આવે છે આનંદ કરે છે અને ભક્તિરૂપી ભાથુ ભરી પાછા સ્વઘેર વિદાય થાય છે. ભાથુ વાગોળી આનંદ કિલ્લોલ કરે છે. ભાથુ પતવા આવે ત્યાં વળી સમૈયો આવે ભાથુ લઈ જાય વાગોળે આવે અને જાય એમ અવિરતધારા ચાલુ જ રહે છે.





# મંગલાચરણ
(શાર્દૂલવિક્રીડિત)

પાટીદાર કુળે તમે પ્રગટિયા, પ્યારા પ્રભુ પ્યારથી,
પૈસાદાર થયા ગરીબ ઘરના, કીર્તિ વધી ત્યારથી.
બાંધી ભવ્ય મકાન રાજ્ય કરતાં, ભેળાં કરી ભક્તને,
જાદુ કામ વડે ઠગાઈ કરતા, લાગો બધા જકતને.

આ લોકે અવતાર આજ હરિનો, શા કારણે તો થયો,
દેવા દર્શન દાન દાસ જનને, હું તો વિચારી રહ્યો.
આપે બોધ અનેક રોગ હરતા, ભેગા કરીને સંતને,
વંદુ તે જગરાયને વિનયથી, ગોવિંદ રાખી મને.

ભક્તોના શણગાર શ્યામ થઈને લાડો લડાવે સદા,
આપે સુખ સદાય દાસ જનને, ટાળી બધી આપદા.
એવા સુંદર શ્યામઆજ અવની, આવ્યા વળી ઓળખ્યા,
તેનાં પુણ્ય અપાર ભાગ્યભવમાં, જેને લલાટે લખ્યા.

લીલા લાડ લડાવવા પ્રગટિયા, પ્રેમીજનો કારણે,
આપે જ્ઞાન અનેક જીવ કરવા, સંસારથી બારણે.
આ લોકે સુખીયા કરે નવનવી, યુક્તિ બતાવી કરી,
અંતે અક્ષરધામ વાસ અરપે, સંસાર ના'વે ફરી.

માથે પાઘ જરી તણો ઝગમગે, તોરો રહ્યો ઝૂલતો,
ભાળી ભાલ વિશાળ ચંદન ભર્યું, ચંદો બન્યો શોભતો.
જામો લાલ રસાળ ઝીંક ઝળકે, મોતી તણી માળિકા,
પહેર્યો છે સુરવાળ લાલ, પગમાં મોજાં ઘણા શોભતા.

સેલું સુંદર શ્વેત કસતું, રાતો ખભે ખેસ છે,
બુટ્ટાદાર જરી તણો લટકતો, શોભે અતિ બેસ છે.
વીંટી વેઢ ધર્યો દશે કનકના શોભે કડા હાથમાં,
સાહી રેશમીયા રૂમાલ કરમાં ઊભા સખા સાથમાં.

શોભે સુંદર મુખ મૂછ મલકે, નાશા વસી ઉરમાં
કાને કુંડળ ફૂલ ગાલ ગમિયા, આવી વસ્યા ઉરમાં
કંઠે કુંદન શોભતી ઊતરીઓ, વાગે પગે ઘૂઘરી,
વંદુ વાર હજાર આ જગપતિ, ચિત્તે ધરી મૂરતિ.

જોયું રૂપ તમામ વ્હાલ કરિને, ખામી ન રાખી કશી,
મારા નાથ કરી દયા અમ ભણી, બોલો તો જરા હસી
હમેશાં અમને તમ ચરણમાં, રાખો સદા પ્યારથી,
આનંદે નિશદિન જાય મુનિને, આશા રહે ક્યારથી.

માથે છોગલિયું ધરી કર વિષે, માળા ગ્રહી પ્રીતથી,
પેર્યો છે કબજો વળી મનનમાં, રાખો સદા હેતથી.



ધોતી ઉર વિષે ઉતાર નિરખી, સંભારજે શ્યામને,
ઈચ્છાઓ સઘળી વિસાર મન તું, રાખી રૂદે રામને.

પાનુ હાથગ્રહી વળી મનના થાવા, આંખને મીંચતા,
વારંવાર ઉચ્ચારતા હરખની, છોળ્યો હરિ આપતા,
મુખે પાઠ કરીજ ધ્યાન કરતાં હાલે નહીં દેહડી
આનંદે નિશદિન જાય, મુનિને દેખી લઈ સ્નેહડી

## વસંતતિલકા

આ મૂરતિ પૂરવ પૂન્ય વડે મળે છે,
આ મૂરતિ સમરતાં દુ:ખડાં ટળે છે.

આ મૂરતિ મન ગમે સુખ શાંતિ થાય,
આ મૂરતિ ઉર ધરે ભવરોગ જાય.

આ મૂરતિ પરમ પાવન કામ ધેનુ,
આ મૂરતિ પ્રગટ છે ધર ધ્યાન તેનું

આ મૂરતિ સર્વ શાસ્ત્ર તણો જ સાર,
આ મૂરતિ અકળ કેમ પમાય પાર

આ પ્રાણનાથ નિરખી નયણાં કરે છે,
આ હિંચકો હૃદયમાં મુજને ગમે છે

આ મૂરતિ મનનથી ઉરમા ઉતારો,
આ ધામ ઠામ વસવા અવતાર મારો.
આ ગામ વાસ મળીયો અવતાર જેનો,
આ ઓળખ્યા જગપતિ ધન્ય જન્મ તેનો.
આ જોગ રોજ જગમાં સુખદા સદાય,
આ સંતસંગ મળીયો ગરવો ગણાય.
હે તાત આજ અવની તળમાં પધારી,
ભેગા કર્યા નિજજનો મમતા વધારી.
કાઢ્યા કલેશ સહુના અજ્ઞાન કાપી,
ધારો અખંડ સુખીયા કરવા તથાપિ.

દાતા સદા સુખ તણા જગમાં તમો છો,
ભૂલા પડેલ અમને ભવમાં ગમો છો.
ભૂલો સુધારી સુખડા કરતા જ સ્વામી,
વંદુ સદા વિનયથી અગણિત નામી.
જો આઠ જામ હરિમાં મનડું રખાય,
એકાદશી નિયમથી થયેલી ગણાય.
ઈન્દ્રિ આહાર, સઘળા તજતાં વિચારી,
રાજી થઈ મલપતા મળશે મુરારિ.



જોગી તણું જીવન તો વનવાસ માગે,
ભોગી ભલે ભવનમાં ભટકાય રાગે.
જોગી વસે નગરમાં જર જોરુ ચા'ય,
રાગી થતા વિષયનો નરકે જ જાય.

## આરતી

આરતી આજ અનુપ ઉતારું
હરિ નખશિખ રૂપ હૃદય બિચ ધારું...
ચરણ કમળ ચારુ શ્વેત મોજડડીઓ
શ્વેત ધોતી જરકશી ગડી પડીયો.....આરતી આજ......

સુંદર સદરો શ્વેત બદન પર,
ટોપી કલગી સહિત શિર ઉપર......આરતી આજ......

ટોપીમાં તોરા ચોરે ચિત મોરા,
ઝળક ઝળક છબી નવલ કિશોરા.....આરતી આજ......

ભાલમાં આડ કેસર કેરી ભાળી,
કુમ કુમ ચાંદલિયે હદવાળી.....આરતી આજ......
ગાલ ટીબકડી કરણ કડી છાજે,
ઊતરી હાર ને કંઠી વિરાજે.....આરતી આજ......

હેમ કડાં કર શ્વેત રૂમાલો,
વેઢ વીંટી કર પત્રિકા ભાળો.....આરતી આજ......

આવી છબી અખંડ રહો દ્રગ આગે,
દાસ નારાયણ એ વર માગે.....આરતી આજ......

## આરતી

(રાગ : જય અંતરજામી સહજાનંદ)

આરતી આજ ઉમંગે ઉતારું,
મૂરતિ મનમાં મોહનની ધારું,
શિર, પર સોનેરી પાઘ બિરાજે,
મોતી તણા માંહી તોરા છાજે...આરતી...
ભાલ વિશાળ તિલક અતિ શોભે,
કુંડળ કાન ટીબકડી મન લોભે...આરતી...
આંખલડી અણિયાળી જોઈને,
અલબેલા આવો મન રહ્યું મોહીને...આરતી...
નમણી નાસિકા નાથ નીરખતાં,
હરિજનનાં મન જોઉં હરખતાં....આરતી...
મૂછને મુખની શોભા શી કહું,
ફરકતો હોઠ હરિનો જોઈ રહું...આરતી...



અંગોઅંગ જરકશીયા છે જામા,
આવા અલબેલો આવ્યા છે સામા...આરતી...
કંઠમાં કનકની ઉતરીયો શોભે,
મોતીની માળામાં ચિતડું લોભે....આરતી...
દસ આંગળીયે વેઢ બિરાજે,
કનકનાં કડાં કરમાંહી છાજે...આરતી...
રેશમિયા રૂમાલ ગ્રહીને,
આનંદ આપે છે ધીરા રહીને...આરતી...
ચિત્તમાં ચિંતવન ચરણ કરું છું,
આવી અલબેલા મૂર્તિ હરું છું...આરતી...
આવાને આવા હંમેશા આવો,
મુનિના સ્વામી મહારાજ તમો થાવો....આરતી....

## ભજન (૧)

અક્ષરપતિ સાક્ષાત પધાર્યા અક્ષરપતિ સાક્ષાત
અનંતજીવોના ઉદ્ધાર કરવા, પ્રગટ્યા છે માનો વાત
પધાર્યા અક્ષરપતિ....
કસબી કોરની ધોતલી પહેરી,
નિરખી થાઓ ને રળિયાત...પધાર્યા અક્ષરપતિ...

સોનેરી બુટ્ટાદાર જાકીટ પહેરી,
ખેસ ખભે છે રૂડી ભાત...પધાર્યા અક્ષરપતિ...
પાઘ પેચાળી શિર બિરાજે,
તોરા મોતીની ઉત્તમ જાત...પધાર્યા અક્ષરપતિ...
ફૂલહાર મોતીહાર ગળામાં,
પહેરી બેઠા જોને પાટ...પધાર્યા અક્ષરપતિ...
મૂરતિ નિહાળી ઉરમાં ઉતારી,
સંભાળો એને દિનરાત...પધાર્યા અક્ષરપતિ...
જન્મ મરણના દુઃખડા ટાળશે,
કાળ માયાને મારી લાત...પધાર્યા અક્ષરપતિ...
પ્રગટ્યા પુરણ બ્રહ્મ પુરુષોત્તમ,
ગોવિંદ પાટીદાર નાત...પધાર્યા અક્ષરપતિ...

## ભજન (૨)

(રાગ : બમ્બઈસે આયા મેરા...)

અક્ષરથી આવ્યા મહારાજ - સંતો દર્શન કરો
પુરુષોત્તમ રાજાધિરાજ - સંતો દર્શન કરો..
ભાત ભરેલી છે ટો...પી, ફરકંતી કલગી રો....પી
તોરા હાલ્યા કરે ફૂમતા ઝૂલ્યા કરે - સંતો દર્શન કરો..
...અક્ષરથી



ચંદો રૂપાળો છે ભા.....લે, ટપકું રસીલું છે ગા....લે,
મુખડું મલક્યા કરે, કુંડળ ચળક્યા કરે-સંતો દર્શન કરો..
...અક્ષરથી

કંઠે હીરાના છે હા...રો, જામે સોનાના છે તા....રો,
તાળીયો પાડ્યા કરે, પાટમાં ડોલ્યા કરે, સંતો દર્શન કરો...
...અક્ષરથી

બાજુ પહોંચી કડ.....લાં, ઘડિયાળ વીંટીઓ સો.....હે,
પાવડી ચમક્યા કરે, ઝાંઝર ઝણક્યા કરે, સંતો દર્શન
કરો... અક્ષરથી

નારણ પડ્યો વાલા પાય..માં, હરઘડી રહેજો સહાય..માં,
અંતે આવો વહેલા, જો જો ના ભૂલી જતા, સંતો દર્શન
કરો.. અક્ષરથી..

## ભજન (૩)

(રાગ : ભાદરણવાળો એ મારો વાલો...)

નહિ રે ભુલાય હો તારું લટકું
પુરુષોત્તમ હો તારુ લટકું
નારાયણ હો તારું લટકું
ખમ્મા ખમ્મા હો તારું લટકું
ડાહ્યાભાઈ મહારાજ હો તારું લટકું

ગામડે આવતા, ઘેર ઘેર ફરતા,
ભક્તોને મળતા, કલ્યાણ કરતા......નહિ રે ભુલાય...

જોડે જોડે ચાલતા, હાથ મારો ઝાલતા,
નયણાં ઉછાળતા, વાત મીઠી કરતા...નહિ રે ભુલાય...

આસને બેસતા, આછું આછું હસતાં,
દરશન દેતાં, પાવન કરતા...નહિ રે ભુલાય...

કિરતન બોલતા, તાળી લગાવતા,
અંગે ઊછળતા, આનંદ કરાવતા....નહિ રે ભુલાય...

સાથે રમતા, સાથે જમતા,
ગોધરનભાઈ કહે, સૌને એ ગમતા...નહિ રે ભુલાય...

## ભજન (૪)

ચાલોને સંતો દર્શને જઈએ,
ભાદરણમાં ભગવાન રે વાજા વાગે છે...ચલો...
વાજાં વાગે ને અનહદ સાંભરે,
નૂરત સૂરત કરે સેવ રે - વાજા વાગે છે...ચાલો...
ગોરસ મેલી ગોપીઓ ચાલી,
રમે વાલા સાથે રાસ રે - વાજા વાગે છે...ચાલો...



રમતાં રમતાં રજની વીતી,
થયો અખંડ પ્રકાશ રે...વાજાં વાગે છે...ચાલો...
એ રે સમયનું સુખ બહુ સાંભરે,
ક્યાં જઈને કરીએ વાત રે...વાજા વાગે છે...ચલો...
ફૂલી રે ભામિની શું રે ભમે ને,
પીયુ વસે તારી પાસ રે...વાજા વાગે છે...ચલો...
દાસ ચીમનભાઈ એમ જ કહે છેને,
રાખો પ્રગટનો વિશ્વાસ રે...વાજા વાગે છે...ચલો...

## ભજન (૫)

ચૂંદડી મેં તો ઓઢી રે વાલ તારા નામની,
વાલા તારા નામની પુરુષોત્તમ તારા નામની...
મીંઢળ મેં તો બાંધ્યા રે વાલા તારા નામના
છેડલો મેં તો ઝાલ્યો રે વાલા તારા નામનો...
ખાવું પીવું ગમતું નથી, મનડું બીજે ભમતું નથી,
લગની લાગી છે પ્રગટ એક તારા નામની.
...ચૂંદડી મેં તો....
લોકો મારી વાતો કરે, ગાંડીને દિવાની ગણે
દુનિયાની લોક લાજ નથી મારે કામની...
...ચૂંદડી મેં તો...

મનથી તને માની લીધો જીવન સાથી જાણી લીધો,
ઘેલા બન્યા છે ભક્તો એક તારા નામમાં..
...ચૂંદડી મેં તો...

## ભજન (૬)

માગે લો માગે લો દેજો, જશોદા મૈયા કાનુડો,
માગે લો દેજો
આજની રજની અમે રંગભેર રમશું વાલા
પરભાતે પાછો માગી લેજો (૨)
જસોદા મૈયા માગેલો..

હાથી ને ઘોડા વાલા, માલ ખજાના વાલા
વેલ સજોડે તમે લેજો (૨) જશોદા મૈયા....માગેલો...

કાંબીને કડલાં વાલા, અણવટ દઈશું વાલા,
હાર હૈયાનો તમે લેજો (૨) જસોદા મૈયા...માગેલો...

જવને તલભાર ઓછો નહિ કરીએ વાલા,
ત્રાજવે તોળીને પાછો લેજો (૨) જસોદા મૈયા...માગેલો.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણવાલા
ચરણકમળ ચિત્ત રહેજો (૨) જસોદા મૈયા...માગેલો...



## ભજન (૭)

(રાગ : અમારી મંડળી રે સંતોના જુથની..)

વાલા તારી મૂરતિ રે-અમોને ગમતી
હાંરે પ્રેમી ભક્તોના મનડાને ભાવતી
આ મૂરતિ રે અમોને ગમતી...

મલકતું મુખડું આપે છે સુખડું,
દાઢી જોતા ભાઈ નાસે છે દુઃખડું હાંરે
એની આંખડીએ અમી ઝરતી આ
મૂરતિ રે... વાલાતારી...

ગાલ ગુલાબી નાશા છે નમણી,
ભાલે ચંદો વળી આપે શોભા ઘણી,
હાંરે મીઠી મોરલી મનડાને હરતી
આ મૂરતિ રે... વાલાતારી...

મોર મુગટને પહેર્યા છે કુંડળ
હાર ગુલાબી પહેર્યા છે સુંદર
હાંરે એની બુટ્ટાવાળી બંડી ચમકતી
આ મૂરતિ રે.. વાલા તારી...

પીળાં પીતાંબર પાયે છે ઝાંઝર,
જામો જરિયાની પહેર્યો છે સુંદર,

હાંરે વેઢ વીંટીયો હાથમાં શોભતી...
આ મૂરતિ રે... વાલા તારી...

પ્યારા પુરુષોત્તમની જોઇને મૂરતિ,
દાસ ચુનીભાઇના રુદિયામાં રમતી,
હાંરે સદા સંતોને સુખડા આપતી
આ મૂરતિ રે.. વાલતારી..

## ભજન (૮)

(રાગ : છાંડી કેદા'ડાનું પેણું પેણુ કરતી તી...)

વાલો કે'દાડાનો ઘેલો ઘેલો ફરતો તો,
સંતોને જોઇ હરખાતો તો,
એનું મુખલડું મલકાય મૂરતિ પ્યારી છે...
પાઘલડી કલગી સાથે છે,
કાનોમાં કુંડળ ચળકે છે,
રૂડો ચાંદલિયો સોહાય-મૂરતિ પ્યારી છે....
...વાલો કે'દાડાનો...

તનમનિયું ચિતડું ચોરે છે,
ફુલડાંના હારો હીલે છે,
મીઠી સુગંધી ફેલાય મૂરતિ પ્યારી છે...
...વાલો કે'દાડાનો...



બાજુ બંધ ગજરા બાંધ્યા છે, મોતી પહોંચા નંગે જડેલા છે,
કર લટકે મન લોભાય મૂરતિ પ્યારી છે...
...વાલો કે'દાડાનો..

કેડે પીળું અંબર લળકે છે,
જરિયાની જામો જોયો છે,
એની હીરની નાડી દેખાય મૂરતિ પ્યારી છે...
વાલો કે'દાડોનો...

ચરણોમાં ઝાંઝર જોડી છે,
દાસ મોજડીઓ જોઇ મન વારે છે,
તારી લટકાળી છે ચાલ મૂરતી પ્યારી છે..
વાલો કે'દાડોનો...

## ભજન (૯)

(રાગ : એક લાલ દરવાજે તંબુ તાંણિયા રે..)

મેં તો જોયો શામળિયો.. અક્ષરધામમાં રે લોલ..
મને લગની લાગી છે એના નામની રે લોલ...
એ..ઝીણવટથી મેં જોયું પ્યારા પુરુષોત્તમનું મુખડું
એ..મુખલડામાં મસ્ત બની હું થઇ ગઇ છું દિવાની..
...મેં તો...

એની પાઘલડીનું ફૂમતું, મારા અંતરમાં એ રમતું
એ..પ્યારી લાગે કલગી એના તોરાએ હદવાળી...
...મેં તો..

ઝળહળ ઝળકે ભાલ, ગોળ ચાંદલો લાલમલાલ,
એ.. ગાલે ટીબકડી ભાળી, એ તો દેખાયે બહુ રંગી..
...મેં તો..

કનક કુંડળ કાને, એ તો લલચાવે મનમાની,
એ.. ફૂલહાર શોભે પચરંગી રૂડા બાજુબંધ હાથે..
...મેં તો...

દશ આંગળિયે વેઢ વીંટી એની પહોંચી રત્ને જડેલી
એ...કેવો લાગે છેલ ગુમાની એ લટકા કરે નખરાળો..
...મેં તો...

પીતાંબરનો છેડો, એણે જમણા હાથે ઝાલ્યો,
એ...કેડોના કંદોરા, એણે ચંદ્ર તણી મંડળિયું..
...મેં તો...

પાયે મોજડીઓ ચમકતી, મારા દિલડામાં ખટકંતી,
એ..ચાલ ચતુરાઈ ચાલીવાળો ઝાંઝરીયા ખખડાવે..
...મેં તો...

હું તો વિનંતી કરું છું નાથ, લઈ જાજો તારી સાથ,
એ.. અંત સમયમાં સનમુખ રહેજે દાસ તમારો માગે..
...મે તો...



## ભજન (૧૦)

(રાગ : શ્યામ મારી પાસે પછી બીજાનું શું કામ છે...)

લગન મને લાગી શામળિયા તારા નામની
મોરલી ક્યાં વાગી શામળિયા તારા નામની..
નામ તારું વાંચીએ ને ગાઈ ગાઈ નાચીએ
એ.. ચઢી છે ખુમારી (૨)..
શામળિયા તારા નામની... લગન...

જોડે જોડે ચાલીએ ને ગાતાં ગાતાં હાલીએ
એ.. વાગી છે કટારી (૨)..
શામળીયા તારા નામની.. લગન...

ધ્યાન એનું ધરીએ ને નામ ધૂન કરીએ
એ.. બની છું દિવાની (૨)
શામળિયા તારા નામની..લગન...

ઘરકામ કરીએ ને મનમાં સમરીએ,
એ.... બની છું વૈરાગી (૨)
શામળિયા તારા નામની..લગન...

ગોરધનભાઈના સ્વામી ને પુરુષોત્તમના નામની,
એ પ્યારી લાગે વાણી (૨)
શામળિયા તારા નામની...લગન..

## ભજન (૧૧)

(રાગ : છલકાતું આવે બેડલું મલકાતી આવે...)

મલકાતી આવે મૂરતિ,
છલકાતું એનું રૂપરે-એ મૂરતિ નવ વિસરે...

શિરે પાઘ જરી તણો ઝગમગે,
લહેરે છોગલડે શણગાર છે
તોરા કલગી કરે કલશોર રે,
એ મૂરતિ નવ વિસરે.. મલકાતી આવે...

રૂડી ભાલે કેસર આડ છે,
લાલ ચાંદલો પૂનમચંદ છે,
મારું મનડું ત્યાં લલચાય રે,
એ મૂરતિ નવ વિસરે.. મલકાતી આવે...

કાળી ભ્રૂકુટિ કામણગારી છે,
રાતી આંખલડી અણિયાળી છે,
તારી પાંપણ પાપો હરતીરે,
એ મૂરતિ નવ વિસરે.. મલકાતી આવે...

તારી નિરમળ નાશા નમણી છે,
ગાલે ટીબકડી લાલ રંગી છે,



ઝીણી મૂછનો દોરો કાળો રે,
એ મૂરતિ નવ વિસરે...મલકાતી આવે...

પરવાળા અધરબિંબ લાલ છે,
ધોળા દાડમ કળીશા દંત છે,
શોભા ચીબૂકની નિહાળુ રે,
એ મૂરતિ નવ વિસરે...મલકાતી આવે...

કાને કડીઓ કુંડળ લળકે છે,
મોતી માણેક સાચા ચળકે છે,
ઝીણાં ઝૂમખાં ઝૂલમ ઝૂલરે,
એ મૂરતિ નવ વિસરે...મલકાતી આવે...

મુખડાની શોભા ન્યારી છે,
એને મનમાં ધાર્યા જેવી છે,
મારા અંતરમાં ઉતારું રે ,
એ મૂરતિ નવ વિસરે...મલકાતી આવે...

નવરંગી ઊતરીયોના હાર છે,
તેમાં હીરામોતી ભરપૂર છે,
કંઠ શોભે કળાયેલ મોર રે-,
એ મૂરતિ નવ વિસરે...મલકાતી આવે...

નંગ જડેલ બાંયે બાજુ બંધ છે,
રૂડા દશે આંગળિયે વેઢ છે,

સોના વીંટીમાં હીરા ઝળકે રે-,
એ મૂરતિ નવ વિસરે... મલકાતી આવે...
જરકશીયો જામો જોયો છે,
ટીબકડી તારે મઢાવ્યો છે,
રૂપા હીરની નાડી હાલે રે,
એ મૂરતિ નવ વિસરે...મલકાતી આવે...
પાયે ઝાઝર મધુરાં રણકે છે,
મારું ચિત્ત ચરણમાં અટકે છે,
એ રણકે ભાન વિસાર્યું રે,
એ મૂરતિ નવ વિસરે...મલકાતી આવે...
તારું ધ્યાન અંતરમાં ધારું છું,
દિવ્ય મૂરતિ માટે ઝૂરું છું,
પ્રગટ દર્શન માટે સ્વામી રે,
એ મૂરતિ નવ વિસરે... મલકાતી આવે...
તમે અક્ષરધામના ધામી છો,
મારા જીવનના સંગાથી છો,
મેં તો તન તમને સોંપ્યું રે,
એ મૂરતિ નવ વિસરે...મલકાતી આવે...



## ભજન (૧૨)

(રાગ : મે ક્યા કરું રામ મુઝે બુઢા...)

હું બહું રાજી થાઉં આજે વાલોજી આવ્યા
હું બહું ખુશી થાઉં-- આજે વાલોજી આવ્યા
સંત પધાર્યા સ્વામી સાથે પાવન કરવા આગણું,
હું ગાંડો ઘેલો થાઉં--આજે વાલોજી આવ્યા...હું બહું...

પ્રેમ કરીને પગલાં દીધાં, પાવન કરિયું આંગણું,
હું વારી વારી જાઉં - આજે વાલોજી આવ્યા...હું બહું...

સુંદર ગાદી તકીયા મૂકી, શ્વેત બિછાવી ઓઢણી,
હું તો સંતો સાથે ગાઉં--આજે વાલોજી આવ્યા..હું બહુ..

તોરાવાળા ફૂલના ગજરા પ્રેમે મે પહેરાવીયા
હું કુમ કુમ અક્ષત લઉં--આજે વાલોજી આવ્યા.. હું બહું...

પ્રેમ કરીને આરતી ઉતારું, કરવા સાગર પાર રે,
હું પીરસું સુંદર થાળ--આજે વાલોજી આવ્યા...હું બહું...
ભાવતા ભોજન હેતે ધરાવી, રાજી કરીયા શ્યામને,
સંભાળ લેજો શ્યામ, દાસ વિઠ્ઠલ તો ગાવે...હું બહું...

## ભજન (૧૩)

(રાગ : નાગર નંદાજીના લાલ કનૈયા તારો છે આધાર...)

શાહપુરવાળા નારાયણરાય અમને તારો છે આધાર
અમને તારો છે આધાર (૨) શાહપુરવાળા નારાયણ...
અખંડ મુનિવ્રત ધરનારા, શાહપુર ધામે છો વસનારા
પ્રગટ પુરુષોત્તમના લાલ નારાયણ--તારો છે આધાર....
શાહપુરવાળા...

જરકશી જામાના પહેરનારા, ચરણોમાં પાવડિયો ધરનારા,
એથી શોભે છો બહુ સારા નારાયણ--તારો છે આધાર...
શાહપુરવાળા....

સમૈયા ત્રણ વાર ભરાયે, તેમાં સંતો હજારો આવે,
દરશન ભાવે ભાવે દેતા નારાયણ--તારો છે આધાર...
શાહપુરવાળા...

પુરુષોત્તમની સેવા કીધી, તેથી પદવી તમને દીધી,
કૃપાકરી પ્રગટ થયા મહારાજ, નારાયણ-તારો -છે આધાર..
શાહપુર વાળા...

જેણે દરશન તારા કીધાં તેનાં પાપ સરવે તે લીધા,
તારી લીલા અપરંમપાર નારાયણ તારો છે આધાર..
શાહપુરવાળા...



દાસ વિઠ્ઠલ કહે કરજોડી, મેં તો વૃત્તિ તમારામાં જોડી,
હરરોજ લેજો મારી સંભાળ--નારાયણ તારો છે આધાર....
શાહપુરવાળા...

## ભજન (૧૪)

રાગ : (મેરે મનકી ગંગા...)

મનમાં તારી મૂરતિ ધારી શ્રદ્ધા છે ભારી,
બોલ વાલા બોલ મરજી આજે શું તારી,
અરે... બોલ વાલા બોલ મરજી આજે શું તારી...
હું છું વાલા બાળક તારો, મુજને એક સહારો તારો,
મનડા કેરું દુઃખડું મારું દૂર થશે કે નહિ...
બોલ વાલા... મનમાં...

હરઘડી હરપળ નામ જ તારું, મુખડે થી હું રટતો,
અંતરમાં અંતર શત્રુ જાશે કે નહિ...બોલ વાલા..મનમાં...
વર્ષોથી હું તુંજને જાણું, નામ રટીને આનંદ માણું,
દિવ્ય સ્વરૂપે દર્શન વાલા કેમ બતાવો નહિ...
બોલ વાલા...મનમાં...

વિઠલ વાલા વિનંતી કરતો, મસ્ત થઈને જગમાં ફરતો,
અંત સમયમાં અક્ષરધામે લઈ જશો કે નહિ...
બોલ વાલા..મનમાં...

## ભજન (૧૫)

(રાગ : ઓ દો દીવાને દીલકે ચલે હે બને બનકે..)

હો હરિ ભજવાને હો હરિ ભજવાને,
હો આવો (૨) આવોને કરી પ્યાર...

હરિ ભજવાને પ્યારથી આવો,
દર્શન કરીને હરિને રિઝાવો,
હરિને રીઝાવો ખૂબ કમાવો,
ખૂબ કમાવો ભાઈ હરિમાં હેત લાવી..
હો આવો... હો હરિ....

અધમ ઓધારણ પ્યારના સાગર,
આપ કહેવાઓ નટવર નાગર,
નટવર નાગર દયાના સાગર,
દયાળુ દયા લાવો ભક્તોના સ્વામી કહાવો... હો આવો...
...હો હરિ...

પતિત પાવન આપ કહેવાઓ,
દીન દુ:ખિયાની સહાયે આવો,
સહાયે આવો વાલા મુખ મલકાવો,
મલકાવો હરિ મુખડું જોયું છે એમાં સુખડું-હો આવો...
...હો હરિ..



આશરો મુજને એક તમારો,
આજ પ્રભુજી મારો કે તારો,
મારો કે તારો પ્રભુ હું છું તમારો,
તમારો બન્યો વાલા શરણે આવ્યો છું તારા હો આવો...
...હો હરિ....

દાસ વિઠલની વિનંતી વાલા,
કરું છું તમને કાલાઘેલા,
કાલા ઘેલા હરિને વ્હાલા,
હો વ્હાલા લાગો પ્યારા આવોને હરિ મારા હો આવો...
...હો હરિ...

## ભજન (૧૬)

(રાગ : જ્યોત જ્યોત સે જગાતે ચલો...)

નામ હરિનું તું લેને ભાઈ,
નામ પુરુષોત્તમનું લેને ભાઈ...

મહિમા એનો છે બહુ ભારી મુજથી કહ્યો ના જાયે
અવસરના...વે અવસર ના આવે વારે વારે...નામ...
માયા તૃષ્ણા મમતા મેલો માન અભિમાન ભારિ,
સર્વ દો.....ષો સર્વે દોષો દેજો બાળી.......નામ....

જુટ્ટી દુનિયા જુટ્ટી માયા એમાં રહ્યોં શું ફસાઇ,
સમય સુ...ધારો, સમય સુધારો વિવેકી ભાઇ....નામ...
અક્ષરધામના સ્વામી મળિયા મૂરતિ અંતર ધારી,
ભવસા.....ગરથી ભવસાગરથી દેશે તારી.....નામ...
દાસ વિઠલના રૂદિયે રહેજો કહેવાનું હોય તે કહેજો,
અંત સમય...માં અંત સમયમાં પાસે રહેજો.....નામ....

## ભજન (૧૭)

(રાગ : નંદકુંવર નાનો રે કાનો રમે છે મારી કેડમાં...)

છેડલો ઝાલ્યો રે...મનનો માનીતો મારો કાનજી
મીઠડું બોલ્યો રે....મનનો માનીતો મારો કાનજી...
સૈયર મોરી.....મારું મનડું મોહ્યું છે એના મુખડે,
મંદ મંદ હસતો રે - મનનો માનીતો મારો કાનજી...
....છેડલો...

સૈયર મોરી... મારા નયણાં ચોટ્યાં એનાં નેણમાં,
આંખને નચાવતો રે-મનનો માનીતો મારો કાનજી..છેડલો.
સૈયર મોરી....મારું તનડું લોભાણું એના તનમા,
બાથ મને ભીડતો રે - મનનો માનીતો મારો કાનજી...
...છેડલો...



સૈયર મોરી... મારું ચિતડું લોભાણું એની ચાલમાં,
થેકડી લગાવતો રે. મનનો માનીતો મારો કાનજી...
...છેડલો...

સૈયર મોરી... મારી પ્રિતી પુરુષોત્તમના પ્રેમમાં,
નારણને ભાવતોરે, મનનો માનીતો મારો કાનજી...
...છેડલો....

## ભજન (૧૮)

(રાગ : વાલા તારા રંગમાં આવ્યો...)

પુરુષોત્તમ ભગવાન છે નારાયણ ભગવાન છે,
શોભે છે સમૂહમાં રે, શોભે છે સમૂહમાં રે..
સમૈયાની રાતમાં, પુરુષોત્તમ નિવાસમાં,
સંતોની જમાતમાં રે - શોભે છે સમૂહમાં રે....
...પુરુષોત્તમ...

વાંકડીયાળા વાળ છે, પાંપણીયા પલટાય છે
મુખડું મલકાય છે રે - શોભે છે સમૂહમાં રે...
...પુરુષોત્તમ...

લાલ પીળી પાઘડી, ગાલોમાં ટીબકડી
બોલી એની મીઠડી રે, શોભે છે સમૂહમાં રે...
...પુરુષોત્તમ...

કુંડળ શોભે કાનમાં મોતી માળા કંઠમાં
ચંદો શોભે ભાલમાં રે - શોભે છે સમૂહમાં રે..
...પુરુષોત્તમ...

જમાનો ઝબકારો છે, બંડીમાં ચમકારો છે
સેલું શોભાદાર છે રે--શોભે છે સમુહમાં રે..
...પુરુષોત્તમ...

પીતાંબર સોહાય છે, કંદોરો દેખાય છે,
મનડું લોભાય છે રે - શોભે છે સમુમાં રે...
...પુરુષોત્તમ...

ઝાંઝરીયા ઝમકાય છે, મોજડીઓ ચમકાય છે,
ગોરધનભાઈ હરખાય છે રે-શોભે છે સમુહમાં...
...પુરુષોત્તમ...

## ભજન (૧૯)

હાં હાં હરિ ભજવાને હોહો પ્રભુ ભજવાને,
શાહપુર આવો પ્રેમ કરીને..

પહેલાં પ્રભુ ભજવાને દૂર જવું પડતું
હવે તો સુગમ ઘણું પાસે ઘણું થયું,
હાં હાં વાલે કૃપા કીધી (૨)...
શાહપુર આવો પ્રેમ કરીને..હાં હાં હરિ...



સંત મંડળના જૂથ ઘણાં આવે,
ભેગા થઈને સર્વે ધૂન મચાવે,
હાં હાં લ્હાવો લેવો હોય તો (૨)...
શાહપુર આવો પ્રેમ કરીને...હા હા હરિ....

ફરી ફરી આવો વખત નહિ આવે,
વરસમાં ફક્ત ત્રણ વાર આવે,
હાં હાં વિઠ્ઠલ સેવા કરવા (૨)
શાહપુર આવો પ્રેમ કરીને...હાં હાં હરિ....

## ભજન (૨૦)

વાલો પ્રગટ થઈને પુજાય છે રે
એ તો પુરણ પુરુષોત્તમ કહેવાય છે રે..
તાલી પાડીને કિરતન ગાય છે રે
એ તો પુરુષોત્તમ ધૂન મચાવે છે રે....
.....વાલો પ્રગટ...

વાલો મુગટ કલગીએ સોહાય છે રે,
એના કુંડળે મન લલચાય છે રે...વાલો પ્રગટ.....
તારું મુખડું મરક મરક થાય છે રે,
એ તો ફૂલોના હારે ઢંકાય છે રે....વાલો પ્રગટ...

તારો જામો ઝબૂકતો દેખાય છે રે,
તારી બંડી બુટ્ટાવાળી ઝળકે છે રે...વાલો પ્રગટ...
હાથે ઘડિયાળ વેઢ સોહાય છે રે
હીરા વીંટીઓ એ મન લલચાય છે રે...વાલો પ્રગટ...
વાલો પીળા પીતાંબરે સોહાય છે રે..
એનો કંદોરો મન હરી જાય છે રે...વાલો પ્રગટ...
વાલો મોજડી પે'રીને સોહાય છે રે
એના ઝાંઝરે ભાન ભુલાય છે રે...વાલો પ્રગટ...
પ્રેમી ભક્તો તારા ગુણ ગાય છે રે
તારા નામની અમારે સહાય છે રે...વાલો પ્રગટ...

## ભજન (૨૧)

(રાગ : મલકાતી આવે મૂરતિ છલકાતું એનું રૂપ રે..)

ભક્તોના સ્વામી શામળા,
મારે મંદિરિયે પધારો રે,
કરજોડીને કરગરીએ...ભક્તોના...

પુરુષોત્તમ છો તમે પાતળા,
બહુ લાગો છો તમે રૂપાળા,



મારા નયણાં આગે રહેજો રે,
કરજોડીને કરગરીએ...ભક્તોના...

તમે નંદકુંવર છો લટકાળા,
તમે મોહન છો મોરલીવાળા,
તારી મૂરતિ રૂદિયે રહેજોરે,
કરજોડીને કરગરીએ...ભક્તોના...

કાનુડા રંગે છો કાળા,
તમે ગાયો તણા છો ગોવાળા,
મને શરણે તમારે લેજો રે,
કરજોડીને કરગરીએ...ભક્તોના...

કાનુડા રંગે છો કાળા,
તમે ગાયો તણા છો ગોવાળા,
મને શરણે તમારે લેજો રે,
કરજોડીને કરગરીએ...ભક્તોના...

તમે રાસલડીના રસવાળા,
દાસ ભક્તોના તમે રખવાળા,
તારા નિત નિત દર્શન દેજોરે,
કરજોડીને કરગરીએ...ભક્તોના...

## ભજન (૨૨)

(રાગ : ભગવાન રે મારા મંદિરમાં ઉભા...)

વાહ રે વાહ મારો સખો સુંદર છે,
એ...પુરુષોત્તમરાય ભાવ ભર્યો ભૂધર છે... વાહ રે....

ગોરું, ગોરું લાલ ગુલાબી મુખ છે
કાળા પાંપણવાળી અણિયાળી આંખ છે
એ...મોહક બાણવાળી દૃષ્ટિ અચૂક છે....વાહ રે..

પંચરંગી ફૂલના હૈયે છે હારલા
લાલ રૂડા જામામાં સોનાના તારલા
એ... મુગટમાં કલગીને મોતીના તોરલા...વાહ રે..

પહેરી છે પહોંચીઓ ને કાંડે ઘડિયાળ છે
બાયે બાજુ બંધ સોનાના વેઢ છે
એ... વાંકી ચૂકી થતી સુંદર કેડ છે.....વાહ રે...

કેડે કંદોરામાં સોનાનું ઝુમખું
નારણનો નાથ જુઓ મારે છે ઠુમકું
એ.....અક્ષરભુવન આખું ધમ રે ધમતું.....વાહરે....



## ભજન (૨૩)

મને વા'લો વા'લો લાગે, મને પ્યારો પ્યારો લાગે,
એ હરિબાનો જાયો...

હરિબાનો જાયો એ તો શંકરભાઈનો લાલો,
લે'રી એ લટકાળો (૨) એ હરિબાનો જાયો....મને...

મોર મુગટને કાને કુંડળ પીળા પીતાંબર શોભે,
જરકશી જામાવાળો (૨) એ હરિબાનો જાયો...મને...

ગળે વૈજન્તીમાળા પહેરી, ચાલ ચતુરાઈ ચાલે,
કરે ઝાંઝરનો ઝણકારો (૨) એ હરિબાનો જાયો...મને...

શાહપુર ગામને મારગ જાતાં, મારગડો એ રોકે,
મારી મહીની મટુકી ફોડે (૨) એ હરિબાનો જાયો...મને...

મહી વેચવા જાઉં ત્યારે પાછળ પાછળ આવે,
મારા મીઠડાં ગોરસ ઢોળે (૨) એ હરિબાનો જાયો...મને...

## ભજન (૨૪)

(રાગ : વાલા તારા રંગમાં આવ્યો છું ઉમંગમાં...)

વાલા તારા સંગમાં રંગાયો છું રંગમાં,
મૂરતિના સંભારણા રે.. ઘડીએ ઘડીએ થાય વાલા રે...
રાચું તારા રૂપમાં, ગાજું તારા નામમાં,
આનંદ કેરા આભલા રે - ઉડી ઉડી જાય વાલા રે...
વાલા તારા...

બાંધુ પ્રેમ દોરડે, બેસાડું મારા ઓરડે,
ભવોભવના દુઃખડા રે, ભાગી ભાગી જાય મારા રે..
વાલા તારા...

આવો મારા દેશમાં,, શામળિયાના વેશમાં,
ડંકો આખા દેશમાં રે.. વાગી વાગી જાય વાલા રે..
વાલા તારા...

પ્રીતિને નિભાવજો ગોરધનભાઈને ભાવજો
દર્શન માટે દિલડું રે - દોડી દોડી જાય વાલા રે..
વાલા તારા...

*



## ભજન (૨૫)

વાલીડાની મૂરતિ હૈયું હરખાવતી,
નેણાં આગળ નાચે રે - ધારી ધારી જોઉ એને રે...
મુગટ ધારી કલગી છે સારી,
તોરા ધીમે હાલે રે - ધારી ધારી જોઉ એને રે..
વાલીડાની...

અણિયાળી આંખડી, ગાલે ટીબકડી,
ચાંદલિયો છે ભાલે રે - ધારી ધારી જોઉ એને રે...
વાલીડાની...

ગોરું ગોરું મુખ છે, નિર્મળ નાક છે,
ધીમે ધીમે ડોલે રે - ધારી ધારી જોઉ એને રે....
વાલીડાની...

લાલી ભર્યા હોઠ છે, કોમળ કંઠ છે
હાર હૈયે હાલે રે - ધારી ધારી જોઉ એને રે..
વાલીડાની..

જામો ઝબૂકતો મનડા લોભાવતો
મીઠું મીઠું બોલે રે - ધારી ધારી જોઉં એને રે..
વાલીડાની...

રંગે છે ગોરો   કેડમાં કંદોરો
નારણ સંગે ખેલે રે - ધારી ધારી જોઉં એને રે..
વાલીડાની...

## ભજન (૨૬)

(રાગ : તારી ધોળી ધજાઓ ફરકે...)

તારું મુખડું સુંદર શોભે એતો મનડું મારું લોભે,
કે જોઇ મારું મન લલચે હો (૨)
શામળિયા... તારું...

હો...હો... તારી ઝીક ભરેલી ટોપી,
હોજી હો વાલા એ તો સુંદર ઓપી,
કે એણે મારું ચિત્ત ચોર્યું રે હો (૨) શામળિયા...તારું...

હો...હો...રૂડો ચંદો ભાલે શોભે,
હોજી હો એ તો મનડું મારું લોભે,
કે શોભા તારી શી કહુ રે હો (૨) શામળિયા..તારું...

હો...હો... વાલા કંઠે માળા ધારી,
હોજી હો મેં તો મૂર્તિ મનમાં ઉતારી,
કે વાલા મારા રાજી રહે જો રે હો (૨) શામળિયા...તારું...



હો...હો પીતાંબર સુંદર પહેર્યું,
હો જી હો છૂટે તેજ તણી બહુ સેર્યો,
કે હારે ભક્તો આનંદ પામે રે હો(૨) શામળિયા...તારું..

હો...હો....ચરણોમાં મોજડી સારી,
હોજી હો એમાં ભાત પડાવી છે ભારી,
કે ચાલ લટકાળી લેજો રે હો (૨)....શામળિયા...તારું...

હો...હો..દાસ વિઠ્ઠલની છે અરજી,
હોજીહો વાલા જેવી તમારી મરજી,
કે વાલા મારા રાજી રહેજો રે હો (૨) શામળિયા....તારું...

## ભજન (૨૭)

(રાગ : મારા અંતરમાં હેત ઉભરાય શ્યામ તને જોઇને..)

મને વાલી લાગી ઉરમાંય-મૂરતિ મનહરની...
તેજ તેજેથી ભરપૂર દેખાય-મૂરતિ મનહરની....
ઝીક ઝળકતી ટોપી મૂકી છે હરિ,
લાલ ફૂમતા ને મોતીના તોરા ધરી,
રૂડી કલગીને ચંદો સોહાય-મૂરતિ મનહરની.. મનેવાલી..

સોનાકુંડળ નીચે ઝીણા ઝૂમખાં ઝૂલે,
રૂપ મુખડાનું નિરખતાં છાતી ફૂલે,
મીઠું મરકીને ધીરે ડોલાય-મૂરતિ મનહરની...મને વા'લી..
લાલ બંડી મઢાવી સોનાને તારે,
ચિત ચોટ્યું મુલાયમ પીતાંબરે,
વયે સોળ વરસની જણાય-મૂરતિ મનહરની..મને વા'લી..
અંગે અંગમાં પહેર્યા આભૂષણ ઘણાં,
પાયે ઝાંઝર પહેરી ભરે ડગલા નાના,
ભાવ ભરી નારણને દેખાય-મૂરતિ મનહરની..મને વા'લી...

## ભજન (૨૮)

ભાદરણ ગામ સુંદર હરિઠામ, વસે નારાયણ ઘનશ્યામ
મહિમા ગાવા હરખ્યું છે હૈયું જેનું વર્ણન નવ જાય કહ્યું,
શાંત સ્વભાવે ગુણે ગંભીર, પ્રભુ સંભારે થાઈને સ્થિર,
દેહ ધારણ ભક્ત કારણ-ધન્ય એવા મુનિ નારાયણ...
...ભાદરણ...

બ્રહ્મ સ્થિતિમાં રહે છે હંમેશ, અખંડ ધારી રહે પરમેશ,
આવ્યા અક્ષરથી હરિ સાથ, દેહ ધર્યો ભક્ત જન માટે,



મન મગન અખંડ આનંદ, ભક્ત જનના પરમાનંદ,
નિજ જનના ભવતારણ - ધન્ય એવા મુનિ નારાયણ...
...ભાદરણ...

પુરુષોત્તમનું બીજું સ્વરૂપ, ઘણા ઐશ્વર્ય છે વળી યુક્ત,
ઠેરઠેર રક્ષા કરે આજ, જેણે વશ કર્યા મહારાજ,
બ્રહ્મા વૈરાટ ઈન્દ્ર ઈશ્વર, હાથ જોડી આગે રહે હજૂર,
અનંત જીવોના દુઃખહારણ - ધન્ય એવા મુનિ નારાયણ..
...ભાદરણ...

કાળકર્મ માયા શક્તિ જેહ, રહે આજ્ઞામાં નિશદિન તેહ,
મારે કર્મની રેખ પર મેખ, જીવ પ્રાણી માત્રના પ્રેરક,
જેના એક રૂંવાડાની માંય, કોટિ બ્રહ્માંડ ઊડતા જણાય,
નવ અડે જેને આવરણ - ધન્ય એવા મુનિ નારાયણ....
...ભાદરણ....

ભાલ વિશાળ નેણાં રસાળ, ભક્તજન તણા પ્રતિપાળ,
જાડા શરીરે દીસે સુંદર, કિશોર મૂર્તિ છે મનોહર,
નિર્ગુણ નિષ્કામીને ઈન્દ્રીજીત, જેને જોતાં સહેજે થાય પ્રીત,
સૌના સ્વામીને સૌના કારણ-ધન્ય એવા મુનિ નારાયણ..
...ભાદરણ..

હરિ આંખ ફરે જેનું અંગ, તાપ ટાળી કરાવીને સંગ
ઓછા બોલાને અક્ષર સ્વરૂપ, કોટિ બ્રહ્માંડના વળી ભૂપ,
ઘણા મોંઘા થયા છે સુલભ, ઋષિ મુનિને પણ દુર્લભ,
અંબાલાલ લે છે ઓવારણ-ધન્ય એવા મુનિ નારાયણ
...ભાદરણ...

## ભજન (૨૯)

સંતો પ્રીત કરીને મારા પ્રભુજી પધાર્યા,
દયા લાવીને મારા દોષ નિવાર્યા-સંતો પ્રીત કરીને...
કુમ કુમ પુષ્પ વડે વધાવી લીધા,
ઊંચે આસને પછી બેસાડ્યા સીધા,
પાવલીયા પખાળીને પ્રેમથી પીધા
-સંતો પ્રીત કરીને મારા...

કંકુ લપેટ્યું ચરણાર્વિંદે અપાર,
હાર ને તોરા હરખે પહેરાવ્યા સાર,
ચાંદલિયો કરી ચિત કર્યું એક તાર
-સંતો પ્રીત કરીને મારા...

ધૂપદીપથી રૂડી આરતી ઉતારી,
ધારી ધારીને મેં તો મૂરતિ ધારી,



સુખની સેર્યો છૂટી ન્યારામાં ન્યારી
-સંતો પ્રીત કરીને મારા...

સનમુખ બેસી મેં તો સામુરે જોયું,
કોટિ જનમનું દુકરીત જોતામાં ખોયું,
પૂરવના બીજબળ વડે મનડું મોહ્યું
-સંતો પ્રીત કરીને મારા...

હાથે ઝાલીને મે તો હરિને હલાવ્યા,
પ્રેમી સેવકે પાક ઘણા બનાવ્યા,
કરગરી કહેતાં વાલો આસને આવ્યા,
-સંતો પ્રીત કરીને મારા...

ભાતભાતની મેં તો પીરસી રસોઇ,
મોહનજીની મૂરતિ જમતાં જોઇ,
જોતજોતામાં હાથ નાખ્યા છે ધોઇ-
સંતો પ્રીત કરીને મારા...

એલચીનો મુખવાસ આપ્યો, હાથે જ મારે
કૃપા કરી છે, આજ આવી આવારે,
બહાના કાઢ્યા રે વિના વાત કરી ભારે
સંતો પ્રીત કરીને મારા..

વાતોચિતોમાં વખત વિતવા લાગ્યો,
ખોયલા દિવસનો ખાંગો હવે જ ભાગ્યો,
મુનિના મહારાજનો ડંકોરે વાગ્યો
-સંતો પ્રીત કરીને મારા...

## ભજન (૩૦)

(રાગ : પાપ તારું પ્રકાશ જાડેજા ધરમ તારો સંભારે..)

આવો મુનિ મહારાજ પ્રભુજી આવો મુનિ મહારાજ રે
મંડળ લઈને આવજો નારાયણ - એમ સંતો કહેછે જી....
જોઉં તમારી વાટ પ્રભુજી, જોઉં તમારી વાટ રે
ઝટ સંદેશો કહાવજો નારાયણ-એમ સંતો કહેછે જી....
...આવો....

પૂરો અમારી આશ પ્રભુજી પૂરો અમારી આશ રે
રહોને અહીંયાં રાતડી નારાયણ - એમ સંતો કહેછે જી...
...આવો....

ધૂન મચાવો રાસ પ્રભુજી ધૂન મચાવો રાસ રે,
કરીએ વાલા વાતડી નારાયણ - એમ સંતો કહેછેજી....
...આવો...



હશે અમારા દોષ પ્રભુજી હશે અમારા દોષ રે
અંતર શાંતિ આપજો નારાયણ - એમ સંતો કહે છે જી..
...આવો...

રહે નિરંતર સુખ પ્રભુજી રહે નિરંતર સુખ રે,
કષ્ટ અમારા કાપજો નારાયણ - એમ સંતો કહેછે જી...
...આવો...

રહોને હરદમ પાસ પ્રભુજી રહોને હરદમ પાસ રે,
અમને બહુ સુખ થાય છે નારાયણ એમ સંતો કહેછે જી...
...આવો....

કરી અતિશય પ્યાર પ્રભુજી કરી અતિશય પ્યાર રે,
ઘાભાઈ હરિગુણ ગાય છે નારાયણ-એમ સંતો કહેછે જી...
...આવો...

## ભજન (૩૧)

હે મહારાજા મહેર કરીને આપો મૂરતિ તમારી રે,
બીજું તમારું ગમતું દેજો, પ્રસન્ન થઈ ગિરધારી રે...
...હે મહારાજા...

તમ વિના મને ગમતું નથી, જૂઠું જગને જાણું રે...
...હે મહારાજા...
ધ્યાન ભજન કરીને તમારું, અખંડ સુખડા માણું રે....
...હે મહારાજા...
શા માટે પ્રભુ વાર લગાડો, મૂરતિ આપી દોને રે...
...હે મહારાજા...
પાત્ર બનાવી હે મહારાજા, અખંડ હૃદયે રહોને રે...
...હે મહારાજા...
વહેલી મોડી કૃપા કરવી પડશે, મોહન મનમાં જાણોરે...
...હે મહારાજા...
સંત હરિજન થયા અધીરા, વાલમ ઉરમા આણો રે...
...હે મહારાજા...
તમે મળ્યાને સાધન સહુ પુરા, જય પુરુષોત્તમ સમરીયેરે...
...હે મહારાજા...
કલ્યાણ મારું થઈ રહ્યું છે, મૂરતિની ઈચ્છા કરીએ રે...
...હે મહારાજા...
ધીરજતા નથી રહેતી શામળિયા, સંત થયા છે અધીરા રે...
...હે મહારાજા...
પ્રસન્ન થાવો ને હે પરમેશ્વર, બેચરદાસના પ્યારા રે...
...હે મહારાજા...



## ભજન (૩૨)

(રાગ : મુખડાની માયા લાગી રે મને લાગી...)

તારી દિવ્ય મનોહર મૂર્તિનું હું નિશદિન ધરું છું હું ધ્યાન
...પુરુષોત્તમ હો...
તને મળતાં ભવનાં બંધન જાય, અક્ષરધામમાં જવાય...
...પુરુષોત્તમ હો...

માથે મુગટ ઝળહળ થાય, કાને કુંડળ શોભે અપાર,
ભાલે શોભે ચંદો લાલ- તેનું ધરું છું હું ધ્યાન...
...પુરુષોત્તમ હો...તારી....

પીળાં પીતાંબર પહેર્યા છે, જરકશી જામો જોયો છે,
વેઢ વીંટીને છે ઘડિયાળ - તેનું ધરું છું હું ધ્યાન..
...પુરુષોત્તમ હો... તારી...

હાર ગુલાબી પહેર્યા છે, હેમકડાં તારા હાથે છે,
પગમાં ઝાંઝરનો ઝમકાર-તેનું ધરું છું હું ધ્યાન
...પુરુષોત્તમ હો...તારી...

ચુનીભાઈ તારો સેવક છે, એક ભરોસો તારો છે,
શાહપુર શોભે સુંદીર શ્યામ, તેનું ધરું છું હું ધ્યાન
...પુરુષોત્તમ હો...તારી..

## ભજન (૩૩)

તારી મંગળકારી મૂર્તિનું હું અખંડ ધરું છું ધ્યાન
-...પુરુષોત્તમ હો...

તને ભજતાં મનોરથ પૂરા થાય મારા ત્રિવિધિ તાપ સમાય
...પુરુષોત્તમ હો...

માથે શોભે સુંદર વાળ,
કાળા ખીતલીયાળા રસાળ,
ભાલે શોભે ચંદો લાલ,
તેનું ધરું છું હું ધ્યાન.. ...પુરુષોત્તમ હો... તારી...
ભૃકુટી ભ્રમરે ઉપજે વા'લ,
પાંપણની જોઉં બંને હાર,
આંખલડીનો છે અણસારા,
તેનું ધરું છું હું ધ્યાન, ...પુરુષોત્તમ હો.....તારી....
નમણી નાશા જોતા વા'લ,
છે ટીબકડી જમણે ગાલ,
ગોળ રૂપાળું મુખડું લાલ,
તેનું ધરું છું હું ધ્યાન... ...પુરુષોત્તમ હો...તારી....



હોઠ અનુપમ આનંદ થાય,
દાઢી જોતા મન હરખાય,
મલક મલક મુખડું મલકાય,
તેનું ધરું છું હું ધ્યાન... ...પુરુષોત્તમ હો...તારી...

બાહુ બંને જોઈને વાર,
સ્તન ડીંટી જોઈ કાઢું કાળ,
સુંદર છાતી દીસે વિશાળ,
તેનું ધરું છું હું ધ્યાન... ...પુરુષોત્તમ હો... તારી...

પેટ છે પીપળ પાન સમાન,
નાભી નૌતમ ઊંડી અપાર,
મૂર્તિ મનોહર ભીને વાન,
તેનું ધરું છું હું ધ્યાન.. ...પુરુષોત્તમ હો...તારી...

જંઘા જાનુ જોઉં મારા નાથ,
પીંડી પાની જોતાં સનાથ,
મૂર્તિ અલૌકિક આવી હાથ,
તેનું ધરું છું હું ધ્યાન.. ...પુરુષોત્તમ હો.. તારી..

★★

## ભજન (૩૪)

તમે કૃપા કરી પ્રગટી મહારાજ,
મને આપો છો દરશન દાન -પુરુષોત્તમ હો...
તારા ચરણકમળનું ધ્યાન જ ધરતાં સુફળ થયો છે અવતાર -પુરુ..
માથે મુગટ ઝળહળ થાય, કાને કુંડળ શોભે અપાર
ભાલે શોભે કેસર આડ, પ્રભુ ચંદો તેમાં નિરખવા દો
નિરખવા દો ચંદો ભાલે, મને સાચો મળ્યો છે માલ...
...પુરુષોત્તમ હો...તમે....
હૈયે હાર ગુલાબી શોભે તનમનીએ મારું મનડું લોભે,
કનક કંઠી છે બહુ આજે હીલોળા ખાતી જોવા દો
જોવા દો મુજને કનક કંઠી, આનંદ નીત ઊભરાય
...પુરુષોત્તમ હો...તમે....
હેમકડાં પોંચી હાથે ઘોડા વેંઢ વીંટી જોવા કરું છું દોડા
હાથ છવાયો સોને મારી નજરો આગે રહેવા દો
રહેવા દો મારી નજરો આગે અખંડ ધરવા ધ્યાન
...પુરુષોત્તમ હો...તમે...
જરકશી જામો જીવન મારું મખમલ પાટલૂન ઉરમાં ધારું
હીરની નાડી હાલી રહી છે, મન મારું ત્યાં ગુંચાવા દો



ગુંચાવા દો ગોવિંદ હીરનાડી, તેમાં રહું છું ગુલતાન
...પુરુષોત્તમ હો...તમે....
મોજડી જોતાં મન મલકાય ઝાંઝર ઝમકે ઉર હરખાય...
ચાલ ચતુરાઈ ચાલો તેવા ગુણલા નિશદીન ગાવા દો
ગાવા દો મુજને ગુણલા તારા જીવન કરું છું કુરબાન.
...પુરુષોત્તમ હો...તમે....

## ભજન (૩૫)

જેના મુખમાં નારાયણ નામ નથી,
એવા દુરિજનોનું અહીં કામ નથી...
જેના રૂદિયે રાધેશ્યામ નથી,
તેને વૈકુંઠમાં વિશ્રામ નથી..જેના..
જેની સેવામાં સાળિંગરામ નથી,
એને માથે ગુરુજીની રહેમ નથી..જેના..
જેના ઘરમાં નીતિ ધર્મ નથી,
એને ખરા ખોટાની ખબર નથી..જેના..
જેને ભજન કીર્તનમાં ધ્યાન નથી,
તેને ઈશ્વરની ઓળખાણ નથી..જેના..

એવો પ્રભુજીને વ્હાલો હેમ નથી,
જેને પ્રભુ ભજ્યામાં પ્રેમ નથી...જેના...

## ભજન (૩૬)

પ્યારા પ્રભુ છે પ્યારી મૂરતિ રે લોલ,
પ્યારુ લાગે છે એનું મુખ જો,
પ્રીતમને નીરખું છું. પ્રેમથી રે લોલ...

ભાલ વિશાળ આકાશ ઊગતું રે લોલ,
ચંદો શોભે છે રવિ લાલ જો-,
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

લાલ ટીબકડી ગાલે શોભતી રે લોલ
મોહનનું મુખ લાલ ચોળજો
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

નયનો ચમકે છે મારા નાથના રે લોલ,
આકાશે ચમકે જેમ વીજ જો,
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

હૈયા હસે છે એના હાસ્યથી રે લોલ,
સુંદર દાડમ કળીશા દંત જો,
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...



સોનલવર્ણુ છે સૌમ્ય મુખડું રે લોલ,
નીરખતાં નીર ઉભરાય જો,
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

માથે મુગટ છે હીરે જડ્યો રે લોલ,
કલગી છે ચિતડાનો ચોર જો,
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

અંધારે ઉભરાય તારલા રે લોલ,
જામો ઝબુકે એણી પેર જો...
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

પટકુળ પહેર્યા છે કેસર રંગના રે લોલ,
કરવા કંઇ કેસર રંગ જો..
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

ઘડિયાળ કડા પહોંચી વીંટીઓ રે લોલ,
સોને મઢ્યા છે એના હાથ જો...
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

નેપુર ધર્યા છે એણે પાયમાં રે લોલ,
ચિતડાની ચોર એની ચાલ જો...
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

રાસ રમવાને આવી ઊભા રે લોલ,
ભક્તોના પ્રેમનું પ્રતીક જો..
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...
અક્ષરધામથી એ ઊતર્યા રે લોલ,
મારા હૈયે કર્યો વિશ્રામ જો...
પ્રીતમને નીરખું......પ્યારા પ્રભુ...

## ભજન (૩૭)

ચાલ મારી બેની ઓ પેલો હૈયાનો હાર...
રૂમઝૂમ કરતો ને મીઠું મીઠું ગાતો...
કંઠે ગુલાબ કેરો હાર-ચાલ મારી બેની...
ઓચિંતો આવે સખી મુજને બોલાવે,
રંગે રમાડે કરી પ્યાર-ચાલ મારી બેની...
રંગે રેલાતો નથી શરમાતો,
ચાલે છે ઠમ ઠમ ચાલ-ચાલ મારી બેની...
મોતીડાની માળા હાર રૂપાળા
અંગે આભૂષણ અપાર-ચાલ મારી બેની...
શાહપુર ગામે સખી અક્ષર ધામે
રૂડા તે રાસ રમાય-ચાલ મારી બેની...



શાહપુર ગામની કુંજ ગલનમાં,
સહસ્ર ગોપીને એક શ્યામ-ચાલ મારી બેની....
રાસ રમે છે ને લીલા કરે છે
આનંદ આનંદ અહો થાય-ચાલ મારી બેની..
મંદ મંદ હસતો ને પ્રેમ રસ પાતો,
નાચે છે થૈ થૈ કાર-ચાલ મારી બેની...
મોહ પમાડતો ને ચિત્ત ચોરી લેતો,
ઘેલી થઈ છે ગોપીનાર-ચાલ મારી બેની...
દરસન દેતો ને અમીરસ પાતો,
આપે છે સુખડા અપાર-ચાલ મારી બેની...
શેરીયોમાં જાઉ ત્યારે કેડે કેડે આવે,
નખરાં કરે છે નંદલાલ-ચાલ મારી બેન...
બેચરદાસનો સ્વામી શામળીયો
જોઇ જોઇને થઇ ન્યાલ...ચાલ મારી બેન...

## ભજન (૩૮)

(રાગ : નિત્ય નિત્ય હું તો માગુ રે તમારી ભક્તિ...)

નથી બીજા કોઈ એવા રે-તમારા જેવા
પુરુષોત્તમ એક તમે રે છો-જોયા જેવા

તોરાવાળી ટોપી પ્હેરી, ઉપર કલંગી ધારી,
કાને કુંડળ લટકાળા રે-છો જોયા જેવા... નથી બીજા....
ભાલ છે વિશાળ સારું લાલ ચાંદલો હું ધારું,
મુખડું રૂપાળું તારું રે-છો જોયા જેવા.. નથી બીજા....
કંઠમાં સોનાની માળા, ફૂલહાર પહેર્યા સારા,
અંગે છો ગુલાબી ગોરા રે-છો જોયા જેવા... નથી બીજા...
પીતાંબર શોભે સારા જરકશી જામા તારા,
બાજુબંધ બાંધનારા રે - છો જોયા જેવા...નથી બીજા....
હાથની આંગળી સારી દસ વેઢ રહ્યા ધારી,
મોતી પહોંચા પહેરનારારે-છો જોયા જેવા...નથી બીજા...
પાયમાં ઝાંઝર પહેરી, મોજડી સોનાની સારી,
ચમકતી ચાલ તારી રે-છો જોયા જેવા...નથી બીજા....
દાસ અરજન કહે છે ચરણોમાં શીશ દે છે
આશરાનું બળ લે છે રે - જો જોયા જેવા...નથી બીજા....

## ભજન (૩૯)

(રાગ : આસમાની રંગની ચુંદડી રે રંગ ચુંદડી..)

પ્રગટ પુરુષોત્તમની મૂરતિ રે, કેવી મૂરતિ રે,
કેવી મૂરતિ સોહાય.. મૂરતિ..



પહેરી પેચાળી પાઘડી રે, લાલ પાઘડી રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...
લટકે મઝાનું છોગલું રે, રાખ્યું છોગલુ રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...
ભાલે રૂપાળો ચાંદલો રે, ગોળ ચાંદલો રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...
અમૃત સરખી આંખડી રે, ઝગે આંખડી રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...
નમણી રૂપાળી નાસિકારે, રૂડી નાસિકારે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...
શોભે છે શ્યામનું મુખડું રે, ગોળ મુખડું રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...
દાઢી નિવારે બધા દોષને રે, બધા દોષને રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...
કાને કુંડળિયો શોભરી રે, ઘણો શોભતી રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...
કંઠે કનકના હારલા રે, રૂડા હારલા રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...

જામો જબુકતો પહેરીયોરે, જુઓ પહેરીયોરે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...

પીળું પીતાંબર શોભતું રે, ઘણું શોભતું રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...

ચરણે શોભે છે લાલ મોજડી રે, લાલ મોજડી રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...

ભક્તો હરિ ગુણ ગાય છે રે, ગુણ ગાય છે રે (૨)
...કેવી મૂરતી..પ્રગટ...

## ભજન (૪૦)

મારે પ્રભુજી પધાર્યા મારે આંગણે રે...
મારે ઉરે હરખ ના માય રે - પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મારે સહેજમાં સૂરજ ઊગિયો રે...
મારે મંદિરે પધાર્યા નારાયણ રે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મારે રુદિયામાં શીતળ થયું રે...
મારે ના રહી કોઈની જરૂર રે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મારે સોનાનો સૂરજ ઉગિયો રે...
મને મળિયા નારાયણ રે પ્રભુજી..પ્રભુજી પધાર્યા...



મારે ચિંતા હવે કાંઇ ના રહી રે...
મને મળિયા અક્ષરનાથ રે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મેં તો હિંડોળા ખાટ સજાવીયારે...
મેં તો સજાવ્યા વાલાને કાજ રે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મેં તો પાંચ પકવાન બનાવીયા રે...
મેં તો પ્રભુજીને જમવા કાજ રે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મેં તો પ્રભુજીને જમવા નોતર્યા રે...
મેં તો હેતે જમાડ્યા નારાયણ રે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મેં તો પાન સોપારી આપીયા રે...
મેં તો હરખે પહેરાવ્યા ફૂલહારરે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મેં તો હેતે સમૈયા કરીયારે...
મેં તો સુખ ભોગવ્યું અપાર રે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
મેં તો ફૂલેથી છાબ ભરાવિયારે...
મેં તો નારાયણને પૂજવા કાજ રે પ્રભુજી...પ્રભુજી પધાર્યા...
પ્રભુ દાસ વિઠ્ઠલની વિનતી રે...
વાલા પુરુષોત્તમ ભગવાનરે પ્રભુજી.......પ્રભુજી પધાર્યા...

## ભજન (૪૧)

(રાગ : વારે વારે તે જાઉં વારણે...)

આવ્યો દિવસ આનંદનો,
ચાલો ચાલો જઇએ પ્રભુને ઘેર રે,
ભક્તો હો મારા ભેગા મળીને આનંદ માણીએ...
અક્ષરધામના એ વાસી છે,
નામ છે એનું નારાયણરે-ભક્તો હો મારા...આવ્યો...
સંતો ગામે ગામના આવતા,
ભજવા વહાલા નારાયણરે--ભક્તો હો મારા..આવ્યો...
પ્રગટ વિના બધુ શૂન્ય છે,
પરોક્ષથી વળેના કંઇ કાજરે--ભક્તો હો મારા...આવ્યો..
સકળ સૃષ્ટિ ભૂલી પડી,
ઓળખાય છે આપણ સૌને આજ રે--ભક્તો હો મારા....
...આવ્યો..

આપણા ભાગ્યની સીમા ના રહી,
ફરો એના કેફમાં આઠે જામરે--ભક્તો હો મારા...આવ્યો...
કરવાનું બાકી કાંઇ ના રહ્યું,
સદા રાખો આવું ને આવું હેત રે-ભક્તો હો મારા..આવ્યો..



દાસ વિઠલની વાત સાંભળો,
લાગ્યો રંગ ધોયોના ધોવાય રે..ભક્તો હો માર..આવ્યો..

## ભજન (૪૨)

અક્ષરધામથી આવીયા રે,
મુનિ નારાયણ નામ મારા વાલા,
પુરુષોત્તમના લાલ મારા વાલા,,

મનુષ્ય દેહ ધારણ કર્યો રે,
કરવા સંતોના કાજ--મારા વાલા...અક્ષરધામ...
અક્ષરભુવન વસાવીયું રે,
સમૈયા ભરવા કાજ--મારા વાલા...અક્ષરધામ...
માથે તોરાવાળી ટોપી છે,
કલગીની શોભા અપાર--મારા વાલા...અક્ષરધામ...
કાને કુંડળ સોહામણા રે,
હૈયે હીરાના હાર--મારા વાલા...અક્ષરધામ...
જરકશી જામો પહેરીયોરે,
બંડી બુટ્ઠાદાર--મારા વાલા...અક્ષરધામ...
હાથે પહોંચી સોહામણી રે,
વેઢે વીંટીઓ અપાર--મારા વાલા...અક્ષરધામ...

પીળું પીતાંબર પહેરિયું રે,
ઝાંઝરનો ઝમકાર...મારા વાલા...અક્ષરધામ...
પાયે રાઠોડી રૂડી મોજડી રે,
ચાલે ચમકતી ચાલ...મારા વાલા...અક્ષરધામ...
કામક્રોધ લોભ મોહ ટાળજો રે,
ટાળજો ઈર્ષા માન...મારા વાલા...અક્ષરધામ...
દા'ડી દાડી દરશન દેજો રે,
વિનવે છે આ દાસ...મારા વાલા...અક્ષરધામ...

## ભજન (૪૩)

પ્રગટ્યા પ્રભુજી આજ-નારાયણ કુંજમાં
નારાયણ મુનિ મહારાજ-નારાયણ કુંજમાં
પ્રેમની દોરે પ્રભુ ખેંચાયા, ભાદરણ ધામને છોડીને આવ્યા
આવીને કીધો છે વાસ-નારાયણ કુંજમાં....પ્રગટ્યા...
સુંદર જાડા શરીર હતા જે,
પ્રભુજીએ આજ બદલ્યા છે પોતે
શોભે મૂરતિ કિશોર-નારાયણ કુંજમાં....પ્રગટ્યા...
ભક્તોની ઈચ્છા પૂરી કરવાને,
નારાયણ મુનિએ દયા કરીને,



ધાર્યો છે નવો અવતાર-નારાયણ કુંજમાં..... પ્રગટ્યા..
ભક્તો પોતાના સાચા હતા જે,
ખેંચ્યા પ્રભુએ કરી કળાને,
જામ્યો છે એવો જ રંગ-નારાયણ કુંજમાં...પ્રગટ્યા...
સાચા એ રંગને પાકો બનાવવા,
પ્યારા પ્રભુને અંતરે ધારવા
બેઠા છે પ્રભુજી પાટ-નારાયણ કુંજમાં......પ્રગટ્યા....

## ભજન (૪૪)

મને લગની લગાડી તમે કેવી-શામળા છોડું છોડાય ના,
મારા અંતરમાં આગશી ધખાવી.....
શામળા..છોડું ...છોડાય ના...
આઠે પહોર તારા સમરણમાં જાય છે,
નિત્ય નવું નવું એમ દેખાય છે,
મને છાંટી ભભૂતિ તમે કેવી,-
શામળા છોડુ છોડાય ના...લગની...
ઊંચા મને તારા સંસારને મહાલતો,
આખો દિવસ તારું ગાડુ ગબડાવતો,

મને લાગે છે રાતો રંગીલો,
શામળા છોડું છોડાયના...લગની...

મારી કટારી હવે શાને સંતાય છે,
ધીરેથી માર મારું હૈયું છેદાય છે,
તારા મુંખડામાં ઘેલી બનેલી....
શામળા છોડું છોડાયના...લગની...

ઘાયલને મારવામાં શાનો હરખાય છે,
પીડાતી કાયા તારો બાળક મૂંઝાય છે,
મન હસતું ને આંખો રડેલી...
શામળા છોડું છોડાયના...લગની...

## ભજન (૪૫)

મારા અંતરમાં હેત ઉભરાય-શ્યામ તને જોઈને,
મારા મનની મૂંઝવણ ટળી જાય શ્યામ તને જોઈને,
તારી મંગળ મૂરતિ તારી મંગળ કાયા
તારા શરણાની શ્યામ છે શીતળ છાયા
મારી જીભલડી ગુણ તારા ગાય
શ્યામ તને જોઈને.....મારા....

તારે મસ્તકે મુગટને મોરલી,



જાણે બોલે છે વનમાં કોયલડી,
મારી આંખલડી હસી હસી જાય...
શ્યામ તને જોઈને....મારા....

જેમ માને ભરૂંસે બાળક નાના,
તેમ તારે ભરૂંસે અમે સદા,
દુઃખી દિલડાને ઠરવાનું ઠામ,
શ્યામ તને જોઈને....મારા.....

## ભજન (૪૬)

તારી મૂરતિમાં ચિત્ત ચોટી જાય - હું તો જોઈ રહું...
જોત જોતામાં શુદ્ધબુદ્ધ જાય - હું તો જોઈ રહું..
તારો સુંદર જામો તારા નૌત્તમ કામો,
આવી ઊભો રહે છે નીત સામો સામો,
સામું જોતામાં સમાધિ થાય.હું તો જોઈ રહું.....તારી....
તારા રંગીલા હોઠ તારા ગુલાબી ગાલ,
શોભે કુમ કુમ ચાંદલીઓ તારે ભાલ,
મુખ મરકલડે ભૂલું છું ભાન-હું તો જોઈ રહું....તારી....
ચિત ચોરે છે તારી આંખલડી,

ઘનઘટામાં થાય જેમ વિજલડી,
મારું હૈયું વિંધીને ચાલી જાય-હું તો જોઇ રહું....તારી...
તારે હૈયે છે હાર પહેર્યા પીળા અંબર,
આખી આલમનું સુખ આવે એની અંદર,
છમ્મક છમ્મકતી છે તારી ચાલ-હું તો જોઇ રહું...તારી...
તારી અપાર દયા પ્રભુ ફરી મળ્યા,
તારી દયાથી અમે માયા તર્યા,
તને અંતરમાં નાથ હંમેશ-હું તો જોઇ રહું....તારી....

## ભજન (૪૭)

(રાગ : ખમ્મા મારા નંદજાના લાલ....)

પ્રભુ મને તારો આધાર-મારા જીવનમાં
એક ઘડી તું ના ભુલાય-મારા જીવનમાં
હરઘડી હરપળ તમને સંભારું,
મનોહર મૂરતિ હૈયામાં ધારું,
એક રહેજો તારો રણકાર-મારા જીવનમા....પ્રભુ મને....
બાળક જાણીને વાલા દર્શન આપો,
પુરુષોત્તમ પ્રભુ તારા ચરણોમાં રાખો,
અંત ઘડી રહેજો મારી પાસ-મારા જીવનમાં...પ્રભુ મને..



ભજન કીર્તન તારું કરું હું ભાવથી,
પાસે રહો પ્યારા પ્રભુજી પ્રેમથી,
જાણું તારો મહિમા અપાર-મારા જીવનમા...પ્રભુ મને...
સંસારમાં હરિ તું એક સાર છે,
નિર્મળ પ્રેમ તારો જીવન સાર છે,
તું છે મારો તારણહાર-મારા જીવનમાં...પ્રભુ મને...
દાસ ચુનીભાઇના સ્વામી શામળિયા,
કૃપા કરીને પ્રભુ પ્રગટ મળિયા,
તમને જોવાની આશ-મારા જીવનમાં.....પ્રભુ મને...

## ભજન (૪૮)

(રાગ : રૂમઝુમ કરતા આવો પુરુષોત્તમ...)

સંતના લાડકડા કહેવાયા-પુરુષોત્તમ દિલ હરનારા
મુક્ત હૃદયમાં સમાયા-પુરુષોત્તમ દિલ હરનારા....
અલબેલું અંગ તારું આનંદ ઉપજાવતું,
નખરાં કરીને મારું હૈયું હરખાવતું,
ધન્ય રૂપાળી ધરી કાયા-પુરુષોત્તમ દિલ હરનારા....
...સંતના.....

માથે કાળા કાળા વાંકડીયા વાળ છે,
બ્રહ્મ તેજે ભરેલું ગૌર કપોળ છે,
ચાંદલિયે મનડાં મોહ્યાં,-
-પુરુષોત્તમ દિલ હરનારા.....સંતના.....

કામણ ભરેલી કાળી સુંદર આંખ છે,
ધીરેથી મલકાતું રૂપાળું મુખ છે,
નાશાએ દિલડા દોરાયા,-
-પુરુષોત્તમ દિલ હરનારા....સંતના.....

લાલી સહિત લાલ રંગીલા હોઠ છે,
આડા આંકાવાળો સુંવાળો કંઠ છે,
છાતીએ કાળજા કોરાયાં.-
-પુરુષોત્તમ દિલ હરનારા....સંતના....

સૂંઢ સરીખા બે બાહુ ચપળ છે,
નાભી ઉંડી પાસે ત્રિવળી વળ છે,
તરવરીયા તનથી તણાયા,
પુરુષોત્તમ દિલ હરનારા....સંતના.....

મોટા ઉદર નીચે કટિ કઠણ છે,
જંઘા સાથળને ગોળ ઘૂંટણ છે,
ચાલ જોઇ ચિતડાં ચોરાયાં,-
-પુરુષોત્તમ દિલ હરનારા....સંતના.....



સોળ ચિહ્નવાળા કોમળ પાય છે,
મૂરતિ ધારે તેની રક્ષા એ થાય છે,
નારણના નાથ કહેવાયા..
પુરુષોત્તમ દિલ હરનારા....સંતના..

◎

## ભજન (૪૯)

જયશ્રી પુરુષોત્તમ જયશ્રી મુનિ, પુરુષોત્તમ મુનિરાય નમઃ
ભાદરણ ગામ સુંદર ધામ-જયશ્રી પુરુષોત્તમ.......
મુનિ નારાયણ લાલ પુરુષોત્તમ-જયશ્રી મુનિ.......
ઉભય રૂપ છે પૂર્ણ પુરુષોત્તમ પુરુષોત્તમ મુનિ.......
મોર મુગટ સોહે પુરુષોત્તમને જયશ્રી પુરુષોત્તમ,
જરીની પાઘને કલગી સાથ જય શ્રી મુનિ,
તોરા લટકે બંને પાસ-પુરુષોત્તમ મુનિરાય નમઃ
ભાલ વિશાળને ચંદો લાલ-જયશ્રી પુરુષોત્તમ,
કેસર આડથી શોભિત ભાલ-જયશ્રી મુનિ
સાથે ઊગ્યા સૂરજ સોમ....પુરુષોત્તમ મુનિરાય નમઃ...
નમણી નાશા ને શુકની ચાંચ..જયશ્રી પુરુષોત્તમ
નિર્મળ નાસાને મંગળ શ્વાસ-જયશ્રી મુનિ

ભક્તજનોના પ્રાણ આધાર- પુરુષોત્તમ મુનિરાય નમઃ....
તીરછી નજરને કટાક્ષ બાણ-જયશ્રી પુરુષોત્તમ
અધ ખુલ્લા નયનોને નેહ અપાર-જયશ્રી મુનિ,
ભ્રકુટી શોભે શ્યામ કમાન પુરુષોત્તમ મુનિરાય નમઃ...
કાને કુંડળ છેલ કડીઓ-જયશ્રી પુરુષોત્તમ,
મકરાકર કુંડળ મનોહર-જયશ્રી મુનિ
ઝુમખાના રણકે મન લોભાય-પુરુષોત્તમ-મુનિરાય નમઃ..
હોઠ અનુપમ રસના વાચાળ-જયશ્રી પુરુષોત્તમ,
પુષ્ટ હોઠમાં મુનિ મૌન-જયશ્રી મુનિ..
વાણી વદે તો વચનામૃત-પુરુષોત્તમ મુનિરાય નમઃ..
કોમળ કંઠમાં ફુલના હાર - જયશ્રી પુરુષોત્તમ,
ગોળ ગ્રીવામાં વૈજન્તીમાળ-જયશ્રી મુનિ
ઉતરિયો શોભે અપરંપાર-પુરુષોત્તમ મુનિરાય નમઃ
હેમ કડાંને વેઢવીંટીઓ-જયશ્રી પુરુષોત્તમ,
ઘડિયાળ પહોંચીને બાજુબંધ-જયશ્રી મુનિ
હાથ પ્રસારી દે આશિષ - પુરુષોત્તમ મુનિરાય નમઃ
કેડે કંદોરાને ઘુઘરિયાળાળ- જયશ્રી પુરુષોતમ,
કમરબંધમાં નંગ જડેલા-જયશ્રી મુનિ



શેલુ કસીને ઊભા કરવા કામ-પુરષોત્તમ મુનિરાય નમઃ
પીળું પીતાંબર સોનેરી કોર-જયશ્રી પુરુષોત્તમ,
જરીના જામાને હીરની નાડ-જયશ્રી મુનિ
સજીને ઊભા સોળે શણગાર-પુરુષોત્તમ મુનિરાય નમઃ
ઝપાટે ચાલે ને ઝાંઝર ઝમકે - જયશ્રી પુરુષોત્તમ,
ધીમી ચાલ ને ઘુઘરી ઘમકે-જયશ્રી મુનિ
દોડી ને આવે ભરવા બાથ-પુરુષોત્તમ મુનિરાય નમઃ
અવતારના અવતારી પુરુષોત્તમ-જયશ્રી પુરુષોત્તમ
મુનિ નારાયણને વંદન હજાર-જયશ્રી મુનિ
ઉભય દર્શનથી પાવન થવાય-પુરુષોત્તમ મુનિરાય નમઃ

## ભજન (૫૦)

રાગ : જેના મુખમાં નારાયણ નામ નથી..

પ્રેમી પુરુષોત્તમને મનથી વરું,
વળી એવા પ્રભુજીને ઉરમાં ધારું....
સ્વામી અક્ષરપતિનું ચિંતવન કરું,
મહામુનિ નારાયણનું મનન કરું...પ્રેમી....
સાકાર દ્વિભુજને વહાલ કરું,
દિવ્ય મૂરતિનું રુદિયે પાન કરું....પ્રેમી....

એના અંગ ઉપાંગનું ધ્યાન ધરું,
મારા સમરથ સ્વામીનું સ્મરણ કરું...પ્રેમી....
એની નખશીખ મૂરતિ હૃદય માંહી,
અન્ય દેવ દેવીનું સ્થાન નહિ...પ્રેમી....
દાસ નારણનો સંગાથી ખરો,
ઘટઘટમાં રહ્યો છે તેથી ડરો...પ્રેમી....

## ભજન (૫૧)

(રાગ : જમવાને આવો વાલા કરું હું તો...)

નારાયણ મુનિ રે-લાગો મને પ્યારા પ્યારા...
મૂરતિ મન માની રે-લાગો મને પ્યારા પ્યારા...
સુંદર શરીર જાદુ વાલા, લાગે છે રૂપાળુ વાલા,
હરખે નિહાળુ રે-લાગો મને પ્યારા પ્યારા.. નારાયણ..
ટોપી પહેરી તોરાવાળી, તેમાં કલગી શોભે ધોળી,
રૂડી ભાતવાળી રે લાગો મને પ્યારા પ્યારા..નારાયણ....
ચાંદલિયો ભાલમાં રાતો, આંખમા અંજાઈ જાતો,
ચિત ચોરી લેતો રે - લાગો મને પ્યારા પ્યારા..નારાયણ...



નયણે તારું જાદુ ભર્યું, ત્યાં તો મારું મન હરીયું,
કારજ એવું કરીયું રે - લાગો મને પ્યારા પ્યારા...
....નારાયણ....
કાને કુંડળ ઝગમગે, જડેલા એ મોતી નંગે,
જોવું છું ઉમંગે રે-લાગો મને પ્યારા પ્યારા...નારાયણ....
કાને કુંડળ ઝગમગે, જડેલા એ મોત નંગે,
જોવું છું ઉમંગે રે-લાગો મને પ્યારા પ્યારા...નારાયણ....
નાક તારું સ્નેહ ભર્યું, મુખડે કમાલ કર્યું;
સુખ તેમાં ભર્યું રે-લાગો મને પ્યારા પ્યારા...નારાયણ...
કંઠમાં છે ફૂલના હારો, બંડીમાં છે સોનાના તારો,
જામાનાં ઝબકારો રે-લાગો મને પ્યારા પ્યારા...નારાયણ..
હાથ તો છવાયો સોને વેઢ ને વીંટીઓ જોને,
જોઉં છું લટકાને રે-લાગો મને પ્યારા પ્યારા...નારાયણ..
પીતાંબર પહેર્યું છે પીળું, કસુંબલ કોર વાળું,
વાગે ઝાંઝર જોડ્યું રે-લાગો મને પ્યારા...નારાયણ....
મોજડીએ મન મોહ્યું, ગોરધનભાઈએ નીરખી જોયું,
હૈયાનું ભાન ખોયું રે-લાગો મને પ્યારા...નારાયણ....

## ભજન (૫૨)

(રાગ : મારું મનડું મન મોહનમાં મને...)

મને લગની લાગી સુંદરની,
બીજી વાત ના ગમે રે અવરની,
બની પુરણ પુરુષોત્તમની,
-બીજી વાત ના ગમે રે અવરની....

રમતાં જમતાં પ્રભુને નિહાળું,
ચેષ્ટાઓ કરતાં વાલાને ભાળું,
કરી સાચી સગાઈ હરિવરની,
-બીજી વાત ના ગમે....મને લગની....

મુખડું મલકતું પ્રીતમજીનું જોવું,
નયણાંને વાલાના નયણામાં પ્રોવું,
પ્રભુ નાડીઓ ખેંચી શરીરની,
-બીજી વાત ના ગમે....મને લગની....

નખશીખ મૂર્તિનો ઘૂંટડો હું પીવું,
અલબેલાના અધર વેણે જીવું,
બની પ્રેમની પ્યાસી પ્રિતમની,
બીજી વાત ના ગમે....મને લગની....



નયણાની વૃત્તિએ વાલમ નાચે છે,
મટકે મટકે આવે છે પાસે,
હેતે નિરખે નેણ નારણની,
-બીજી વાત ના ગમે....મને લગની....

## ભજન (૫૩)

ધર્મકુંવર શ્રીકૃષ્ણ તમે ભક્તપતિ ભગવાન..-
...એ વર માગું છું...

દયાનિધિ તમે દાસને નિત્ય આપો છો એ દાન..
...એ વર માગું છું....

નિર્વિકલ્પ ઉત્તમ અતિ એવું નિશ્ચે નાથ તમારું..
...એ વર માગું છું...

અલબેલા તમ આગળે હું અરજ કરું એ સારું..
...એ વર માગું છું...

મહાત્મજ્ઞાને સહિત હરિ એવી એકાંતિક જે ભક્તિ..-
...એ વર માગું છું...

ચિત રહો તમ ચરણમાં, બીજે રહો સદા વિરક્તિ..-
...એ વર માગું છું...

હુંમાં તમારું ભક્તપણું, હરિ એમાં કોઈ પ્રકાર..
...એ વર માગું છું...
દોષ ન રહે કોઈ જાતનો એ આપો ધર્મકુમાર..-
...એ વર માગું છું...
તમારા કોઈ ભક્તનો મારે દ્રોહ ક્યારે નવ થાય-
...એ વર માગું છું....
સંગ એકાંતિક ભક્તનો મને નિત્ય આપો મુનિરાય
...એ વર માગું છું....
દાસ તમારા દાસનો મને રાખો નાથ હજુર
...એ વર માગું છું....
પ્રેમાનંદની વિનંતી સાંભળજો શ્યામ જરૂર
...એ વર માગું છું....

## ભજન (૫૪)

મારા વાલા રે-મૂરતિ તારી રૂપાળી
જોઈ જોઈ મેં મનમાં ઉતારી...
મારા વાલા રે કૃપા સિંધુ તમે લાલાં,
તમે લાગો છો અમને બહુ વાલા...



જામો ઝબૂકતો જરીયાની શોભતો,
ચંદો ભલે ઘણો સુંદર ઓપ તો..ઓ મારા વાલા રે..
શિર પર સુંદર ઝીંક ભરી ટોપી,
તેની માંહી ભાઈ કલગી બહું ઓપી..
...ઓ મારા વાલારે....
મૂરતિ સંભારું વાલા મારા મનમાં,
આવી ઊભા રહો વાલા મારા તનમાં..
...ઓ મારા વાલા રે...
દાસ વિઠલની અરજી સુણજો,
ગાંડું ઘેલું બોલું વાલા માફ મને કરજો,
...ઓ મારા વાલા રે...

## ભજન (૫૫)

(રાગ : જેના મુખમાં નારાયણનું નામ નથી....)
મારા રૂદિયે વસ્યા પુરુષોત્તમ હરિ-
...તેની મૂરતિ જોઉ હું ફરી રે ફરી...
લાલ કુમ કુમ ભાલે ચંદો કીધો,
ભાત ભર્યો મુગટ માથે મૂકી દીધો,

જેણે ગોરા ગોરા ગાલમાં ટીબકડી કરી
...તેની મૂરતિ....મારા...

જેના સરીખું બ્રહ્માંડોમાં મુખ નથી,
એના તેજને દેવાની ઉપમા નથી,

જેની નાસામાં નમણી નાજુકતા ભરી-
...તેની મૂરતિ... મારા....

રૂડી કોમળ હથેળી છે લાલમડી,
દસ વેઢો હિરાના નંગે જડી

જેને મીઠું મીઠું હસવાની ટેવ પડી,
...તેની મૂરતિ...મારા....

ભાત ભર્યો જામો લાલ શોભે ઘણો,
કેડે કંદોરો પહેર્યો છે ચાંદી તણો,

જેને પીતાંબર કિનારીમાં જરી ભરી-
...તેની મૂરતિ....મારા...

સોના તારથી ચળકતી મોજડી જડી,
જુવે નારણ ઝાંઝરને ઘડી રે ઘડી,

સંત સેવામાં રાખો બુદ્ધિ નિરમળ કરી,
...તેની મૂરતિ...મારા...



## ભજન (૫૬)

(રાગ : તમે મારા થયા હું તમારો થયો નંદલાલા..)

તારી ભક્તિ કરું, મૂરતિ દિલે ધરું, પ્રગટ પ્યારા,
ક્યારે થાય રાજીપો તમારો....

કરજોડી માગું, પ્રીતે પાયે લાગુ પ્રગટ પ્યારા,
ક્યારે થાય રાજીપો તમારો...

ક્યારે દર્શન તમારા થાય, જન્મ-મરણના દુઃખ મટી જાય,
અખંડ શરણું આપો, ભવનું દુઃખ કાપો, પ્રગટ પ્યારા,
....ક્યારે થાય....તારી....

સાચા સંતોનો થાશે સંગ, અમને લાગે તમારો રંગ,
તારા જપીએ જાપ, ટળે ત્રિવિધિ તાપ, પ્રગટ પ્યારા,
....ક્યારે થાય....તારી....

અમને ભરુંસો છે એક તમારો,
વાલા બતાવો મુક્તિનો કિનારો,
વચન આપો એવું છૂટે જગનું દેવું પ્રગટ પ્યારા,
....ક્યારે થાય....તારી....

કરો આશા અંતરની પૂરી, અમને વાલા ના દેજો વિસારી,
આત્મા ગાંડો ઘેલો ભવમાં પડ્યો ભૂલો પ્રગટ પ્યારા,
....ક્યારે થાય....તારી....

દૃઢ નિશ્ચય થાય તમારો, ખરો મુદ્દો આ છે અમારો,
માનવ ભાવ ટળે, સાચો માલ મળે, પ્રગટ પ્યારા,
....ક્યારે થાય....તારી....

દાસ ગોરધનભાઈના સ્વામી, તમે સરવેના અંતરયામી,
અક્ષરધામના ધામી, મારી ભાગો ભવની ખામી,
પ્રગટ પ્યારા.......ક્યારે થાય....તારી....

## ભજન (૫૭)

મારે મંદિરે પધાર્યા શ્યામ થઈ બડભાગી
મારે હરિવર સાથે હેતશું લગની લાગી

મારા મનની પુરી હામ કૃતારથ કીધી
ભવ બૂડતા મારી બાંય ગ્રહીને લીધી

મારા મનમાં વસીયા માવ તાપ સહુ ટાળ્યા
મુને મગન કરી મહારાજ ભાદ્રપુર ચાલ્યા



આ સુખની શી કહું વાત કહી નથી જાતી
આ સુખ સંભરતાં આજ ઠરે છે મારે છાતી

મને કરવું ન સૂઝે કામ કહો કેમ કરીએ
જબ મીલે જો પુરુષોત્તમ ઠામ ત્યાં ઠરીએ

કહે યોગાનંદ મુનિરાય ભજી લ્યો પ્રીતે
નહીં આવે જમના દૂત શાસ્ત્રની રીતે

## પદ-૨

એમ પૂછે સુખાનંદ સંત લોજની વાવે
જોઈ વરણીજીનું રૂપ અતિ મન ભાવે

છો રત્ન સરીખા બાળ ઉંમર છે થોડી
કેમ આવ્યા વરણી વેશ કુટુંબને છોડી

કોણ માત તાતને જાત જણાવો પ્યારા
કોણ ગામ ઠામને નામ જીવનજી મારા

તમે સારંગ રામની સેવા ગળામાં ધારી
ગળે ગુટકો છે ગુણવંત અતિ સુખકારી

કર માળા મૃગ ચર્મ કટારી શોભે
જોઈ વરણીજીનું રૂપ અતિ મન લોભે

તમે સાચું કહોને શ્યામ આમ કેમ કીધું
અમને છે એ જ ઉચાટ આ દુ:ખ કોણે કીધું

તમે પધારોને પુરની માય દયા ઉર આણી
તમ આવે દીનાનાથ થાય સુખકારી

આ ગામમાં એક વસે રામાનંદ સ્વામી
મુક્તાનંદ મહાબળવંત અંતરના જામી

કહે યોગાનંદ મુનિરાય કરૂણા કીજે
તમ મૂરતિ શ્રી મહારાજ અંતરમાં રીઝે

## ભજન (૫૮)

(રાગ : તારો ચટક રંગીલો છેડલો અલબોલે રે...)

છબી આનંદકારી શોભતી-વનમાળી રે,
પ્રભુ તારા વિના નથી હાલ-મૂરતિ રૂપાળી રે,
ટોપી બહુ મૂલી કલગી ફાંકડી-વનમાળી રે,
શોભે બે બાજુ તોરલાની હાર-મૂરતિ રૂપાળી રે...છબી...
કાળી ભ્રમર બનાવી વાંકડી- વનમાળી રે,
રૂડાં પાંપણિયાં આંખ અણીદાર-મૂરતિ રૂપાળી રે...છબી...



કાને કુંડળ ગાલે ટીબકડી-વનમાળી રે,
કુમુકુમ વાળુ ભાલ વિશાળ-મૂરતિ રૂપાળી રે...છબી....
હોઠ બીડ્યા કમળની પાંખડી-વનમાળી રે,
મુખ મલકાતું વારંવાર- મૂરતિ રૂપાળી રે...છબી....
ખભે શેલાની કોર છે પીતડી-વનમાળી રે,
જામો જળકંતો બુટ્ટાદાર -મૂરતિ રૂપાળી રે...છબી....
વેઢ સોને મઢેલી આંગળી-વનમાળી રે,
હાથે બાજુ પહોંચીને ઘડિયાળ-મૂરતિ રૂપાળી રે...છબી....
પાયે તોડા ઝાંઝરને પાવડી વાનમાળી રે,
નારણના હૈયે રમનાર મૂરતિ રૂપાળી રે...છબી....

## ભજન (૫૯)

વચનામૃત વાલાના રે સૂણવા ગોપ ગોપી આવે,
જ્ઞાન અલૌકિક ગિરિધરવરનું સૌને મન ભાવે,
શિક્ષાપત્રી મુક્તની વાંચી અર્થો સમજાવે,
અર્ધાંગનાનો અર્થ કરીને મર્મો બતાવે...વચનામૃત...
છોગલિયું તારું છેલારે મારા અંતરમાં અટકે,
પૈઠણ ઉપર છોગલિયું છે તે મનમાં ખટકે...વચનામૃત...

યમનિયામાદિ સાધન વિના સમાધિ આવે,
છોગલિયું તેને જાણવું ભાઈ મનડાં લલચવો...વચનામૃત...
મન વાણીને કર્મથી સંતો હરિ સન્મુખ જોવું,
મોટામાં મોટું સુખ છે એ તો શા માટે ખોવું...વચનામૃત...
મોળુ પડે છે જગ સુખ જાણો હરિનું સુખ આવે,
આવ્યા વિના કેમ મોળુ થયું તે કારણ બતલાવે..વચનામૃત.
પાપ અનંત પ્રકારના તેમાં મોટું તે શું છે,
હરિ વિના બીજે ઠેકાણે હેત કરે છે તે...વચનામૃત...
વચનામૃત છેલ્લા પ્રકરણનું સત્તરનું સમજો,
મૃગનું બાળક ભર્તને ભારે વિઘ્ન કરે ડરજો...વચનામૃત...

## ભજન (૬૦)

(રાગ : હરિ વિના વાણુ ના વાય રે ઓધવ...)

પ્રાણ જીવનજીની મૂરતિ રૂપાળી,
પુરુષોત્તમ પળ ના ભુલાય-બીજુ ના જોવાય રહો..ઉરમાં..
મોતી તોરા સાથે મુગટ પહેર્યા,
કલગીએ મન લલચાય - બીજુ ના જોવાય રહો ઉરમાં...
...પ્રાણ....



કુંડળ ધાર્યા છે વાલે નંગ જડેલા,
ચાંદલિયે ચિતડુ ચોરાય-બીજુ ના જોવાય રહો ઉરમાં...
...પ્રાણ....

ગોરા ગોરા ગાલમાંહી ટપકું મઝાનું,
મલકાતુ મુખડું જોવાય-બીજુ ના જોવાય રહો ઉરમાં....
...પ્રાણ....

હાર પહેર્યા છે વાલે ફૂલ ને કનકનાં,
જોઉં રૂમાલ કરમાં સદાય-બીજું ના જોવાય રહો ઉરમાં..
...પ્રાણ....

બાજુ કાજુ ઘડિયાળ પહોંચી વેઢ વીંટીઓ,
જામો જોતાં આંખડી અંજાય-બીજુ ના જોવાય રહો ઉરમાં..
...પ્રાણ....

પાયે પહેરી પાવડીને મખમલ મોજડીઓ,
ઝીણા સુરે ઝાઝર ઝણકાય-બીજુ ના જોવાય રહો ઉરમાં...
...પ્રાણ....

નારણ માગે છે અખંડ શરણું તમારું,,
રહો મારી વૃત્તિ સદાય- બીજુ ના જોવાય રહો ઉરમાં...
...પ્રાણ....

## ભજન (૬૧)

રાગ : તમે મીઠું બોલીને મન મારું લીધું રે...

તમે પ્રગટ થયા છો આપે - હો ભાદરણ ગામ વાસી
બધી દુનિયા નામ તારુ જપે - હો ભાદરણ ગામ વાસી
તમે લીધો શામળિયો વેશ - હો ભાદરણ ગામ વાસી
તમે પાવન કર્યો આ દેશ - હો ભાદરણ ગામ વાસી
તમે થયા ભક્તોના બેલી - હો ભાદરણ ગામ વાસી
તારી ગોપીઓ થઈ છે ઘેલી - હો ભાદરણ ગામ વાસી
તારી મૂરતિ લાગે છે પ્યારી - હો ભાદરણ ગામ વાસી
તમે રીત ચલાવી ન્યારી - હો ભાદરણ ગામ વાસી
તમે રંગડાની રેલ મચાવી - હો ભાદરણ ગામ વાસી
તારી ભક્તિ અમોને ભાવી - હો ભાદરણ ગામ વાસી
તમે બતાવી પ્રેમની ચાવી - હો ભાદરણ ગામ વાસી
તમે સોનાના શણગાર પહેર્યા - હો ભાદરણ ગામ વાસી
ઘણા ભક્તોના મનડા હર્યા. - હો ભાદરણ ગામ વાસી
તમે રાસ રૂડા રમાડ્યા - હો ભાદરણ ગામ વાસી
દાસ ગોરધનભાઈને મળ્યા - હો ભાદરણ ગામ વાસી



## ભજન (૬૨)

(રાગ : વાલો કે'દાડાનો ઘેલો ઘેલો ફરતો તો....)

મોંઘેરો અવસર આવ્યો છે
સંતો મુનિ શતાબ્દી ઊજવે છે
આ જીવનમાં નહિ આવે ફરીવાર-અવસર આવ્યો છે....

વૈશાખ સુદી આઠમને મંગળવાર છે
મંગળપ્રભાતે મોસાળ વીરસદ ગામે
જન્મ ધર્યો શ્રી નારાયણ-અવસર આવ્યો છે...

રૂડું ભાદરણ અક્ષરધામ છે
પિતા પુરુષોત્તમ નામ છે
માતા રૂપાળીબા ભાગ્યવાન-અવસર આવ્યો છે...

શતાબ્દી મહોત્સ્વ બે દિવસનો છે
વૈશાખ સુદી ચૌદશ પુનમ છે
સંવત બેહજાર ઓગણપચ્ચાસની સાલ-અવસર આવ્યો છે..
ગામે ગામના ભક્તો આવે છે
સવડ પ્રમાણે સેવાઓ કરે છે
તમે લઈ લોને આ લ્હાવ-અવસર આવ્યો છે....

મુનિ ~~[illegible]~~ લાભામૃત છપાવ્યાં છે
ફોટા ભાદરણ મંદિરના લગાવ્યા છે
મુનિ પુરુષોત્તમની સાથ-અવસર આવ્યો છે....
પુરુષોત્તમ સત્સંગ મંડળ ચાલે છે
પ્રગટ ડાહ્યાભાઈ ભગવાન બિરાજે છે
રૂડા બાકરોલ ગામ મોઝાર-અવસર આવ્યો છે....
આ અવસરનો લાભ અમૂલો છે
સુવર્ણ અક્ષરે લખાયેલો છે
તમે ચૂકશો નહિ આ તક-અવસર આવ્યો છે...
બાળક કરજોડીને વિનવે છે
તારી નિષ્કામ ભક્તિ કરવી છે
તમે દયા કરો દીનાનાથ-અવસર આવ્યો છે....

## ભજન (૬૩)

(રાગ : મલકાતી આવે મૂરતિ...)

પુરુષોત્તમ આવ્યા આંગણે
તમે નીરખો એને વ્હાલ કરી
એની મંગળ મૂરતિ શોભે રે-નીરખો એને...



જોવા જેવું છે એક મુખલડું
નીરખતાં જાયે દુઃખલડું
ભવોભવનું આપે સુખડુંરે-નીરખો એને વ્હાલ કરી...
પ્રભુ ભજતાં પરલોકનું સુખ મળે
સાચી ભક્તિથી આલોકનું દુઃખ ટળે
નિષ્કામ ભક્તિની આ રીત રે-નીરખો એને વ્હાલ કરી...
વાલો સામે બેઠા છે એમ ધારી લો
એના અંગ ઉપાંગનું ચિંતવન કરો
પછી અંતરમાં ઉતારો રે-નીરખો એને વ્હાલ કરી...
આઠુ જામ એનું મનન કરો
ના દેખાય તો પણ ધાર્યા કરો
પ્રગટ મળ્યા છે જોગ અમૂલો રે-નીરખો એને વ્હાલ કરી...
જેણે જોયા નથી તે સૂણી લો
ફોટામાં દેખાય તે સામે બેઠા છે
પ્રભુનું મુખારવિંદ તમે જોજો રે-નીરખો એને વ્હાલ કરી...
વાલો અક્ષરધામથી આવ્યા છે
સાથે મુક્ત મંડળ લાવ્યા છે
એ તો ભક્તોને સુખડા દેવા રે-નીરખો એને વ્હાલ કરી...

## ભજન (૬૪)

પ્રભુ તારા મુખડાની માયા લાગી રે
વાલા તારા મુખડાની માયા લાગી રે
માયા રે લાગીને પ્રીતિ રે જાગી, ઊંઘ આળસને ત્યાગી રે
કુંજમાં આવો ભાવ કરીને
ભજવા શ્યામ મોરારી રે - પ્રભુ તારા...

કળિયુગમાં અવતાર તમારો
આશરો મુજને તારો રે
પ્યારા પ્રભુજી કૃપા કરીને
મુજ ઘેર પ્રેમે પધારો રે-પ્રભુ તારા...

ભેદ ભરેલી દુનિયા તમારી
મૂરતિ તમારી સંભારું રે
હરનિશ વાલા આગે રહેજો
દર્શન પ્રેમથી દેજો રે-પ્રભુ તારા...

શાહપુર ગામમાં મંદિર શોભે,
વિશાળ સુંદર સારા રે
સંસારીયાની માયા પ્રભુજી
તારી સહાયે ખારી રે-પ્રભુ તારા...



પટેલ કુળે પ્રભુજી પ્રગટ્યા
શાહપુર ગામ મોઝાર રે
નારાયણ મુનિની સેવા કરીને
પ્રભુ પદવી તમે લીધી રે-પ્રભુ તારા...

સમૈયા મધ્યે સંતોના મંડળ,
આવે હજારો હજાર રે,
સર્વે ઉપર રાજી રહેજો
વિઠ્ઠલના શ્યામ મોરારી રે-પ્રભુ તારા...

## ભજન (૬૫)

(રાગ : નગરી નગરી દ્વારે દ્વારે)

ગલીએ ગલીએ બંસી વાગી તારી રે કનૈયા
બંસી સૂરે બાવરી થઈ હું, આવી રે શામળિયા-ગલીએ...

તે તો મારું ચિતડું ચોર્યું, બંસીના રણકારમાં (૨)
અડધી રાતે કેમ બોલાવી, ગોકુળના ગામડિયા-ગલીએ..

શાને તું વગાડે કાના, મીઠી રે મોરલીયાં (૨)
વનવગડામાં પંખી જાગ્યા, બોલેરે કોયલિયા (૨)
સાડીનું તો ભાન હું ભૂલી, પહેરી મેં કામળીયા-ગલીએ...

છોડી દે તુ છેડલો મારો, હસે છે તારલીયા (૨)
માતા મારી લડશે મુજને, ફૂટશે રે ગાગરિયા (૨)
વીજળી ચમકારા થાયે, વરસે છે વાદળિયા-ગલીએ...

તારા વિના કાના મારું, કોઇ નથી સંસારમાં(૨)
ડગમગ ડોલે નૈયા મારી, દરિયાના મઝધારમાં (૨)
પ્રીત કરીને ના તરછોડો, ભક્તોના શામળિયા-ગલીએ...

## ભજન (૬૬)

(રાગ : રેલગાડી આવી...)

નારાયણ મુનિ આવ્યા, સંતોને સાથ લાવ્યા,
જુઓને મારા ભક્તો નારાયણમુનિ આવ્યા.....

બારેજા ગામે આવ્યા, ભક્તોને મન ભાવ્યા,
જુઓને મારા ભક્તો નારાયણમુનિ આવ્યા.....

પ્રભુજી આવો છાના, કરું છું ઘણાં વાના
ફરો છો કેમ સૂના, તમે તો પ્રભુ જુના
જુઓને મારા ભક્તો નારાયણમુનિ આવ્યા.....



પકવાન જમાડું ઉના, ગાદલાં બિછાવું રૂના,
થઈને આવો નાના, તમે છો બહુ દાના,
જુઓને મારા ભક્તો નારાયણમુનિ આવ્યા.....

પ્રીતે પધારો કાના, વિઠ્ઠલના સ્વામી શાણા
જુઓને મારા ભક્તો નારાયણમુનિ આવ્યા.....

## ભજન (૬૭)

(રાગ : લેવું નારાયણનું નામ તાળી...)

રૂડું નારાયણનું મુખ નીરખી ભાવે ભાવે લે
પ્યારું પ્રીતમજીનું મુખ-નીરખી ભાવે ભાવે લે-
માથે મુગટ કલગી તોરા
ગાલ ગુલાબી છે બે ગોરા
સુંદર નૌતમ પ્રભુનું નાક-નીરખી ભાવે...
આંખો શોભે છે અણિયાળી,
દાઢી સુંદર છે સુવાળી
રાતા સુંદર હોઠ સુદંત-નીરખી ભાવે...
હૈયે શોભે છે હાર હજારી
બંડી બુટ્ટાદાર રૂપાળી,
રૂડા ઘડિયાળ પહોંચી હાથ-નીરખી ભાવે...

પાટલી પહોળી સુંદર સારી
ધોતી રેશમી લાલ ગુલાબી
પાયે ઝાંઝરનો ઝણકાર-નીરખી ભાવે..

મૂરતિ માવાની મરમાળી,
નખશીખ નીરખી આજ રૂપાળી,
હરખે હરખે હૈયે ધાર-નીરખી ભાવે....

## છડી

એ.....સોને કી છડી, રૂપે કી મશાલ, શિર પર મુગટ,
તોરા કલગી સાથ, કાને કુંડળ, ભાલે ચાંદલો લાલ,
મુખારવિંદ મલક મલક, મોતીડાની માળાવાળા,
બાંયે બાજુબંધ પહેરનારા, પહોંચી ઘડિયાળ,
દશ વેઢવાળા, જરીયાની બંડીને જામાવાળા,
કેડે જરકશી શેલાવાળા, ઝાંઝર ઝણકાવતા,
પાયે પાવડીવાળા સૌ સંતોના શિરતાજ
એવા અક્ષરધામના અધિપતિ
શ્રી પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને ઘણી ખમ્મા હો....






શ્રી ડાહ્યાભાઈ મહારાજ મંદિર શ્રી પુરુષોત્તમ નિવાસ
બાકરોલ